કુમાર


માગશર ૧૯૮૫



અંક ૬૦

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર રાવળ



વાડી

ચિત્રકાર : ચન્દ્રવદન ભટ્ટ



કુમાર

માગશર ૧૯૮૫

અંક ૬૦

ચેતવણી

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.


જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડ્યા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ઉતરતી ભરતીએ
ચિત્રકાર : કનુ દેસાઇ

કુમાર
આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રકાશ ને પ્રેરણાનું માસિક
વર્ષ ૫ ——— માગશર : ૧૯૮૫ ——— અંક ૧૨

મશાલને અજવાળે

વીજકડાકે આભ તુટે સમ વીરની હાકલ થાતી,
દિશદિશની રણભેરી રણનાં ગીત ગુલાબી ગાતીઃ
'શૂરા, ઘર કોતર છોડો,
સુની ધરતી ઢંઢોળો.'

卐

કસકસતી કમ્મર બાંધો, લ્યો ભમ્મર ભાલા હાથે,
તીખી તેજ કટારો વીંઝી ગરજો અણુનમ માથેઃ
'જય વરશું કે પરહરશું,
ડગલું પાછું નહિ ભરશું.'

卐

સુરજ ઝુંકે, વાયુ કંપે, ધરતી ઝણુણુણ ધ્રુજે,
શૂરાના શોણિતે રણની તરસી રેણુ ભીંજે;
ભાવિની ઉજળી ભીંતો,
રણનાં ગીતે રંગી દો.

卐

શોણિત છાંટી આભ ભરો નમતી સંધ્યાને ટાણે,
દિશાઓ અજવાળો જગની મશાલને અજવાળે;
ખંખેરી જડતા હરખે,
પ્રજળો ચેતનના તણખેઃ

(મળેલું)



આજ દેશ આખામાં રાષ્ટ્રીયતાનો જ નાદ સંભળાય છે. લાલાજીના મૃત્યુનું કારણ પ્રજાના નેતાઓને ધુંધવી રહ્યું છે. યુવકવીર જવાહરલાલ નેહરૂ દેશના જુવાનોને જાગૃતિનો પડકાર આપી ભયંકરતા ને દુઃખની આગમાં પડવાનો સંદેશ પાઠવી રહ્યા છે. Live dangerously એ તેમનો મંત્ર છે. ભીષણ જીવન ધારણ કરો: બસ, બીજું કંઇ નહિ.

આ ભીષણ જીવનની કલ્પનામાં માત્ર જેલ, તોપ, બંદુકના ત્રાસનો સામનો કરવાનો જ નિશાનો નથી; પણ હિંદની પ્રગતિમાં બાધાકારી દરેક વસ્તુની સામે કટ્ટર થઇને—ભયંકર બનીને ઝુઝવાનું ને ખતમ થતાં સુધી કામ આપવાનું જીગર તૈયાર કરો એવો પણ સ્પષ્ટ ધ્વનિ છે.

સ્વરાજ્યનો પંથ મખમલથી બિછાવેલો નથી પ્રજાના પ્રત્યેક જીવની એ એક જ ઝંખના બની રહે, એકેએક ભારતવાસીને ગુલામીનો ત્રાસ અસહ્ય લાગતો હોય તો તેણે ‘ભીષણતાનું જીવન’ જીવવા તૈયાર થવું જ પડશે. કોઇ આપણા વતી લડી લેશે અને આપણને સુખશય્યામાં તેનાં મીઠાં ફળ આપશે એ આશા વ્યર્થ છે. અંગ્રેજો અહીં આવીને લડયા ને દેશનો ભોગવટો પામ્યા. હજુ પણ હિંદુસ્તાનને ચોમેરના વાઘો ને મગરો ગળવાને મોં ફાડી ઉભા છે. તે વખતે કદિક અંગ્રેજો હિંદુસ્તાન છોડી ચાલ્યા જાય તો હિંદુસ્તાન શું કરી શકશે તેનાં વિચાર ને તૈયારી પણ હિંદુસ્તાને કરી રાખવાં જોઇએ.

આજે તો આપણે સ્વતંત્રતાનો કે સામર્થ્યનો એકાદો પ્રયોગ કરતાં પણ થથરીએ છીએ. શંકાઓ, સ્વાર્થ અને દંભ આપણને ગભરાવે છે. આપણે ‘ભીષણતાના અનુભવો’ શી રીતે પામીશું? વીરહાકનો આલ્હાદક વિક્ષેપ ને ઉચ્છવાસ કેવાં હશે તેની વાત પણ આપણે શી રીતે કરીએ? આપણને નોકરી ગુમાવી બેસવાનો ડર હોય છે; સર્ટિફિકેટો કે ડિપ્લોમા ઝુંટવાઇ જવાની બીકે આપણાં સ્વમાન અને પ્રતિષ્ઠા ધુળમાં રોળાવા દઇએ છીએ; આપણે અનેક બહેન દીકરીઓને સમાજની ભઠ્ઠીમાં હોમાઇ જતી અને જળતી નજરે જોઇએ છીએ, પણ તેમને બચાવવા માટે એક સુધારાનો અમલ કરવા કે કરાવવા જતાં મોં સંતાડીએ છીએ; ગાળો, નામોશી, ઠપકા ને બહિષ્કારની બીકો આપણને નીચું મોં કરાવી દે છે; આપણા ધંધા, ખેતી અને હક્કો ડુબાવનારી અમલદારીઓ સુખે ભોગવવા આપણે આગળ આવીએ છીએ; કારીગરી અને ગરીબોની રોજીનો નાશ કરતા વેપારો ઉજળે મોઢે ધુમ ચલાવીએ છીએ. શી રીતે આપણે ભીષણતાને આવકાર આપવાના હતા? ભીષણતા વહોરી બેઠેલાનો સંગ કરતાં પણ ડરીએ છીએ; તેમને દીવાના—બેવકૂફ માનીએ છીએ; તેમની ટીકાઓ કરવામાં આનંદ પામીએ છીએ; સ્વેચ્છાએ ગરીબીની ઝોળી લઇ નીકળેલા આપણા વીર બંધુઓનો આપણે આદર પણ કરી શકતા નથી; તેમના કામમાં પાછળથી પણ હાથ આપી શકતા નથી. ભીષણતાની આગે ભેટ માંડવાની પણ આપણામાંના કેટલામાં હામ છે?

આપણને મોટા કહેવડાવવાની ખોટી લાલસાઓ વળગી છે; આપણને કારકીર્દિની લગનીઓ લાગી છે; બેત્રણ પેઢી સુધી ચાલે એટલું ધન સંઘરવાની ઉમેદ છે; વ્યવહારમાં સૌની સરસા સારા થવાનો લ્હાવ લેવો છે;—આ બધા વિચારોનો ધુમાડો કરી શી રીતે આપણે ભીષણતાને નોતરવાના હતા? અન્યાય અને જુલમની સામે કેમ કરી થવાના હતા? ભીષણતાના જીવનના ઉમેદવારો માટે તો ઘણું કામ પડયું છે. બંદુકની ગોળીઓ જેવી જ આ બીજી આફતોની સામે થવાનો મંત્ર એ ‘ભીષણતાના જીવન’નો ચંદ્રક છે.

કોઈ પણ જીવતો દેશ આ ચંદ્રક ધારણ કર્યા વિના સ્વતંત્રતાનો દાવો કરી શકતો નથી. ગુલામીની સાંકળો પહેરી ફરનારા એ ચંદ્રકની જ્યોતિ સામે આંખ પણ માંડી શકતા નથી. એ સાંકળો પહેરી રાખીને પછી મહાન થવાની ઉમેદ એ બેવકૂફનાં સ્વપ્નો જેવી છે. મહાન તો તે જ છે, જે કોઈપણ જોખમે એ સાંકળોના બંધ તોડવા મથી રહ્યા છે. એ સાંકળો તોડનારાને ભીષણતાની ભેખડે જ ઉભા રહી જીવવાનું હોય છે; મરીને અમર થવાની જ લગની હોય છે.

આજ ભીષણતાનું હાસ્ય ભારતની મશ્કરી કરે છે. ભારતના યુવકે શરીરની તાકાત મેળવી છે? વ્યવસ્થા રાખવાની તાલીમ પામ્યો છે? નારીસન્માન ને સંરક્ષણનું વ્રત લીધું છે? દેશનેતાઓનાં અપમાનના ઘા તેના જીગર સુધી પહોંચ્યા છે? આસપાસની સૃષ્ટિમાંથી ભારતીય ગૌરવની નિશાનીઓ લુપ્ત થતી જોઇ પ્રાયશ્ચિત રૂપે સ્વદેશી વસ્તુઓ વાપરવાનો સંકલ્પ કર્યો છે? અજ્ઞાન અને અશિક્ષિત દેશબાંધવોને જ્ઞાનપ્રકાશ આપવા, તેમનાં દુઃખોમાં ભાગીદાર થવા ને બની શકે તેટલાં તે ફેડવાના નિશ્ચયો કર્યા છે? ક્રિયા અને સ્વાશ્રયની તાલીમ લીધી છે? માથે લીધેલા કામને કોઈ પણ ત્યાગ ને જોખમથી ટકાવી રાખવાનું મનોબળ મેળવ્યું છે? ‘ભીષણતાનાં વ્રત’ માત્ર યુદ્ધક્ષેત્ર માટે જ નથી. સંસારના દરેક વ્યવહારમાં ‘પુરુષ’ પદનું તેજ આવા ‘ભીષણતાના સાથી’માં જ ચમકે છે; બીજા બધા મૂક પશુ જીવન જ જીવે છે.



સ્કેચ — કનુ દેસાઈ

શ્રી કાલેલકરની વિચારકલિકા

સાહિત્યનું ધ્યેય

સાહિત્ય બુદ્ધિને પ્રગલ્ભ કરે છે, લાગણીઓને સૂક્ષ્મ બનાવે છે, અનુભવને પીંજીને વિશદ કરે છે, ધર્મબુદ્ધિને જાગૃત કરે છે, હૃદયની વેદના વ્યક્ત કરે છે, સમભાવ કેળવે છે અને આનંદને સ્થાયી કરે છે. સાહિત્યને હું મારી ઇષ્ટદેવતા ગણતો નથી. સાહિત્યને સાધન તરીકે જ સ્વીકારૂં છું; અને એ સાધન તરીકે જ રહે એમ ઈચ્છું પણ છું. તુલસીદાસના મનમાં હનુમાન પ્રત્યે આદર હતો, પણ એની નિષ્ઠા તો શ્રી રામચંદ્ર પ્રત્યે જ હતી. તેવી રીતે આપણી ઉપાસના જીવનની જ હોય. સાહિત્ય એ જીવન રૂપી પ્રભુની સેવા કરનાર અનન્યનિષ્ઠ ભક્તને ઠેકાણે શોભે. સાહિત્યને એનું પોષણ સાહિત્યમાંથી નહિ પણ જીવન-માંથી, માણસના પુરુષાર્થમાંથી મળવું જોઇએ. સાહિત્યમાંથી જ પોષણ મેળવનાર સાહિત્ય કૃત્રિમ છે; તે આપણને આગળ ન લઈ જઈ શકે.

માણસના વિચારો ભાવનાઓ, લાગણીઓ અથવા લાગણી પ્રધાન અનુભવો બીજા આગળ અસરકારક રીતે વ્યક્ત કરવાની શક્તિ જે વસ્તુમાં છે તે સાહિત્ય; જેનામાં લાગણીઓ પર અનાયાસે અસર પાડવાની શક્તિ છે તે સાહિત્ય.

શીયળની જેમ જ્યાં સાહિત્ય સચવાય છે ત્યાં જીવન પવિત્ર, પ્રસન્ન અને પુરુષાર્થી થવાનું જ. ઉચ્ચારશુદ્ધિ, જોડણીની શુદ્ધિ, વ્યાકરણશુદ્ધિ વગેરે પ્રાથમિક વસ્તુથી માંડીને સાહિત્યના હરેક અંગપ્રત્યંગમાં શુદ્ધિનો આગ્રહ હોવો જોઇએ. માત્ર એમાં કૃત્રિમતા ન આવે, વરણાગીપણું ન આવે, દંભ ન આવે, કર્મકાંડ ન આવે. નિર્વ્યાજ મુગ્ધતા એ શુદ્ધિનું એક પાસું છે અને સંસ્કારિતા એ બીજું પાસું છે. બંને રીતે શુદ્ધિ જળવાય.

સુંદરતા સાહિત્યનું ભૂષણ છે, પણ સાહિત્યનું સર્વસ્વ નથી. સાહિત્યનું સર્વસ્વ, સાહિત્યનો પ્રાણ ઓજસ્વિતા છે, વિક્રમશીલતા છે, સત્ત્વવૃદ્ધિ છે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પૌરુષ વધારવામાંજ સાહિત્યની ઉન્નતિ રહેલી છે.

માનસિક આનંદ, સમાધાન, મુંઝવણ અથવા વ્યથા પ્રગટ કરવાની—શબ્દબદ્ધ કરવાની માણસમાં જે સહજ વૃત્તિ છે તેમાંથી સાહિત્યનો ઉદ્‌ગમ છે. ગાયન સાથે જેમ તંબુરાનો ધ્વનિ તાન પુર્યાં જ કરે છે તેમ સાહિત્યના તમામ વિસ્તારમાં પ્રજાહિત-પ્રજાકલ્યાણનો સૂર કાયમ રહેવો જોઇએ. જે કંઈ એનાથી વિસંવાદી હોય તે સંગીત નથી, પણ કોલાહલ છે; તે સાહિત્ય નથી, પણ માનસિક ઝેર છે.

卐

સામાજિક વ્યવહારમાં આપણે ગમે તે માણસને ઘરમાં પેસવા નથી દેતા. ચોર, શઠ, પિશુન, ભુજંગની કોટિના લોકોને આપણે ઉંબરાની અંદર પગ મુકવા નથી દેતા. સાહિત્ય ઉપર પણ આપણી એવી ચોકી હોવી જોઇએ; અને તે આપણી પોતાની જ હોવી જોઇએ.

卐

સાચા સાહિત્યની નિર્મિતિ પ્રજાના પુરુષાર્થનું જ ફળ છે. સાહિત્યની ઉન્નતિ પ્રજાની ઉન્નતિ સાથે જ થાય છે. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.

ઈજનેરી આશ્ચર્યો સરજી દુનિયાને દંગ કરનાર સમર્થ એન્જીનિયર

જહૉન ફ્રૅંક સ્ટિવન્સ

પોતાની યશરેખા સમા ઉજ્જ્વલ, રેલવેના પોલાદી પાટાઓની ચમકતી રેખાઓ વડે અમેરિકાના ભૂમિપ્રદેશને અંકિત કરનાર વ્યવહારૂ સ્વપ્નદ્રષ્ટા જેમ્સ હિલનું નામ અમેરિકાની પ્રતિભાશાળી વ્યક્તિઓમાં મોખરે પ્રકાશે છે.

કાચું સોનું પાકે તેવો અદ્દ્ભુત રસકસવંતો યુનાઇટેડ સ્ટેટ્સનો ઉત્તર સરહદનો પ્રદેશ અત્યાર સુધી લોકોમાં બહુ જ થોડો જાણીતો હતો. એ સ્વપ્નદર્શીની દક્ષબુદ્ધિએ બુટ્ટો ઉઠાવ્યો કે ત્યાં જો રેલવે નાખી શકાય તો પોતાના બાંધવોને વસવા એક નવી જ ભૂમિ તૈયાર થાય. આ દેશહિતકારી વિચારે તે પ્રોત્સાહિત થઇ ઉઠ્યો. તેની દૃષ્ટિ આગળ એ અફાટ પ્રદેશમાં વિસ્તરેલી ભાવિ વસાહતનું રમણીય સ્વપ્ન રમી રહ્યું.



રૉકી અને કાસ્કેડની પ્રચંડ પર્વતમાળાઓને વીંધીને માર્ગ કાઢનાર અને ત્યાં રેલવેના પાટા પાથરવાનું દુર્ઘટ કાર્ય પાર પાડનાર સામર્થ્યમૂર્તિ સ્ટિવન્સનું વિરાટકાય પુતળું. આજે એ પર્વતના ઉંચા શિખર પર પોતાની એ યશોજ્જ્વલ કૃતિ પર નજર નાખતું ઉભું છે. પડખે જ ૭૨ વર્ષની વયનો વૃદ્ધ સ્ટિવન્સ પોતાની જુવાનીની મહેનતનો વિજયપ્રસાદ અનુભવતો ઉભો છે.

હિલનું એ મહા સ્વપ્ન હતું: સાગરના ક્ષણિક તરંગ જેવું અસ્થિર નહિ, પણ પૃથ્વીના નગતરંગ સમું એ ભવ્ય ને ચિરંજીવ હતું. જેટલું એ ભવ્ય હતું તેટલું જ સફળ કરવું કપરૂં હતું. પણ એની પાછળ એનો જોમભર્યો આત્મા ધબકતો હતો. એ એકલો સ્વપ્નદ્રષ્ટા—ખ્યાલી આદર્શવાદી નહિ, પણ કલ્પેલી મનોસૃષ્ટિને સાક્ષાત ખડી કરવાનું સામર્થ્ય ધરાવનાર વ્યહારકુશળ પુરુષ હતો.

એ સ્વપ્નને સજીવ કરવાનું તેણે ક્યારનું શરૂ કરી દીધું હતું. સુપીરિયર સરોવરથી હાવ્રે નગર સુધી તો તેણે રેલના પાટા પાથરી દીધા હતા. પરંતુ હવે પંથ વિકટ હતો. કામનો સૌથી ભયંકર, કસોટી કરે એવો ભાગ હવે આવ્યો. રૉકી અને કાસ્કેડ પર્વતોની ભીષણ શિખરમાળાઓ વચ્ચે થઇ સમુદ્ર સુધી રેલવેના પાટા હવે પાથરવાના હતા. પાતાળઊંડી ખાઇઓ, જાણે આકાશની ડાળ અદ્ધર તોળાઈ રહી હોય તેવા પર્વતો, ધોધબંધ વહેતાં જળવાળી નદીઓ અને ડગલું મુકવા જેટલો યે માર્ગ ન મળે તેવાં ગીચ જંગલો: એ

સૌ વચ્ચે થઇને રેલવે સડક બાંધવાનું એ સાહસકાર્ય મહા વિકટ હતું. તેની હીમતે સહેજ લચક ખાધી; તેનો ઉત્સાહ સહેજ મંદ પડ્યો.

પણ પોતાની અણનમ આત્મશ્રદ્ધાથી તે પાછો સતેજ થઇ ઉઠ્યો. દોઢ હજાર માઇલ સુધી વેરાન પડેલા ઘાસના બીડમાં રેલવે પાથરવાની યોજના પોતે શરૂ કરી ત્યારે લોકો પોતાને ક્યાં નહોતા હસતા? આ એના કરતાં વિકટ કાર્ય હતું: પ્રચંડ પર્વતમાળાઓ ને ઘાડાં જંગલો વીંધી તથા ભયંકર ખીણો ઉપર પુલો બાંધી પાટા પાથરવાનું. પરંતુ એક પાર પડ્યું તો બીજું કેમ ન થાય? તેને જરૂર હતી માત્ર પોતાના જ જેવા કોઇ સમોવડિયા જોડીદારની; પોતાના જેવાં ભવ્ય સ્વપ્ન સેવી શકે એવા કલ્પના–સંગાથીની; અને તે પાર પાડી શકે તેવા સાહસિક પ્રાણ, અડગ નિશ્ચયબળ અને વેધક બુદ્ધિપ્રતિભાવાળા સમર્થ સાથીની.

અને પોતાનો આ મનોરથ સિદ્ધ કરી શકે એવો એક જુવાન પણ મહાપ્રાણ એન્જિનિયર હિલની વિશાળ દૃષ્ટિએ તારવી કાઢ્યો. એ આપણી આ નાનકડી ચરિત્રરેખાનો નાયક જૉન ફ્રૅંક સ્ટિવન્સ.

અમેરિકન પ્રજા એને પોતાના દેશના એક સમર્થ માર્ગશોધક (Path-finder–પગદંડી પાડનાર) તરીકે ગર્વથી વધાવે છે. યુગો થયાં અણવીંધ્યો ને ગીચવેરાન પડેલો ભીષણ રૉકી પર્વતોનો છાતી કંપાવી નાખે એવો એ પ્રદેશ વીંધીને પાર જવાની કોઈ માનવીપુત્રની હામ ચાલતી નહોતી. પાતાળઉંડી ખીણો અને જટાજૂથ વૃક્ષોની ઝાડીથી ભરેલાં જંગલોનાં જંગલો અનંત વર્ષોથી પોતાનાં શરીર પર ધારણ કરીને ઉભેલા રૉકીઝ અને કાસ્કેડની એ ગગનચુંબી ગિરિમાળાઓ પર, લોહી થીજાવી નાખે એવી ઠંડી અને બરફના ઢગનો સદા વાસ હતો. એ પ્રદેશના મુળ વતની રેડ ઇંડિયનોના ભલભલા પાણીદાર જુવાનો પણ એ પર્વતમાળા પર ડગ દેવાની ભાગ્યે જ હીમત કરતા. આપણા ચરિત્રનાયક જુવાન અમેરિકન સ્ટિવન્સે એ વણવીંધ્યા પ્રદેશની આરપાર પ્રથમ પગલાં માંડી પહેલી પગદંડી પાડી, એટલું જ નહિ પણ તેની આરપાર રેલવેના ચકચકિત પાટાઓ પાથરી જગતને આશ્ચર્યમૂક કરી દીધું.

એ માર્ગ પોતે કેવી રીતે એકલપંડે શોધ્યો તેની રોમાંચકારી રસપૂર્ણ કહાણી એણે જાતે જ એક વાર કહી છે. એ જણાવે છે: 'સુપીરિયર સરોવરથી હાવ્રે નગર સુધી તો રસ્તો નખાયો, પણ અહીંથી પર્વતમાળાઓ શરૂ થતી હતી. માઇલોની લંબાઈ સુધી, ક્ષિતિજરેખાને રોકીને ઉભેલી એ કરાળ ગિરિમાળામાંથી જવાને એક પણ સીધો રસ્તો જાણમાં નહોતો. માત્ર ત્યાંના વતનીઓએ પાડેલી છુટીછવાઇ પગદંડીઓ હતી. આવી એક સાંકડી પગદંડી અમારા મુકામથી સવાસો માઇલ નૈઋત્યમાં થઇ લાંબો ચકરાવો લઈ જતી હતી. પણ એ માર્ગે રેલવે નાખતાં ખર્ચનો પાર રહેતો નહોતો; અને પર્વતસોંસરો કોઇ સીધો ટુંકો રસ્તો છે જ નહિ એવી પાકી ખાતરી ન થાય ત્યાં સુધી એવો નકામો ખર્ચ કરવાની મિ. હિલની ઇચ્છા ન હતી.

અહીંથી શરૂ થતો એ પહાડી પ્રદેશ રેડ ઇંડિયનોથી વસેલો હતો; ને આગળ જતાં રોકીઝની સૌથી ઉંચી શિખરમાળાઓ આગળ તો જીવલેણ ગણાતા ક્રૂર બ્લૅકફીટ ઇંડિયનો રહેતા. પણ માર્ગ તો શોધવો જ રહ્યો. મેં એકલે હાથે એ સાહસ ખેડવાનો નિરધાર કર્યો અને સન્મુખ ઉભેલા એ ભયંકર–મનોહર ગિરિરાજને પાર કરવા હું નીકળી પડ્યો.'

સફર માંડતાંની સાથે એણે ઇંડિયનો સાથે દોસ્તી બાંધી અને એમનાં ટોળાંઓમાં ભટકી ભટકી કોઇ જુની પગદંડી હોય તો તે જાણવાના પ્રયત્ન કરવા માંડ્યા. વાતવાતમાં તેણે જાણી લીધું કે પોતે શોધતો'તો એવો એક સાંકડો માર્ગ મેરિયાસ નદીના મુળ આગળ થઇને જાય છે એવી જુના કાળથી ચાલી આવેલી એક દંતકથા છે. પણ એમણે એને ચેતવ્યો કે એ રસ્તે ભયંકર ભુતાવળનો વાસ છે, અને ત્યાં ગએલો કાળા માથાનો માનવી કોઇ જીવતો પાછો ફર્યો નથી. એ જશે તો એના પણ એવા જ હાલ થવાના.

પણ મોતનાં દાંતિયાં કચકચાવતું એ બિહામણું ભાવિ સ્ટિવન્સને ડારવામાં નિષ્ફળ નીવડ્યું. એ ઉપડ્યો ત્યારે શિયાળો બેસી ગયો હતો અને એ ઠંડા પ્રદેશની મુસાફરી હવે વધારે કાતિલ થવાની હતી; પરંતુ એણે તો અડગ નિરધાર કરી નાખ્યો હતો. ગમે તેવી આફતથી પણ એ આદર્યું અધુરૂં મુકવાનો ન હતો. અને જેમજેમ બારીકીથી તે એ ભૂમિનાં વલણ તપાસતો ગયો અને ઝરાઓની પ્રવાહદિશા નીરખતો ગયો તેમતેમ એની ખાતરી થતી ગઇ કે એ ગેબી ગિરિમાળાઓમાં ક્યાંક

ને ક્યાંક પણ જોઇતો રસ્તો જરૂર મળવાનો.

મધ્ય ડિસેમ્બરનો દિવસ હતો. દઝાડી નાખે એવી જીવલેણ ઠંડી પડતી હતી. થર્મોમીટરનો પારો ૦ નીચે ૪૦ ડિગ્રીએ જઈ ઠર્યો હતો. સ્ટિવન્સના ખડતલ ગરમ ઝભ્ભા ને ટોપી સોંસરવો ઠંડીએ પ્રવેશ કર્યો. તેનું શરીર કંપવા માંડ્યું. ચૈતન્ય ઓસરી જતું લાગ્યું. પણ એનો આત્મા અડગ હતો. યત્ન ને આશા એનાં સાથીદાર હતાં.

અને પછી આગળનું વર્ણન કરતાં એ જણાવે છેઃ 'રૉકીઝના શિખરથી ૪૦ માઇલે આવેલી બ્લૅકફીટ ઇંડિયનોની એક વસાહત આગળ મેં મુકામ નાખ્યો, અને ભોમિયા તરીકે સાથે કોઇ રેડ ઇંડિયનને લેવાના ઇરાદાથી તેમને ભોળવવા લાલચ આપવા માંડી. પણ કોઈ પલળ્યો નહિ. અંતે, ખુનના ગુનાહ માટે પોતાના જાતિભાઇઓએ હાંકી કાઢેલા એક કાલિસ્પેલ ઇંડિયનને મહામહેનતે હું ગાળી શક્યો અને સારી લાલચ આપી સાથે લીધો.'

પરંતુ દોઢ જ દહાડાની મુસાફરીમાં એની હીમત ખુટી પડી અને બરફથી ઢંકાએલા એ લપસણા ભયંકર ઢોળાવો પર આગળ ડગ દેવાની સાફ ના પાડી પાછો ફર્યો.

'પણ' સ્ટિવન્સ કહે છે કે 'હું કોને ના પાડું એમ હતું? હું તો નીકળ્યો ત્યારથી જ મૃત્યુની જોડે હોડ બકીને નીકળ્યો હતો. મારે પાછું ફરવું પોસાય એમ ન હતું. એને પડતો મુકી, હીમતથી છાતી બીડાવી, દાંત પીસી હું આગળ ધપ્યો.

પાંચપાંચ ફુટ ઉંડા બરફ ખેડતો, વચ્ચે પડેલાં મોટાં તોતીંગ ઝાડનાં થડના ઢગલાના ઢગલા વટાવતો અને કાચ જેવા લીસા, લપસણા ને ભીંત સરખા સીધા ભયંકર ઢોળાવો ઉતરતો, એ મૃત્યુ સમા કારમા પર્વતને વીંધતો હું આગળ ચાલ્યો. અનેકવાર હું જીંદગી લગભગ ગુમાવી બેસવાની અણીપર આવી ગએલો. એમ જ થાય કે હું ગયો! પણ મારો નિશ્ચય અડગ હતો. કાળાંતે પણ હું પાછો તો ફરવાનો જ નહોતો. મારો આત્મા ઉચ્ચારી રહ્યો હતો કે રસ્તો છે–ખસુસ છે જ.

અને અંતે, એ ગિરિમાળના ઉંડા પેટાળમાં અનેક જીવલેણ અથડામણો પછી એ પગદંડી મને લાધી. બરાબર ખાતરી કરવા હું તેના પર ઠેઠ સુધી નજર નાખી આવ્યો. એ માર્ગે રેલવે લાઈન આરપાર કેવી રીતે લઈ જઈ શકાશે તેની પણ તપાસ કરી લીધી.

પાછા ફરતાં, શિખરે પહોંચ્યો ત્યારે અંધારૂં ઘોર થઇ ગયું ને હું એક ડગલું પણ આગળ દઇ શકું એમ ન રહ્યું. થીજાવીને પત્થર બનાવી મુકે એવી કારમી ઠંડી જાણે જુલમ ગુજારી રહી હતી. શરીરમાં ઉષ્મા ટકાવી રાખવા માટે આખી રાત, ઘડી પણ પગ વાળ્યા વિના, આમથી તેમ ને તેમથી આમ આંટા જ મારવા પડ્યા. ખોરાકમાં મારી પાસે એક ઠરી ગએલું બિસ્કિટ ને એક કટકો થીજાવેલું માંસ હતું. એટલું પેટમાં નાખી ઉભે પગે ટેલતાં ટેલતાં મેં એ રાત ગાળી.

પણ મારે મન તો એ અલૌકિક આનંદની રાત હચી. રોકીઝ પર્વતના એ ઉંચા ગિરિશૃંગ ઉપર, ભીષણ અંધકાર અને કાતિલ ઠંડીમાં આમતેમ ટેલતાં ટેલતાં મેં ભવિષ્યનું સ્વપ્નદર્શન કરવા માંડ્યું; એ ગર્વિષ્ટ પર્વતને વીંધી મહાત કરવાની યોજનાઓ ઘડવા માંડી; અને મારી કલ્પનાદૃષ્ટિ આગળ એ પર્વત સોંસરી સુસવાટ કરતી દોડતી ગ્રેટ નૉર્ધન રેલવેની ટ્રેનો જાણે આબેહૂબ તરવા લાગી.'

બીજે દહાડે મળસ્કે તો એ થોડા સેંકડા માઇલ દૂર નીચે આવેલા હેલેનાના પોતાના હેડક્વાર્ટર્સમાં આ ખુશખબર આપવા ઉપડ્યો.

આજથી સાડત્રીસ વર્ષ પહેલાં, નસીબની સામે યુદ્ધ ખેડી, જે જગ્યાએ આખી રાત આંટા મારી એણે ઉજળા ભવિષ્યની એકાંત તપશ્ચર્યા સેવી હતી ત્યાં—એ ગિરિશૃંગ ઉપર, આજ એન્જિનિયરનાં ધીંગાં કપડાં પહેરેલું એનું વીરતા દાખવતું પુતળું એ ધુમ્મસઘેરા પર્વતોની અનંત ચોકી કરતું ઉભું છે.

૨

પછી તો રસ્તાઓની યોજના અને જમીનની માપણી શરૂ થઇ. એને માટેના રખડપાટ પણ એના વિના કોણ કરે? સાડા આઠસો માઇલનો એ રેલવે માર્ગ નાખતાં વીતેલાં વીતકોનાં વર્ણન કરતાં એ કહે છે કે 'વચમાં ૪૩૦ માઇલ સુધી તો માનવ પગલાં જ્યાં કદિ ય નહિ પડેલાં એવું, પૃથ્વીના આદિકાળથી જામેલું જંગલ વિસ્તરેલું હતું, અને વચમાં ૨૦૦ માઇલ સુધી તો પેલી કેડી પણ મળે નહિ. બરફ એવો ઘાડો જામેલો કે દિવસના પાંચછ માઇલ માંડ ખેડી શકાતા. પણ મારૂં આરોગ્ય પ્રફુલ્લ અને શરીર અનેક રખડ-

પટ્ટાઓથી ખડતલ થએલું હોવાથી આ બધું બીજાઓના જેટલું મને આકરૂં પડતું નહિ.'

કાસ્કેડ પર્વતનો દોઢસો ચોરસ માઇલનો પ્રદેશ ખેડવામાં એણે ઉનાળો ગાળ્યો. સાથે માત્ર એક જ માણસ લીધેલો. ખાવાપીવાનાં સાધન પીઠપર બાંધી, જ્યાં યુગો થયાં કોઇનો પગસંચાર નહિ થએલો એવો એ કઠોર પણ સોહામણો પ્રદેશ તે ખુંદી વળ્યો. આ જ સમયે એણે પેલો પ્રખ્યાત માર્ગ શોધી કાઢ્યો જે આજ એનું નામ અમર કરતો પથરાએલો છે. અને આ જ સ્થળે —સાડાત્રણ હજાર ફુટની ઉંચાઇએ—એણે ઇજનેરીના ચમત્કાર સમું એવું કામ ઉભું કર્યું જે એની વિલક્ષણ બુદ્ધિપ્રતિભા અને અજબ સાહસનાં કીર્તિગાન ગાતું અનંત કાળ લગી ઉભું રહેશે.

કાસ્કેડ પર્વતમાળાનો પશ્ચિમનો ઢોળાવ તદ્દન ભીંત જેવો સીધો સરસો છે. એ કરાળ પર્વતની કેડ ઉપર રેલવે નાખવાના વિષમ અને ભયંકર કાર્યે સ્ટિવન્સની કસોટી કરી. પર્વતના એ ઉગ્ર ઢોળાવ ઉપર, આગળ પાછળ—આગળ પાછળ, એમ સર્પાકારે રેલવેનો માર્ગ વીંટતો ને એક માઇલે સો ફુટના હિસાબે નીચે ઉતરતો એ થોડેક આવ્યો, ત્યાં એક અતિ વિકટ પરિસ્થિતિ આવી ઉભી. એક બીજા પર્વતની બીહામણી કરાડ એટલી નજીક તોળાઇને ઉભેલી કે એ બંને પર્વતો વચ્ચે થઇને ઉપરને હિસાબે માર્ગ વીંટવો મુશ્કેલ હતો.

બીજા લેતાં ડરે એવો સાહસભર્યો માર્ગ સ્ટિવન્સે આદરી લીધો. આ પર્વત ઉપરથી સામેના પર્વત ઉપર, એ બંને કરાડોની વચ્ચે, નીચે ત્રણ હજાર ફુટની ઉંડાઇની મૃત્યુમુખ જેવી ભયંકર ખીણ ઉપર લટકતો પુલ એણે નાખી દીધો, અને સામા પર્વતનું પેટાળ સુરંગથી ફોડી નાખી તેની સોંસરો બોગદો (ટનલ) બાંધી તેમાં રેલવે નાખી. બોગદામાં ૧૮૦ ડિગ્રીનો (અર્ધગોળાકાર) ચકરાવો લઈ સેંકડો ફીટ નીચે એણે ટનલ પુરી કરી ને ત્યાં બીજો પુલ નાખી મુળ પર્વત ઉપર પોતાને અનુકુળ ધારેલે સ્થળે રેલવે પાછી લાવ્યો!

જેણેજેણે ગ્રેટ નૉર્ધન રેલવેમાં મુસાફરી કરી આ સ્થળેથી પર્વતો ઓળંગ્યા છે તે પોતાની જીંદગી આખીમાં એ દેખાવની ભવ્યતા કદિ ભુલી શકતા નથી. આજે તો ભપકાભરી ટ્રેનો ધમધમાટ કરતી એ માર્ગો પર દોડાદોડ કરી રહી છે અને સેંકડો પૅસેન્જરો તેમાં આરામભુવનનાં સુખસગવડ માણતા ખુશાલ મુસાફરીઓ કરી રહ્યા છે. પણ એ દેવદારનાં રાક્ષસી ઝુંડોમાં એ પાટાઓ પાથરતાં અને જમદૂતનાં ફાટેલાં જડબાં જેવી વિકરાળ ખીણો પર એ પુલો નાખતાં સ્ટિવન્સને શી શી મુસીબતો પડી હશે તેનો ખ્યાલ આજે ત્યાં મુસાફરી કરનારને આવવો અશક્ય છે. તમ્મર ચડાવે એવા ત્રણ હજાર ફુટનાં એ ભયંકર ઉંડાણ પર ઝુલતા પુલ ઉપર થઇને સડસડાટ કરતી ટ્રેન પર્વતના બોગદામાં અદૃશ્ય થઈ જાય છે અને બીજે છેડે બહાર નીકળી નીચલા પુલ પર આવે છે ત્યારે, દૂરદૂર ઉંચે, ધુમ્મસના કોઇ રૂપેરી વાદળા જેવા તોળાઇ રહેલા ઉપલા પુલને જોઇને આશ્ચર્ય ને પ્રશંસાના ઉદ્દગાર નીકળી જાય છે.

પણ આ પ્રકારનાં સાહસો તો સ્ટિવન્સને શ્વાસ અને પ્રાણ હતાં; ને એણે એવાં એક નહિ પણ અનેક કર્યાં છે. એ જ ગ્રેટ નૉર્ધન રેલવે પરની એની છેલ્લી સિદ્ધિ તે કાસ્કેડની પર્વતમાળાઓને વીંધતો ત્રણ માઇલ લાંબો બોગદો છે. હજી એને જગતભરનાં પ્રખ્યાત ઇજનેરી કામોના મુકાબલે મુકે છે. સ્ટિવન્સે એકલે

સ્વપ્નશિલ્પી

હું સ્વપ્નશિલ્પી દિનરાત કલ્પું
સૌંદર્ય ને સત્યની મૂર્તિઓને,
નાની નવી અંતરસૃષ્ટિઓને:
ને આર્ત પ્રાણે ઉરમંત્ર જલ્પું.

હું સર્જનોનો મુદમગ્ન યોગી
(શું લોક આ ભવ્ય વિહાર જાણે?
અંધારિયાં છો જન ના પ્રમાણે:)
જીવી રહું મૂક કલાત્મભોગી.

હું એકલો તે જગનો વિધાતા,
આભાસછાયા ફરતી ય જોઉં;
પાછો સ્વધર્મે નિજ ચિત્ત પ્રોઉં:
ને ચાલતો હું ગતિમાન આત્મા.

હું સ્વપ્નશિલ્પી શિવરૂપ જીવું
પ્રેમાત્મની પ્રેરક કલ્પનાઓ:
વર્ચસ્વતી ભાવપરંપરાઓ. . . .

દેશળજી પરમાર

હાથે એની યોજના કરી એ રસ્તાની માપણી આંકી, અને ચીફ એન્જિનિયર તરીકે, એક પણ કંટ્રાક્ટરની મદદ વિના તેને પાર મુકી. શરૂઆતથી જ એટલી ચોકસાઇપૂર્વક ગણતરી કરીને એણે બંને બાજુથી પર્વતને કોરવા માંડેલા, કે વચ્ચે જ્યારે બંને છેડા મળ્યા ત્યારે માત્ર ૦। ઈંચનો જ ફેર પડયો !

સત્તર વરસ સુધી સ્ટિવન્સે પર્વત સોંસરા રસ્તાઓ પાથરવાનું આ કામ હિલને માટે કર્યું: સાત વર્ષ મુખ્ય એન્જિનિયર તરીકે ને છેલ્લાં બે વર્ષ મુખ્ય મૅનેજર તરીકે. અને તેઓ એ કામને અંતે ઇ. સ. ૧૯૦૩ માં છુટા પડયા ત્યારે હિલે કહેલું કે 'સ્ટિવન્સે મારા છ કરોડ ડૉલર (૧૮ કરોડ રૂપિયા) આ કામમાં ખર્ચ્યા છે; પણ એણે ખર્ચેલા દર ડૉલર બદલ મને સામો પુરો ડૉલર ને ઉપર બે સેન્ટ તો અત્યારથી જ પાછા મળી ચુકયા છે! ૧૯૦૩માં સ્ટિવન્સે આ રેલવેનું કામ પુરૂં કર્યું ત્યારે એને વિષે કહેવાયું કે જગતમાં કોઇ પણ માણસે રેલવેના પાટા જેટલા માઇલ સાદી જમીન પર નાખ્યા હોય એટલા જ માઇલ સ્ટિવન્સે પહાડોમાં નાખ્યા છે અને તે અસાધારણ કરકસર મજબુતાઇથી. આ અજોડ ખ્યાતિ હજુ એની રહી છે.

એના સામર્થ્યથી મુગ્ધ થઇ ઈ. સ. ૧૯૦૫માં યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે એને પનામા નહેર ખોદવાનું કામ ઉપાડી લેવા આમંત્ર્યો. એ કઠિન કામ કરવામાં કુશળ ગણાતા ફ્રેન્ચ ઈજનેરો પણ નિષ્ફળ નીવડયા હતા.

ત્રીસ વર્ષ સુધી અનેકવિધ અનુભવો પામી ઘડાએલા સ્ટિવન્સને પણ આ કામ બરાબર કસોટી કાઢે એવું લાગ્યું;—પણ અશકય નહિ. એમાં ભારેમાં ભારે કામ કયુલેબ્રા કટ નામનો જમીનનો એક ઘણો વિકટ ભાગ ખોદી નહેર બનાવવાનું હતું. સ્ટિવન્સ કહે છે કે એમાં મુખ્ય સવાલ એટલી માટી ખોદીને દૂર નાખી આવવાનો હતો. આ કામ એણે વરાળયંત્રથી ચાલતા મોટા પ્રચંડ પાવડાઓને એક ઉપર એક એમ કતારની કતાર ગોઠવીને સાધ્યું, અને પછી તેમાંથી નીકળેલો પંદર કરોડ ઘન વાર જેટલો કચરો રેલવે મારફતે વીસ માઇલ દૂર ઘસડી લઇ જઇ ઠેકાણે પાડયો.

૧૯૦૭ના ઉનાળામાં, સ્ટિવન્સને કૅનાલ ઝોનનો પ્રમુખ બનાવવામાં આવ્યો ત્યાર પછી બે મહિને કૅનાલ પુરી કરવાનું કામ મુલકી ખાતાના હાથમાંથી લશ્કરી ખાતાને સોંપવામાં આવ્યું. ત્યારથી એનું કામ એટલું બધું વ્યવસ્થિત ને ઝડપી થયું કે અમેરિકન છાપાંઓને એ સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક જણાવી શકયો કે જગતના ઉપયોગ માટે પનામા નહેર ૧૯૧૫ની પહેલી જાન્યુઆરીએ ખુલ્લી મુકવામાં આવશે.

જગતનાં અદ્‌ભુત ગણાતાં ઇજનેરી કામોમાં શિરોમણિ જેવું લેખાતું પનામા કૅનાલનું આ કામ સ્ટિવન્સે જે દક્ષતા, સાહસ ને બાહોશીથી પાર પાડયું એની કથા તો લાંબી ને રોમાંચક છે, અને એક જુદો સચિત્ર લેખ માગી લે તેવી છે. દુનિયામાં નામચીન ગણાતા ફ્રેંચ ઇજનેરોએ પણ જ્યાં હારી ખાધું હતું, અને પનામા નહેર ખોદવી એ કેવળ અશકય જ છે એમ જેને વિષે જગત પરવારી બેઠું હતું તે કામ સ્ટિવન્સે બેધડક માથે ઉઠાવ્યું અને પોતાની બુદ્ધિને આકરામાં આકરી કસીને તથા પોતાના સામર્થ્યને અંત સુધી ઘસી નાખીને પાર ઉતાર્યું ને દુનિયાને દંગ કરી દીધી.

અને સ્ટિવન્સની જહેમતનો બદલો પણ એવો જ મળ્યો. દુનિયાએ એને 'પનામા નહેરનો પિતા' એવું ગૌરવભર્યું બિરુદ અર્પણ કરી જગતની પ્રગતિના ઇતિહાસમાં એનું નામ અમરતાને માટે અંકિત કર્યું છે.

પનામા નહેર પુરી કર્યા પછી બે વર્ષે ૧૯૧૭માં યુરોપીય યુદ્ધ વેળા રશિયાના વિશાળ પ્રદેશ પર દોડતી ટ્રાન્સ-સાઇબીરિયન અને ચાઇનીઝ ઇસ્ટર્ન રેલવેના પુનર્વિધાન માટે નીમાએલા અમેરિકન કમિશનના વડા તરીકે અમેરિકન સરકારે તેને ત્યાં જવા નોતર્યો.

સાઇબીરિયાના અફાટ પ્રદેશને સોંસરો વીંધતી, પૂર્વ ચીનને ચીરીને ચાલી જતી, પાસિફિક કાંઠે આવેલા વ્લૅડિવૉસ્ટૉકથી છેક રશિયાની રાજધાની પેટ્રોગ્રાડ (હવે લેનિનગ્રાડ) સુધી પાંચ હજાર માઇલમાં પથરાએલી એ રેલવે લાઇનની રચના નવેસરથી મજબુત પાયા પર કરવાની હતી. સ્ટિવન્સે અમેરિકન કમિશન સાથે હજી માત્ર પાંચ જ મહિના કામ કર્યું ત્યાં તો રશિયનોએ પ્રસન્નતાપૂર્વક જાહેર કર્યું કે રેલવેની શક્તિ અને સ્થિતિમાં વીસ ટકાનો વધારો થયો છે.

આ અરસામાં મહાયુદ્ધ પુરૂં થઇને સંધિ થઇ અને આઠ પ્રજાઓના પ્રતિનિધિ એન્જિનિયરોનું એક મંડળ એ સર્વદેશીય વ્યાપારમાર્ગના કામ માટે નીમાયું. એમણે પણ પોતાના મુખી તરીકે સ્ટિવન્સને જ પસંદ કર્યો.

પણ એમાં મુસીબત ઘણી હતી. આખી રેલવે લાઇનના રક્ષણ માટે આઠ જુદીજુદી પ્રજાઓના લશ્કરી સીપાઇઓ હતા, વિરોધી રાજ્યોનાં દ્વેષ ઝેર અને કાવાદાવા ચાલી રહ્યા હતા, બળવાખોર કેટલાક લોકોની ટોળીઓ વારંવાર આવીને હુમલા કરી નુકસાન પહોંચાડતી તથા દેશ આખો કલહ અને અંદરઅંદરના યુદ્ધથી વીખાઇ ગયો હતો;—આવી મુશ્કેલ પરિસ્થિતિમાં, એ નાની સરખી લીગ ઑફ નેશન્સના મુખી તરીકે સ્ટિવન્સે ભારે દક્ષતા, હીમત અને સામર્થ્યથી આખું સુકાન ચલાવ્યું ને એકલે હાથે પુરૂં કર્યું.

એના જીવનના આ છેલ્લા કાર્યે એના ઉજ્જ્વળ નામને દુનિયાની દિશાઓમાં વિખ્યાત કરી મુકયું અને ચાર રાષ્ટ્રીય એન્જિનિયર સોસાએટીઓએ મળીને તેને મહામુલો 'જૉન ફ્રિટ્ઝ મેડલ' અર્પણ કરી એનો કીર્તિકળશ ચડાવ્યો.

સ્ટિવન્સની આ જીવનકથા આલેખનાર મૅરિયન કોલી કહે છે કે 'સ્ટિવન્સની ચરિત્રરેખા કલમથી આમ કાગળ ઉપર લખ્યે એની પુરી કદર કરી શકાય એમ નથી. એનું ઉજ્જ્વળ ચરિત્ર તો ક્યારનું, ખીણોનાં ભયાનક ઉંડાણો પર બાંધેલા રાક્ષસી પુલો ઉપર, પર્વતોનાં પેટાળ વીંધી દોડતી અંધારી ટનલોમાં, પનામા નહેરનાં વહેતાં પાણીમાં અને પૃથ્વીવિસ્તારી પાથરેલા સૂર્યકિરણોના ચમકતા દોર જેવા રેલના ઝળહળતા લોખંડી પાટાઓ પર લખાઇ દિગંતવ્યાપી થઇ ગયું છે.' અને તે સામર્થ્યમૂર્તિ સ્ટિવન્સના પોતાના જ શબ્દો અંતમાં ઉતારે છે કે 'હું જે આ બધું કરી શકયો તે કંઇ ખાસ ચમત્કાર મને નથી લાગતો. ગમે તે માણસ એટલા જ પ્રયત્નો વડે એ સાધી શકયો હોત. માત્ર હીમત જોઇએ; અખૂટ–પ્રચંડ હીમત. ઘણાં માણસો પોતાનાં સ્વપ્નો પાર નથી પાડી શકતાં તેનું કારણ એટલું જ હોય છે કે તેઓ નિષ્ફળતાથી ડરે છે, પરાજયથી બીએ છે, ટીકાઓથી પાછા પડી જાય છે, થાકીને હારી ખાય છે,—એમ અનેક વસ્તુઓથી નિરાશ થઇ હીમત તજી દે છે. હીમત, હીમત! એ એક જ વસ્તુની જરૂર છે. અને પછી પોતામાં હોય તેટલી બુદ્ધિ, શક્તિ અને પ્રાણ પોતાનું સ્વપ્ન પાર પાડવા પાછળ વહેતાં મુકી દે તો અંતે એ પોતે જ જાણીને અજબ થશે કે તેણે ધાર્યા કરતાં પણ વધુ સિદ્ધિ મેળવી છે.'

અગ્નિપરીક્ષા

આજથી એક સો ને ચૌદ વર્ષ પહેલાંની આ વાત છે. ઈ. સ. ૧૮૧૪માં અંગ્રેજોએ નેપાળ રાજ્ય સામે લડાઇનાં રણતુર ફૂંક્યાં ને નેપાળની રાજધાની ખટમંડુ પર ચડાઇ કરવા જનરલ માર્લીને મોકલ્યો. દક્ષિણ તરફ જનરલ વૂડે ગોરખપુરમાં છાવણી નાખી તરાઇના પ્રદેશ પર હુમલો કર્યો. નેપાળની પશ્ચિમ સરહદ પર વીર અમીરસિંહ નેપાળી સૈન્ય લઇને એ બાજુનો મોખરો સાચવતો હતો. તેની સામે જનરલ ઑકટરલોનીને મોકલવામાં આવ્યો અને કલુંગા પર આક્રમણ કરવા દહેરાદુનથી જનરલ ગિલેસ્પી આગળ ધસ્યો. આમ ચારે તરફથી એકસાથે ધસારો કરવામાં આવ્યો. નેપાળના રાજ્યની સૈન્યસંખ્યા ફક્ત બાર હજારની હતી. તેની સામે અંગ્રેજોની ઓગણત્રીસ હજારની સેના ભવાં ચડાવી ધસી હતી.

નેપાળ રાજ્યના સીમાડાના મુલકમાં કલુંગા નામે એક સ્થાન છે. યુદ્ધની ઘોષણા થઇ ત્યારે ફક્ત ત્રણ સો જેટલા મુઠ્ઠીભર ગુરખા સૈનિકોની એક નાની ટુકડી ત્યાં હતી. બળભદ્ર થાપા આ ટુકડીનો સરદાર હતો. એ સ્થાન પુરૂં સુરક્ષિત પણ નહોતું. જુના જમાનાના કિલ્લાનાં ભાંગ્યાંતુટયાં ખંડેર હતાં. લડાયક સરંજામ પણ પુરતો નહોતો. કોઇની પાસે તીર, કોઈ પાસે કુકરી તો કોઇની પાસે જુની ઢબની બંદુક માત્ર હતાં. અત્યાર સુધી યુદ્ધની કાંઇ જ સંભાવના હતી નહિ, એટલે આ સૈનિકો પોતાના કુટુંબકબીલા સાથે જ આ સ્થાનમાં રહેતા. સ્ત્રી અને બાળકો મળી આશરે દોઢસોની સંખ્યા બીજી હશે.

એક દિવસ એકાએક ખબર આવી કે અંગ્રેજોએ યુદ્ધઘોષણા કરી છે ને તેઓ કલુંગા ને ઘેરો ઘાલવા ધસ્યા આવે છે. આ ખબર મળતાં જ બળભદ્ર થાપાએ પુરાતન દુર્ગની ભાંગીતુટી દીવાલની કોઈ પણ રીતે મરામત કરાવવા લાગ્યો. સૈનિકોનાં સ્ત્રીબાળકો ત્યાં હતાં એથી ગુરખા સેનાપતિ ભારે વિમાસણમાં પડ્યો. નહોતું પોતાની પાસે પુરતું સૈન્ય કે નહોતાં પુરાં

લડાઇનાં સાધનો. ગુરખાઓના એ વીર સરદારની આ ચિંતા હજુ તો શમી નહોતી એટલામાં તો અંગ્રેજ સેનાપતિ માઉબ્રી સાડા ત્રણ હજાર માણસના સૈન્ય અને મોટા તોપખાના સાથે ત્યાં આવી પહોંચ્યો ને તરત જ એ સ્થાનને ઘેરો નાખ્યો.

વિજયની કંઇક પણ આશા હોય તેવા યુદ્ધમાં તો ઘણા યે ઝઝુમનાર નીકળે; પરંતુ જ્યાં હારની સોએ સો ટકા ખાતરી હોય તે સંગ્રામમાં ઝઝુમવા અમાનુષિક બળની આવશ્યકતા હોય છે.

જોતજોતામાં અંગ્રેજોએ કિલ્લાની ચારે બાજુએ જાળગુંથણીની જેમ સૈન્ય ગોઠવી દીધું. બળભદ્ર વિચાર કરવા લાગ્યો: સુખના દિવસોમાં મને આ સ્થાનના સૈન્યના સેનાપતિ તરીકે રાજાએ મોકલી આપ્યો. આજ પારાવાર વિપત્તિના દિવસ આવી લાગ્યા છે. આજ એ લુણની પરીક્ષા થશે.

૨

૨૫મી ઑક્ટોબરનો દિવસ હતો. આખો દિવસ સખત મહેનત કરીને બળભદ્ર આરામ લેવા ગયો હતો. એવામાં રાતના બે પહોર વીત્યે અંગ્રેજોનો એક દૂત પત્ર લઇને આવ્યો. એમાં લખેલું હતું: 'આ યુદ્ધ બે સમાન પક્ષ વચ્ચેનું નથી; એટલે વીર પુરુષ જો હારનો સ્વીકાર કરે તો તે કોઈ પણ પ્રકારે શરમભર્યું નથી. ગુરખા સરદાર લોહી રેડ્યા સિવાય આ કિલ્લાનો અધિકાર છોડી દે એ જ શ્રેયસ્કર છે.'

ગિરિગુફામાં શાંત બેઠેલો વનરાજ ત્રાડી ઉઠે તેમ આ પત્ર વાંચી વીરકેસરી ગુરખા સેનાપતિ ગર્જના કરી ઉઠયો: 'તમારા સુબેદારને કહેજે કે આ પત્રનો જવાબ હું આવતી કાલે લડાઈના મેદાનમાં આપીશ.'

બીજે દિવસે સવાર પડતાં જ આ ગર્જનાના જવાબમાં ગડગડાટ કરતા તોપના ગોળા આવી લાગ્યા; અને તોપોના અગ્નિથી ઉડતા ધુમાડા ચારે તરફ ફેલાઇ જઈ સઘળી દિશાઓમાં અંધકારનાં વાદળ ફેલાવી દે તે પહેલાં તો અંગ્રેજ સેનાપતિએ સઘળી સેના લઇને કિલ્લા પર જોશભેર આક્રમણ કર્યું.

પરંતુ તોપના ગોળાઓ પણ ન ભેદી શકે એવી એક અદમ્ય શક્તિ એ શિલાઓની પાછળ છુપાએલી હતી. તેણે સુબેદારથી માંડીને સાધારણ સૈનિક સુધીના હૃદયમાં પ્રવેશ કર્યો હતો. કેવળ યોદ્ધાઓનાં હૃદયમાં જ નહિ પણ દુર્બલ નારી અને લાચાર બાળકોને પણ સ્વાધીનતાની એ અદમ્ય શક્તિની અગ્નિશિખાએ પ્રજ્વલિત કરી મુકયાં.

નાનામોટા સૈનિકો, અબળા નારી અને દુધભર્યાં મોંનાં બાળકો, સૌની મુખમુદ્રા પર એક અજબ તેજ ઝળહળતું હતું. એ તેજ, એ પ્રભાવ, એ પ્રતિજ્ઞા તે મૃત્યુને હસતે મુખે ભેટીને સુખદુઃખના વિસામા સરખી માતૃભૂમિનું સંરક્ષણ કરવાનું.

અંગ્રેજ સેનાના હુમલા પર હુમલા થવા છતાં કલુંગાના કિલ્લાએ લેશમાત્ર મચક આપી નહિ. અંતે એ સાડા ચારસો મરણિયાથી હારીને સાડા ત્રણ હજારનું અંગ્રેજ સૈન્ય દહેરાદૂન પાછું ગયું. આ પછી જનરલ ગિલેસ્પી નવી તોપો અને નવું લશ્કર લઇને માઉબ્રીની સાથે કિલ્લો તોડવા જોડાયો, મુઠ્ઠીભર સૈનિકો સામે અંગ્રેજ સૈન્યની મોટી સેના ચડી આવી. આ વખતે ચારે તરફથી કિલ્લા પર એકસામટો હુમલો કરવાનું અંગ્રેજ સૈન્યના નાયકોએ નક્કી કર્યું હતું, અને તોપના એકસામટા તાસીરાથી કિલ્લાની શિલાઓને તોડી નાખી પછી ચારે તરફના સૈન્યે એકદમ અંદર ધસી જવું એવો સંકેત કરવામાં આવ્યો હતો. બળભદ્ર અને તેના વીર સાથીઓની વધુ કસોટીનો સમય આવી લાગ્યો હતો.

બીજે દહાડે પહો ફાટતાંમાં તો કલુંગાના કિલ્લા પર અંગ્રેજોનો ભયંકર હુમલો શરૂ થઇ ગયો, પરંતુ થોડી જ વારમાં અંગ્રેજ સૈન્ય ભોઠું પડી પાછું વળ્યું. ફરી પાછી જનરલ ગિલેસ્પીએ જાતે નવી ત્રણ ટુકડી લઇ ચડાઇ કરી.

અસંખ્ય તોપોમાંથી જાણે આગ વરસવા લાગી. ધગધગતા ગોળાઓ કિલ્લાનું કચ્ચરઘાણ વાળવા લાગ્યા. કિલ્લાની દીવાલ તો ખળભળી ગએલી જ હતી. તેમાં વળી આ વરસાદનાં ભયંકર ઝાપટાંઓની જેમ પડતા તોપના ગોળાનો મારો શરૂ થયો. તેના સામે એ કેટલુંક ટકી શકે? કિલ્લાની શિલાઓ તુટવા લાગી.

પરંતુ તરત જ એક અદ્ભુત દૃશ્ય નજરે પડયું. કિલ્લાનો જે ભાગ તુટી ગયો હતો ત્યાં એક જ ક્ષણમાં એક નવી દીવાલ ખડી થઈ ગઇ હતી. એ નવી દીવાલ શિલાઓની નહિ પણ ગુરખા સૈનિકોની સ્ત્રીઓની કોમળ કાયાની બનેલી હતી. કિલ્લાના


તુટી ગએલા ભાગોમાં આ સ્ત્રીઓ, જીવતા પહાડોની જેમ ખડકાઇ ગઈ!

જાપાની રમણીઓએ તોપોનાં દોરડાં બનાવવા પોતાના માથાના વાળ ઉતારી દીધાની નોંધ ઇતિહાસને પાનેથી મળી શકશે; કાર્થેજની વીરાંગનાઓએ તે જ મુજબ સૌભાગ્યના શણગાર સરખા પોતાના અંબોડા કાપી ધનુષ્યની પણછ ગુંથી આપ્યાના પ્રસંગ પણ આપણને મળી શકે છે; પરંતુ કિલ્લાની દીવાલને બદલે જીવતાં શરીર ખડકી દીધાનું અપૂર્વ વીરત્વ દુનિયાના ઇતિહાસે હજુ ક્યાંય નોંધાએલું નથી. અને આ નારીની કાયાઓ કેવળ કિલ્લાની દીવાલ બની રહી એટલું જ નહિ, પણ એ કોમળ કાયાઓએ વજ્ર કરતાં પણ કઠોર બનીને રણમેદાનમાં ભીષણ સંહાર કરનાર શસ્ત્રની ગરજ પણ સારી.

એક તરફ દુનિયાના ઇતિહાસને પાને સદા અમર રહેનારો આ બનાવ બન્યો; તે જ વખતે બીજી બાજુ જનરલ ગિલેસ્પી કિલ્લાની દીવાલ પર હુમલો કરવા આગળ ધસ્યો. પણ તે વધારે દૂર જઈ શક્યો નહિ. સણસણાટ કરતી એક ગોળીએ આવી તેની છાતી વીંધી નાખી. પલવારમાં જનરલ જમીનદોસ્ત થયો અને તેની પાછળ આવતું સૈન્ય કિલ્લા પરથી વરસતાં બાણ અને ગોળીઓથી છિન્નભિન્ન થઇ ગયું. રહ્યાંસહ્યાં માણસો નાસીને દહેરાદૂન પાછાં ફર્યા.

આ બનાવ બન્યા પછી દિલ્હીથી વળી વધારે તોપો અને નવું સૈન્ય રવાના કરવામાં આવ્યાં. ૨૪મી નવેમ્બરે આ નવા આવેલા સૈન્યે કલુંગાના કિલ્લા પર ફરી ચડાઇ કરી. મુશળધાર મેઘની જેમ તોપોના ધોધમાર ગોળા વરસવા લાગ્યા. આ ગોળા જમીન પર પડતાં જ તેમાંથી હજારો છરાઓ ઉડી

નવી ઈનામી હરીફાઈ



હિંદુસ્તાનનાં શસ્ત્રાસ્ત્ર

ઉપરના ચિત્રમાં બતાવેલાં બધાં હથિયારોનાં નામ બંને બાજુથી ગણીને ક્રમવાર જે પુરેપુરાં લખી મોકલશે તેમને નીચેનાં ઈનામ આપીશું: (૧) રોકડા રૂપિયા પાંચ (૨) 'કુમાર' છ માસ સુધી મફત. જવાબો જાન્યુઆરીની આખર સુધીમાં તંત્રીને પહોંચી જવા જોઇએ.

મોતની ભયંકર છાયા પાથરવા લાગ્યા.

૩

ઘેરો નખાયાને એક માસ કરતાં વધુ સમય વીતી ગયો હતો. કિલ્લામાં ખાવાની ચીજો ખુટી પડી હતી. લડાઈનાં સાધનો પણ પુરાં થવા આવ્યાં. આટઆટલી આફતો આવવા છતાં આ વીર ગુરખા સૈનિકો હજુ અડગ હતા. દારૂગોળો પુરો થઈ જતાં તીરકામઠાં, અને તે પણ પુરાં થઇ જતાં મોટીમોટી શિલાઓ ફેંકી શત્રુઓની સેનાનો તેઓ કચ્ચરઘાણ વાળવા લાગ્યા. ફરીથી આ અસમાન પક્ષ વચ્ચેના યુદ્ધમાં પણ ગુરખાઓની જીત થઇ. કિલ્લો સર કરવાની કાંઇ પણ આશા જણાઇ નહિ અને નિરાશ થએલા અંગ્રેજ સૈન્યને દહેરાદુન પાછા જવાનો હુકમ થયો.

પણ એવામાં એક છુપા બાતમીદારે આવી ખબર કરી કે કલુંગાના કિલ્લામાં પીવાનું પાણી બીલકુલ નથી. કિલ્લાની બહાર એક નાનકડી નદી વહે છે ત્યાંથી રાતના અંધકારમાં ગુરખાઓ આવીને પાણી લઇ જાય છે. જો પાણીનો આ પુરવઠો બંધ કરી દેવામાં આવે તો તરસથી લાચાર બનીને શત્રુઓ શરણ થશે.

તરત જ નદી પર ચોકી બેસી ગઈ. પાણી બંધ થતાં કિલ્લામાં જે ભયંકર ત્રાસ પેદા થયો તેની તો કલ્પના જ માત્ર કરી શકાય. ઘાયલ અને મોતને કાંઠે આવેલાં સ્ત્રીપુરુષો તથા બાળકો ' પાણી પાણી 'ની દિલ પિગળાવી નાખે એવી ચીસો પાડતાં હતાં અને એ ચીસો મૃત્યુ જ શાંત કરતું ત્યારે શમતી.

શત્રુઓને આ રીતે ભારે મુસ્કેલીમાં સપડાએલા જોઇ બીજી તરફથી અંગ્રેજ સૈન્ય આ સિંહના બચ્ચાઓને જીવતા પકડવાની કોશિશ કરવા લાગ્યા. કિલ્લાની ચારે તરફ જાળગુંથણીની જેમ લશ્કરી ટુકડીઓ ગોઠવાઇ ગઇ. કિલ્લામાંથી બહાર જવાના રસ્તા આગળ સંખ્યાબંધ સૈનિકોની મજબુત ટુકડી જમાવી.

એક મહીના પહેલાં લડાઇ શરૂ થઇ ત્યારે ગુરખા સૈનિકોની સંખ્યા ત્રણસોની હતી. તેમાંથી ફક્ત સત્તર જણ જ હવે બાકી રહ્યા હતા. આમાંથી કોઇએ પણ ચાર દિવસથી પાણીનું ટીપું સરખું યે મોંમાં મુકયું ન હતું. આ અડગ ટેકધારી વીરલાઓ ભુખ અને તરસનું કમકમાટી ઉપજાવે એવું અસહ્ય દુઃખ મુંગે મોંએ મનમાં લેશ પણ દુભાયા વિના પ્રસન્નતાથી સહી રહ્યા હતા. પરંતુ સ્ત્રી અને બાળકોની દિલ પીગળાવનારી ચીસો ધારેધારે સહી ન જાય એવી થઇ પડી. તેઓ જો શત્રુઓના હાથમાં કિલ્લો સોંપી દે તો તરત જ આ દુઃખનો અંત આવી જાય એમ હતું. પરંતુ દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી ગુરખા બચ્ચો શરણ જાય એમ ન હતું.

મધરાતનો શુમાર હતો. એકાએક તોપ અને સંગીનના મારાથી જે દ્વાર ખુલ્યાં નહોતાં તે એકાએક એની મેળે જ ખુલી ગયાં. આત્મબલિદાન આપવા તત્પર થએલા એ સત્તર વીર, મેઘનો ટુકડો એકાએક ધરા પર તુટી પડી રેલમછેલ કરી નાખે તેમ, અગણિત શત્રુઓના સૈન્ય પર તુટી પડ્યા ને વિજળીની ત્વરાથી પોતાની તેજસ્વી તલવારના સપાટા ચલાવતા એક જ ક્ષણમાં અંગ્રેજ સૈન્યમાંથી રસ્તો કાપી અદૃશ્ય થઇ ગયા.

બીજે દિવસે સવારે અંગ્રેજ સૈન્યે કિલ્લામાં પ્રવેશ કર્યો. અસંખ્ય સૈન્ય સામે ઝઝુમી રહેનાર વીર ગુરખાઓમાંથી આજ તે કિલ્લામાં કોઈ જ ન હતું. પરંતુ અંગ્રેજ સૈન્યે ત્યાં જે દૃશ્ય જોયું તેથી તેમનો જીતનો ઉલ્લાસ ક્ષણભરમાં જ શોકના રૂપમાં પલટાઇ ગયો. આ તે કિલ્લો કે સ્મશાન ? એ વેરાન જગ્યામાં આટલા દિવસ સુધી માણસો કેવી રીતે વાસ કરી રહી શકયા હશે ? ઘાયલ, અરધાં જીવતાં અને મરેલાં સૌ એક સાથે પડેલાં હતા ! સામે જ સુબેદારની કાયા લથડી પડેલી હતી. તેના પાસામાં તેનું ચાર વરસનું ગભરૂ બાળક લપાઇને બેઠેલું હતું. સુબેદારથી થોડેક આગળ એક સ્ત્રી પડેલી હતી તોપના ગોળા તેના બંને પગ છિન્નભિન્ન કરીને ચાલ્યા ગયા હતા. તેનાથી થોડે જ દૂર કેટલાંક લોહીલુહાણ બાળકો બીચારાં તરફડિયાં મારતાં હતાં. ચારે તરફથી દિલ પીગળાવી નાખે એવા 'પાણી પાણી'ના પોકારો ઉઠતા હતા.

સોળ સાથીદારો સાથે કેસરિયાં કરી બહાર નીકળી જઇ બળભદ્રે જૈંતગઢના કિલ્લામાં આશ્રય લીધો. અંગ્રેજ સૈન્યે એ કિલ્લાને પણ ઘેરો ઘાલ્યો, પરંતુ તે જીતી શકાયો નહિ. આ પછી બળભદ્ર પોતે સૈન્યનો નાયક બન્યો અને તેણે યતકના કિલ્લાનો કબજો લીધો. પણ એટલામાં તો નેપાળ વિગ્રહની સમાપ્તિ થઈ.

બળભદ્રને લાગ્યું કે હવે સ્વદેશને મારી તરવારની જરૂરત નથી, એટલે તે પોતાના સત્તર સાથીદારો સાથે રણજીતસિંહના સૈન્યમાં દાખલ થયો.

શીખશિરોમણિ રણજીતસિંહ અફઘાનિસ્તાન સાથે યુદ્ધમાં ઊતર્યા હતા. એક વખતે તેમના સૈન્યની એક નાની ટુકડી પર અફઘાનોનું મોટું ટોળું તુટી પડ્યું. તેમાંથી ઘણાએ નાસી છુટી જીવ બચાવી લીધો. ફક્ત સત્તર માણસની એક ટોળી લડાઇના મેદાનમાંથી એક કદમ પણ પાછી હટી નહિ. અડગ પહાડની જેમ આ વીર સિપાહીઓ શત્રુઓની સામે છાતી રાખી ધસી રહ્યા હતા. પહેલાંના અનેક યુદ્ધોમાં એકબીજાને પડખે રહી તેઓ લડ્યા હતા; આજ છેલ્લી જ વાર, સરદાર ને સિપાહી, ખભેખભા મિલાવી આગળ ધપી રહ્યા હતા. સામેથી તોપનો અવ્યાહત મારો ચાલુ હતો અને હારમાંથી એકેક જણ ઓછો થતો જતો હતો. છતાં એ હાર તુટી નહિં, કેન પાછી ફરી નાની ને નાની થતી જતી એ હાર તોપના મોંમાં ધસી ગઇ, અંતે અદૃશ્ય થઈ ગઇ. એ સત્તરે શૂરવીરો અનંત નિદ્રા લેતા ધરણી પર પડ્યા.

અંગ્રેજ સૈન્યે કલુંગાના કિલ્લાનો કબજો લઇ તેને જમીનદોસ્ત કરી નાખ્યો. આજ એ કિલ્લાને સ્થાને માત્ર ખરબચડી શિલાઓના ઢગ નજરે પડે છે. એ દારુણ યુદ્ધની લીલાભૂમિમાં આજ ગંભીર શાંતિ પથરાએલી છે.પણ જે સ્થાનમાં હારનાર અને જીતનાર પક્ષની દેહધૂલિ એકબીજા સાથે મળી હતી એ સ્થળે અંગ્રેજોએ બે સ્મૃતિચિહ્ન સ્થાપિત કરેલાં છે. આ સ્મરણસ્થંભ હજુ સુધી ત્યાં મોજુદ છે. એક સ્થંભ પર જનરલ ગિલેસ્પી અને કલુંગાના યુદ્ધમાં ખપી ગએલા અંગ્રેજ સૈન્યનું સ્મરણ લખેલું છે. તેની નજીકમાં જ એક બીજો સ્થંભ છે. તેના પર લખેલું છે:

'અમારા વીર શત્રુ' કલુંગાના કિલ્લાના સેનાનાયક બળભદ્ર થાપા અને તેના તાબાના વીર સૈનિકો, જેમણે રણક્ષેત્રમાં જીવનને તુચ્છ લેખ્યું ને અફઘાન તોપખાનાની સામે ખુલ્લી છાતીએ ખડા રહી જરા પણ અચકાયા સિવાય એક પછી એક પ્રાણની આહૂતિ આપી દીધી, એ નરવીરોના સ્મરણાર્થે આ સ્મૃતિચિહ્ન સ્થાપિત કરવામાં આવ્યું છે.'

વિજ્ઞાનાચાર્ય જગદીશચંદ્ર વસુ

('દલિત કોમ'મા આવેલા અનુવાદ પરથી)

નેપાળ

ત્રણેક વર્ષ ઉપર જ્યારે દુનિયાને જાણ થઇ કે હિંદની ઇશાને આવેલા નેપાળના રાજ્યે પોતાના દેશમાં આજ સુધી ચાલતી આવેલી ગુલામીની પ્રથા સદંતર નાબુદ કરીને સમસ્ત દેશમાંના પચાસ હજાર ગુલામોનાં બંધન કાપી નાખી તેમને છુટા કર્યા છે, ત્યારે પહેલવહેલી એ વિચિત્ર દેશ વિષે જગતની જિજ્ઞાસા જાગી, કે આજ વીસમી સદીની સવાર સુધી આ ગુલામી જેવી જુલમી પ્રથાને ચાલુ રાખનાર દેશ એવો તે કેવો જંગલી હાલતમાં હશે; અને એવી હાલતમાં એકાએક આવા દયામય, સ્વાતંત્ર્યસેવી સંસ્કારો ત્યાંના રાજામાં કેવી રીતે ફુટી નીકળ્યા!

ભૂગોળ

દુનિયામાં એકલું અટુલું જેવું લાગતું એ નાનકડું પણ સ્વતંત્ર હિંદુ રાજ્ય હિંદુસ્તાનને ઇશાન ખુણે, જાણે હિમાલય પર્વતની ગોદમાં ભરાઇ બેઠું હોય તેમ આવેલું છે. એની એક બાજુ હિંદની અંગ્રેજ સત્તા ઉભી છે; બીજી બાજુ ઉપરથી તિબેટ અને ચીનની એને ભીંસ થાય છે. પરંતુ હિમાલય રાજે એ નાનકડા રાજ્યની ચોમેર ફરતી, પોતાનાં ગૌરીશંકર (ઍવરેસ્ટ), કાંચનગંગા, મત્સ્યપુત્ર એવાં એવાં ૬૦૦૦થી માંડીને છેક ૨૯૦૦૦ ફુટ ઉંચાં પ્રચંડ શિખરોની અખંડ ચોકી ગોઠવી છે. હિમાલય પર્વતનો લગભગ બેતૃતિયાંશ ભાગ આમ એ રાજ્યનું રક્ષણ કરતો પથરાએલો છે. દોઢસો માઇલ પહોળા અને લગભગ પાંચસો માઇલ લંબાઇમાં પથારેલા એ ભૂમિના પટાનો મથાળાનો ઘણોખરો ભાગ હિમાલયની ગિરિમાળાઓથી છવાએલો છે. માત્ર દક્ષિણ તરફ હિમાલયનો ઢોળાવ ઉતરતાં નીચેના ભાગમાં એક મોટું સપાટ મેદાન આવે છે. આ જ જગ્યા વસાહત અને ખેતીને લાયક છે, અને ત્યાં જ પચાસ લાખની વસ્તીની આ પ્રાણવાન પ્રજા આજ વસી રહી છે. રાજ્ય આખામાં એ સિવાય બીજે સપાટ કે રસાળ પ્રદેશ નથી. જે છે તે આટલો જ પંદર માઇલ પહોળો ને વીસ માઇલ લાંબો 'નેપાળની



નેપાળના સ્થાપક દેવતા મંજુશ્રી

ખીણ'ના નામથી ઓળખાતો એ પ્રદેશ. આટલા જ ભાગમાં એમનો ડાંગર કે ચા જેવો ઉપયોગ પુરતો પાક ઉતરે છે; અહીં જ એમનાં ખડમંડુ, ભટગામ, પાટણ અને બીજાં નાનાં ગામ વસેલાં છે. બીજા સમસ્ત પ્રદેશ પર વિશાળકાય હિમાલયે પોતાની ગિરિમાળાઓની ગુંથણી ગુંથી છે. એમાં માત્ર ક્યાંકક્યાંક ખીણોમાં નાનકડાં નેસ જેવાં ગામડાં વસેલાં છે.

પરિચય

દંતકથા તો એમ કહે છે કે શરૂઆતમાં આટલો સપાટ પ્રદેશ પણ ન હતો. એ સ્થળે, આદિ કાળમાં, એક અતિ વિશાળ વિસ્તારી સરોવર હતું. મંજુશ્રી નામના દેવે એ સરોવરના પર્વતબંધ એક બે સ્થળેથી છેદી તેમાંથી નદી રૂપે પાણી વહેવડાવ્યું ને આ પ્રદેશને સપાટ તથા વસાહતને લાયક બનાવ્યો. એ નદી તે અત્યારની બાગમતી. આ કથાનો આપણે એવો અર્થ કેમ ન લઇએ કે ભગીરથે જેમ હિમાલયમાંથી ગંગાને ઉતારી ઉત્તર હિંદનો પ્રદેશ રસકસવંતો કર્યો, તેમ આ મંજુશ્રી પણ એના જ જેવો કોઇ સમર્થ ઇજનેરી શક્તિ દાખવનાર વિભૂતિ હશે, જેણે માનવીના નિવાસ માટે કુદરત પાસેથી આવું કામ લીધું હોય!

ભાતભાતની કોમો એ કાળથી અહીં વસીને પરસ્પર લોહીમિશ્રણ કરતી આવી છે. માગર, નેવાર, કિરાતી, ભૂટિયા વગેરે અહીંની મુળ કોમો મોંગોલ જાતિમાંથી ઉતરી આવેલી છે, એ એમના શરીરના ઘાટ પરથી સ્પષ્ટ જણાય છે. એ ઉપરાંત ખાસ વસ્તી અહીં ગુરખા રજપુતોની છે. એ સહનશીલ, અડગ અને શૂરવીર પ્રજા આ પ્રદેશનું ભૂષણ છે; નેપાળનું નાક છે. અંગ્રેજ સરકારની હિંદી સેનાનું આજ ગુરખા પલ્ટન એ મહત્ત્વનું અંગ છે; એ ગુરખા સૈનિકોએ છેલ્લા મહાયુદ્ધ વખતે યૂરોપના રણાંગણમાં પોતાનો હાથ બતાવી નેપાળની કીર્તિને દિગંતવિસ્તારી કરી છે.

ઇતિહાસ

રજપુતોની એ શાખા અહીં કયાંથી પહોંચી? ઉદેપુરના મહારાણા પ્રતાપના વંશના એ સૂર્યવંશી રજપુતોના અહીંના આગમનની માહીતી આપણને નેપાળના ઇતિહાસમાં મળે છે. એ ઇતિહાસનાં મૂળ કળિયુગના આરંભ જેટલાં ઉંડાં છે. એના સિંહાસન પર બંગાળના ગુપ્ત રાજાઓ, ગુજરાતના આહીર નૃપતિઓ અને પૂર્વ દેશના કિરાત રાજાઓ ગાદી જમાવી ગયા. કિરાતોનો સાતમો રાજા મહાભારતમાં પાંડવોની તરફથી લડેલો અને કુરુક્ષેત્રમાં ખપી ગએલો. સમ્રાટ અશોક જ્યારે નેપાળમાં ગએલો ત્યારે ત્યાં કિરાત રજપુતોનું રાજ્ય હતું. તે પછી ત્યાં સોમવંશી ને સૂર્યવંશી રજપુતોનું રાજ્ય થયું. ભગવાન શંકરાચાર્યે એ સમયે નેપાળમાં જઇને હિંદુ ધર્મની પુનર્રચના કરેલી.

તે પછી નવમી સદીના અરસામાં નાન્યદેવ નામનો રાજા પોતાની સાથે મોંગોલ જાતિના નેવાર લોકોને લઇ આવી અહીં વસ્યો. તેની પાસેથી ૧૧મા સૈકામાં બંગાળના વિજયસેન રાજાએ નેપાળ જીતી લીધું. બસો વર્ષ પછી ઇ. સ. ૧૩૨૪માં દિલ્હીના તઘલખશાહ બાદશાહે હાંકી કાઢેલો અયોધ્યાનો રાજા હરિસિંહદેવ નેપાળની તરાઇમાં આવી વસ્યો, અને તેણે ધીરેધીરે પોતાની સત્તા વિસ્તારી નેપાળ પચાવી પાડ્યું.

ચૌદમી સદીના અંતમાં, ચિત્તોડગઢના પતન પછી મેવાડના ક્ષત્રિય રાણાઓના વંશજો આ તરફ ચાલ્યા આવ્યા અને નેપાળની પશ્ચિમે ગોરખા નામના સ્થાનમાં વસ્યા; તે પરથી તેઓ ગુરખા કહેવાયા. એમાંના એક શક્તિશાળી નર પૃથ્વીનારાયણશાહે નેપાળ પ્રાંત કબજે કર્યો. એ વખતે નેપાળનું નામ કાંતિપુર હતું.

આ ઈ. સ. ૧૭૫૮ની સાલની વાત. પૃથ્વીનારાયણસિંહ એ ગુરખા રજપુતોના નેપાળના પહેલા ગાદીપતિ થયા; ત્યારથી આજ સુધી નેપાળની રાજગાદી એ જ વંશના હાથમાં છે અને અત્યારના ગાદીપતિ ત્રિભુવનવીરવિક્રમશાહ પણ એમના જ વંશના છે.

પણ વચમાં ૧૮૪૦ સુધી રાજવંશમાં ગાદીને માટે અનેક ખટપટો, ખુનો ને તકરારો થએલાં. લશ્કરમાં બે પક્ષ પડયા હતા એ બંને પક્ષો વચ્ચે રાજાઓ પર પરિબળ જમાવવા માટે ખુબ કાવાદાવા થયા. આખરે સેનાપતિ ભીમસિંહ થાપાનો પક્ષ જોરદાર બન્યો, અને એ વંશમાંથી એક સિંહ જેવો માનવી પ્રગટ થયો. એણે મરાઠાઓના દીવાન પેશ્વાઓની પેઠે, રાજકુળને પુતળા રૂપ કરી મુકી સમસ્ત રાજસત્તા પોતાને હસ્તગત કરી. એનું નામ જંગબહાદુર. એ પુરુષ નેપાલનો રાષ્ટ્રવિધાતા ગણાય છે. એ ૧૮૫૦નું વર્ષ હતું. સિંહાસન ઉપર પોતાની બેઠક સુદૃઢ કર્યા પછી એ વિલાયત ગયા. ત્યાંથી એણે રાજ્યશાસન અને સંસ્કૃતિનો નવો પ્રકાશ નેપાળને અંધારે કિનારે ઉતાર્યો ને અનેક સુધારાઓ કર્યા. પરંતુ એ વિચારશીલ પુરુષ પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રકાશમાં પતંગિયું બનીને ઝંપલાવી નહોતો પડયો. જુદી જ સંસ્કૃતિનું રૂધિર ધારણ કરનારી પોતાની પ્રજા જેટલું જીરવી શકે તેટલું જ પાશ્ચાત્ય તત્ત્વ એણે નેપાળના પહાડોમાં દાખલ થવા દીધું. ૧૮૭૭માં એની યશસ્વી કારકીર્દિનો અંત આવ્યો.

એ જંગબહાદુરના સમયથી નેપાળનું તંત્ર ત્યાંના પ્રધાનો—જંગબહાદુરના વંશજો જ ચલાવતા આવ્યા છે. રાજા મહારાજધિરાજ કહેવાય છે, પ્રધાન મહારાજા કહેવાય છે. પણ રાજા માત્ર નામના જ છે. બધી સત્તા, વહીવટ ને વ્યવસ્થા પ્રધાન કરે છે. હમણાં જેણે ગુલામીનું અવસાન નેપાળમાં જાહેર કરી અરધો લાખ ગુલામોના બંધ કાપ્યા એ ચંદ્રશમશેરજંગબહાદુર પણ નેપાળના પ્રધાન જ છે.

પ્રવેશ

નેપાળમાં જવું હોય તો ત્યાંના રાજ્યની પરવાનગી મેળવવી જોઇએ છે. પરંતુ ત્યાં જવું બહુ જ મુશ્કેલ છે એવી જે માન્યતા ચાલે છે તે ખોટી છે. ત્યાં કાપડનો વેપાર કરનારા અનેક મારવાડીઓ, મીઠાઈના દુકાનદાર પંજાબીઓ, મુસલમાનો અને બીજા ઘણા



આધુનિક નેપાળનો વિધાતાઃ સર જંગબહાદુર રાણા

હિંદવાસીઓ વસે છે. વળી વર્ષોવર્ષ ત્યાં પશુપતિનાથ નામના ધામની જાત્રા ભરાય છે એ વખતે પણ હિંદુસ્તાનમાંથી અનેક લોકો ત્યાં જાય છે.

હા, અંગ્રેજોને ત્યાં જવાની ખાસ મનાઈ છે ખરી. એ પ્રજાનો ઝાઝો પ્રવેશ નેપાળી રાજ્ય પોતાના દેશમાં ઈચ્છતું નથી. અંગ્રેજ રેસિડેન્ટ તથા તેના સાથી અમલદાર સિવાય નેપાળની સરહદમાં કોઇ અંગ્રેજનો કાયમી વસવાટ નથી.

રકસૌલ સ્ટેશને ગાડી અટકે છે. ત્યાંથી નેપાળના પાટનગર ખટમંડુ સુધી પોણો સો માઈલની પાકી સડક છે. રકસૌલ પાસે, બ્રિટિશ સરહદની સીમા ઉપર વીરગંજ નામનું નેપાળનું સમૃદ્ધ નગર છે. અહીંથી જ નેપાળમાં જવાના પાસપોર્ટ (પ્રવેશપત્ર) મળે છે.

વીરગંજ છોડયું કે નેપાળના પ્રદેશનું રક્ષણ કરતી કુદરતની પહેલી ચોકી તરાઇનું ઘાડું જંગલ આવે છે.



પશુપતિનાથ આગળનો ઘાટ : નેપાળ

હિંદુસ્તાનભરમાં આ જંગલ જંગલ તરીકે સર્વોપરિ ગણાય છે. અનેક પ્રકારની વનસ્પતિ અને જંગલી પ્રાણીઓથી તે ભર્યું પડ્યું છે. ઉનાળા સિવાય વરસના લગભગ આઠ માસ સુધી તેના ભેજવાળી હવા અને શરદીને લીધે મુસાફરી બહુ મુશ્કેલ છે.

નેપાળની પટીને દક્ષિણ કિનારે પથરાઇને પડેલું એ જંગલ વટાવતાં વેંત જ કુદરતની બીજી ચોકી હિમાલયની ગિરિમાળાઓ શરૂ થાય છે, અને એક બે જુના કિલ્લાઓ નજરે પડે છે. થોડે જ દૂર જતાં રસ્તો સાંકડા શિશાગઢી ઘાટમાં વળે છે અને અહીંથી નેપાળી લશ્કરની ચોકી શરૂ થાય છે. શિશાગઢી ઘાટમાં ૨૩૦૦ ફુટની ઉંચાઇએ આવેલા શિશુપુરીના કિલ્લાપર નેપાળી લશ્કરનું મજબુત થાણું છે, અને એ સાંકડા માર્ગપર ગુરખા સૈનિકોની આકરી ચોકી છે.

અહીંથી પાછો ઢોળાવ શરૂ થાય છે તે છેક નાચે પાનોની નદીના તટ સુધી. પાનોની ને તટેથી વાંક લેતો રસ્તો ચંદ્રગિરિના ઘાટમાં પ્રવેશ કરી ફરી પાછો ઉંચે ચડે છે. એ ઘાટને મથાળે પહોંચ્યા એટલે તમને નેપાળના પ્રદેશનાં દર્શન થાય છે. નીચે બે હજાર ફુટના નીચાણમાં હરિયાળાં ખેતરો, સર્પાકારે વહેતાં રૂપેરી ઝરણાં અને દૂરદૂર ખટમંડુ નગરમાં શ્વેત મકાનો ને મંદિરોનાં શિખરો આંખ આગળ રમ્ય દૃશ્ય ખડું કરે છે.

પર્વતની આટલી ઉંચાઇએ આવતાં હવા પાતળી થતી લાગે છે; પણ હજી આગળ જતાં મુસાફરી વધુ મુશ્કેલ બને છે. અહીંથી રસ્તો એકદમ ભીંત જેવો સીધો નીચે ઉતરે છે. વચ્ચે કોઇકોઇ જગ્યાએ કુદરતી પગથિયાં બની રહેલાં છે. આ લગભગ અઢી માઇલનો ઢોળાવ ઉતરી અનેક ખેતરો અને ઝરણાં વટાવતા સાત માઇલની મુસાફરી કરી તમે ખટમંડુની આજુબાજુનાં પરાંમાં પ્રવેશ કરો છો.

નેપાળની રાજધાની ખટમંડુ પહાડની તળેટીમાં કંકણાકારે વસેલું છે. ખટમંડુ શબ્દ મુળ 'કાષ્ટમંડપ' (લાકડાનો મંડપ)નો અપભ્રંશ છે. કહેવાય છે કે પહેલાં અહીં એક જ વૃક્ષનાં લાકડાંમાંથી આખું મકાન બંધાઇ રહેતું, એથી આ નામ પડેલું. આજે પણ મકાનોમાં મોટે ભાગે લાકડાનો વપરાશ હોય છે.

ચોમેર પર્વતો આવેલા હોવાથી નેપાળમાં નદીઓ બહુ જુજ છે; અને તે પણ નાની નાની. ખટમંડુની પૂર્વે વહેતી મનોહરા ને બીજી બાગમતી બે નેપાળની મુખ્ય નદીઓ છે. ખટમંડુથી બે માઇલ દૂર શંખમૂલ



નેપાળનાં રાણી

ગજના ગજ લાંબા કપડાનાં સીવેલાં આવાં અતિશય ઘેરવાળાં લુગડાં નેપાળમાં બહુ સુંદર અને માનભર્યાં મનાય છે. રાણીના કેશગુંફનમાં સોનારૂપાનાં ફુલ ગુંથેલાં છે. બાજુમાં ઉભેલી બધી દરબારી સ્ત્રીઓની કેશગુંફનની પદ્ધતિ જુદી છે.

નામનો ત્રણ નદીઓનો સંગમ બહુ પ્રસિદ્ધ છે.

બાગમતી ને બસુમતીના સંગમ પર આવેલું ખટમંડુ ઇ. સ. ૭૨૩માં રાજા કામદેવે વસાવેલું. આજે પણ શહેર દેખાવે આકર્ષક છે, અને સુંદર કોતરણીવાળાં મકાનો, પહોળા રસ્તા તથા મહેલો ને મંદિરોથી સુશોભિત છે. શહેરની વસ્તી પચાસેક હજારની છે.

અત્યારે તો એકલું ખટમંડુ જ નેપાળની રાજધાની ગણાય છે; પરંતુ જુના વખતમાં બીજી બે રાજધાનીઓ હતીઃ ભટગામ અને પાટણ. પાટણનું મુળ નામ લલિતપટ્ટન હતું. તે ખટમંડુ કરતાં પણ પુરાણું છે. રાજા વીરદેવે તે વસાવેલું. તે પણ ખટમંડુની પેઠે કંકણાકારે—ગોળાકારમાં વસેલું છે. લોકો એને બુદ્ધદેવના ધર્મચક્રની ભક્તિભરી ઉપમા આપે છે. ખટમંડુથી બે જ માઇલ દૂર તે આવેલું છે.

ભટગામ ખટમંડુથી નવ માઇલને અંતરે આવેલું છે. શહેર શિવજીના ડમરૂના આકારમાં વસેલું છે. ઇ. સ. ૮૬૫માં રાજા અનંગમલે તે વસાવેલું. ખટમંડુ અને પાટણ કરતાં અહીં જુના વખતનાં મકાનો વધારે સારી હાલતમાં અને સૌંદર્યમાં ચડિયાતાં છે. શહેરની પશ્ચિમ અને દક્ષિણ દિશાએ પુષ્કળ તળાવો છે. એક વખત તો, એ નેપાળની રાજ્યધાની હતું ત્યારે, આ શહેરે બહુ સમૃદ્ધિ ને જાહોજલાલી જોએલી. કહેવાય છે કે એનાં તળાવોમાં ચીનથી સોનેરી રૂપેરી રંગની માછલીઓ લાવીને રાખવામાં આવેલી. આજે પણ શહેરનાં જુનાં મકાનો કલાસમૃદ્ધ છે. અહીંની વસ્તી શુમારે ત્રીસેક હજારની હશે. શહેરના મધ્ય ભાગમાં અહીંના બે વીર પુરુષો જયમલ અને ફત્તાની સુંદર પ્રતિમાઓ ઉભી છે.

નેપાળનાં જુનાં મકાનો અને મંદિરો કારીગરીથી અત્યંત ભરપુર હોય છે. તેમની બાંધણી તદ્દન જુદા જ પ્રકારની લાગે છે, અને પગથિયા પર, બંને બાજુએ વિવિધ પ્રકારનાં પ્રાણીઓ તથા મનુષ્યોની મૂર્તિઓ બેસાડેલી હોય છે. ઘણાંખરાં મકાનોનાં છાપરાંની ગાંખો, ચીનનાં મકાનો પેઠે ઝુલીને પહોળી થએલી હોય છે. આવાં વિવિધસૌંદર્યવાળાં મકાનો વચ્ચે થઇને વહેતા સાંકડા ને વાંકાચુંકા રસ્તાઓમાં રંગબેરંગી

વસ્ત્રો પહેરેલાં નેપાળી નરનાર તથા ખભે કાવડો લઇ ફરતા ફેરીઆઓ કેવાં સુંદર લાગતાં હશે!

આ ત્રણ શહેરો સિવાય બીજાં નાનાંમોટાં સાઠેક નગરો નેપાળમાં છે, જેમાંનાં પશુપતિ, કીર્તિપુર, થાનકોટ, શાખુ અને ગોકરન મુખ્ય છે. પશુપતિ તો જાત્રાનું મોટું ધામ છે અને અસંખ્ય મંદિરોથી ઉભરાય છે. હિંદમાં જેમ કાશી તેમ ત્યાં એ અતિ મહત્ત્વનું પવિત્ર ધર્મતીર્થ ગણાય છે. વર્ષોવર્ષ ત્યાં મોટા મેળા ભરાય છે અને એ જાત્રા વેળા હિંદુસ્તાનમાંથી પણ ઘણા જાત્રાળુઓ જાય છે.

નેપાળમાં હિંદુ ધર્મ પ્રચલિત છે. શૈવ, કાલિ અને બૌદ્ધ એ ત્રણે શાખાઓ અહીં છે અને એકને માનનાર બીજા ધર્મ પણ માને છે. આટલા નાના સરખા રાજ્યમાં જેમ અનેક જાતિઓ વસેલી છે, તેમ ભાષાઓ પણ એક કરતાં વધુ બોલાય છે—જુદીજુદી છ ભાષાઓ. મુખ્ય પ્રચલિત ભાષા પરબતિયા સંસ્કૃતને મળતી છે. ભુટિયા લોકો તિબેટી ભાષા બોલે છે.

આગળપડતી વસ્તી અહીં ગુરખાની છે. એ કોમ શરીરે ઠીંગણી પણ અતિશય મજબુત અને લડાયક છે; અને મોટે ભાગે લશ્કરમાં જ રોકાએલી હોય છે. ખેતી, વેપાર, કારીગરી વગેરે શાંત અને વૈશ્યનો ધંધો નેવારી લોકોને હાથ છે. ગુરખાઓનું પરિબળ થયા પછી એ કોમ પાછળ પડી ગઇ, છતાં દેશની સંસ્કૃતિ હજી એ જ જાળવી રહી છે. વેપાર ઘણોખરો એ લોકોને હાથ છે; શ્રીમંતો એ જ જાતિમાં વધારે છે; શિલ્પી, કલાકાર અને કારીગરો પણ એ જ જાતિમાંથી મળી આવે છે; ઘણીખરી ખેતી પણ નેવારીઓ જ કરે છે; નેવારી સ્ત્રીઓનો વણાટ નેપાલભરમાં પંકાય છે; ત્રાંબા પિત્તળનાં વાસણના બેનમૂન ઘાટ અને બીજી કોતરણી તથા સુંદર ધાતુકામ પણ એ નેવારીઓના હાથની જ કળા છે.

કિરાતી લોકો મોટે ભાગે શિકારી તરીકે વખણાય છે. તેઓ ગુરખા કરતાં પણ ઠીંગણા અને વધુ ચપટા ચહેરાના હોય છે. ભુટિયા જાતિ લગભગ પહાડોમાં જ વસે છે અને ઘણુંખરૂં મજુરી કરે છે. બબ્બે મણના બોજા પીઠ પર ઉઠાવી હિમાલયના આ કપરા પહાડો પર તેઓ સરળતાથી લાવ લઇજા કરી શકે છે.

પહેરવેશ બધા લોકોનો લગભગ એક સરખો જ છે. ચોરણા, ઉપર ઝબ્બો અને કમ્મરે મજબુત બાંધેલી ભેટમાં પોતાનું માનીતું હથિયાર કુકરી. શીખ લોકોનું જેમ કિરપણ—નાની તલવાર—એ માનીતું શસ્ત્ર છે, તેમ ગુરખાઓનું શસ્ત્ર તે આ કુકરી. એ જમૈયાના આકારનું તીક્ષ્ણ હથિયાર હોય છે, અને ગુરખા બચ્ચો જન્મથી જ તેની સાથે હળેલો હોય છે. એ કુકરીના યુદ્ધે તો યૂરોપના રણમેદાન પર ભલભલા ગોરા લશ્કરને તોબા પોકરાવેલી.

સ્ત્રીઓના પહેરવેશમાં પણ ખાસ ફેર હોતો નથી. માત્ર તેમના ચોરણામાં કાપડ ઘણું જ વપરાય છે;—કોઇ કોઇ વાર તો ૪૦ થી ૬૦ ગજ જેટલું. આગળનો ભાગ જમીનને અડતો ને પાછલો ભાગ બહુ ઉંચો રાખવામાં સુંદરતા મનાય છે. અને રંગની વિવિધતા પણ એમને બહુ જ ગમે છે. સ્ત્રી અને પુરુષ ફુલનાં તો ખુબ જ શોખીન. પહાડોમાં ફુલની ખોટ હોય? સ્ત્રીપુરુષ ફુલના શણગાર સજી રાચે છે.

બ્રાહ્મણો સિવાય અહીં બધી જાતિ માંસાહાર કરે છે. પરદેનશીન રહેવાનો રિવાજ પણ હજી સુધી ચાલે છે; જોકે તેમાં ધીમેધીમે સુધારો થતો જાય છે. માણસ એક કરતાં વધુ સ્ત્રી પરણી શકે છે; અને પતિના મરણ પછી સ્ત્રીએ ધામધુમથી પાછળ સતી થવાનો રિવાજ પણ હતો. ગુલામીનો ચાલ તો હજી હમણાં સુધી હતો એ આપણે જાણીએ છીએ. આ બધામાં રાણા જંગબહાદુરના સમયથી સુધારા અને ફેરફાર દાખલ થતા આવ્યા છે. સતીનો ચાલ અટકાવવાને જંગબહાદુરે ખુબ પ્રયત્નો કરેલા.

નેવાર લોકોની વિવાહપદ્ધતિ બહુ જુદી છે. દરેક નેવાર કન્યાનો વિવાહ નાનપણમાં જ એક વેલના ફળ સાથે કરવામાં આવે અને તે ફળને નદીમાં પધરાવી દે છે. પછી કન્યા મોટી વયની થાય ત્યારે તેને લાયક વર શોધીને પરણાવે છે. છતાં સંજોગવશાત સ્ત્રીને પતિ ન ગમે તો તેના ઓશીકા નીચે સોપારી મુકી તે વિદાય થાય છે અને પોતાની મરજી મુજબ બીજે લગ્ન કરી શકે છે. પતિ પણ એ સોપારીની સંજ્ઞાથી સમજી જાય છે કે હવે પોતાને તે સ્ત્રી સાથે કોઇ પ્રકારનો સંબંધ રહ્યો નથી.

નેપાળમાં તહેવારો આપણા કરતાં કંઇક વિશેષ હોય છે. આપણી પેઠે નાગપંચમી, દશેરા, દીવાળી

વગેરે તહેવારો તો ત્યાં છે જ. એ ઉપરાંત મત્સ્યેન્દ્ર ઉત્સવ, ગોદડીફાડ, બાજરા જોગિની, સાઠી યાત્રા, ઘંટાકરણ એ જુદા તહેવારો છે.



નેપાળી કુમારો

વૈશાખી પ્રતિપદાના દિવસથી મત્સ્યેન્દ્ર ઉત્સવ શરૂ થાય છે. ભોગમતી ગામમાં આવેલી નેપાળીઓના અધિદેવતા મત્સ્યેન્દ્રનાથની મૂર્તિની યથાવિધિ પુજા કરી તેને રથમાં બેસાડી સવારી કાઢવામાં આવે છે. તે મોટાં મોટાં શહેરોમાં ફરી પંદર દિવસે પાટણ પહોંચે છે. થોડા દિવસ પછી ફરી એટલી જ ધામધુમથી મૂર્તિને પાછી ભોગમતી લઇ જવામાં આવે છે. એ વેળા મૂર્તિના ધાબળાને લોકોની મેદનીમાં ખંખેરવામાં આવે છે. આ દિવસને લોકો ગોદડીફાડ કહે છે.

બાજરા જોગિનીની યાત્રા વૈશાખ વદ ત્રીજથી ભરાય છે ને આઠ દિવસ ચાલે છે. એ જોગિનીની મૂર્તિ શાખુ ગામમાં છે. મૂર્તિને ખાટપર મુકી ગામમાં ફેરવવામાં આવે છે. આપણી રથયાત્રા જેવું જ.

સાઠી યાત્રાનો મેળો જેઠ સુદ છઠને દિવસે બસુમતી નદીને કિનારે ભરાય છે. શરૂઆતમાં લોકો આનંદથી ભોજન વગેરે કરે છે, અને પછી બે ભાગમાં વહેંચાઈ જઇ પથ્થર અને ઇંટોથી સામસામા યુદ્ધ ખેલે છે,–આપણી હોળીના યુદ્ધ પેઠે. અગાઉના વખતમાં તો આ યુદ્ધ બહુ ભયંકર રૂપ લેતું, અને એમાં જો કોઈ કેદ પકડાતો તો કંકેશ્વરી દેવીને તેનો ભોગ ધરાતો. આ જ તો એ ભયંકરતા નાબુદ થઇ છે; માત્ર છોકરાઓ જ એ રીતે રમે છે.


શ્રાવણ સુદ ચૌદશે ઘંટાકરણનો તહેવાર આવે છે. ઘંટાકરણ નામના રાક્ષસને તે દિવસે નેપાળમાંથી હાંકી કાઢવામાં આવેલો એ પુરાણકથા અનુસાર આ ઉત્સવ ઉજવાય છે, અને એ રાક્ષસની માટીની મૂર્તિ બનાવી રસ્તે જતા આવતા લોકો પાસેથી છોકરાઓ ઉત્સવ માટે પૈસા ઉઘરાવે છે.

નેપાળનો આ આછો પરિચય ત્યાંના પ્રદેશ, પ્રજા અને સંસ્કૃતિનું ઝાંખું ચિત્ર રજુ કરે છે. આજ તો વીસમી સદીની સંસ્કારધારા ત્યાં પણ થોડીઘણી વહી રહી છે, અને નૂતન યુગ અનુસાર ઉચિત ફેરફારો થયા કરે છે. પરંતુ એ ઘણા જ વિચારપૂર્વક તથા પોતાની સંસ્કૃતિ અને સ્વાતંત્ર્ય સાચવીને કરવામાં આવે છે. આધુનિક નેપાળના નૂતન સ્વરૂપના વિધાતા મહારાણા જંગબહાદુરે જે પ્રકારે એની શરૂઆત કરી છે તેને અનુસરીને જ એ આગળ વધારવામાં આવે છે. રાજ્યમાં આજે શાળાઓ તથા કૉલેજો છે, હાઇકોર્ટ અને ધારાસભા છે, પોતાના સિક્કા પાડનારી ટંકશાળ અને ટપાલ છે, ઇસ્પીતાલો અને ઇજનેરી કામનાં કારખાનાં છે, નળ અને વિજળી પણ છે. લશ્કરી શિક્ષણ આપવા માટે પશ્ચિમની છેલ્લી ઢબ અનુસાર મિલિટરી સ્કુલ છે, જેમાં નેપાળી જુવાનો લશ્કરી તાલીમ પામે છે. કેળવણી દેશભરમાં મફત છે. કન્યાકેળવણીની જાહેર સંસ્થાઓ બીલકુલ નથી, છતાં નેપા-

ળની કન્યાઓમાં સેંકડે એક કન્યા માંડ અભણ નીકળે. પ્રત્યેક કન્યાને ઘેર શિક્ષણ આપવામાં આવે છે.

લશ્કરી તાલીમ પર રાજ્ય ખાસ ધ્યાન આપે છે અને દારૂગોળો તથા લડાઇનો સરંજામ બનાવવાનું કારખાનું પણ પોતાને ત્યાં જ ઉભું કરેલું છે, જ્યાં જાપાનમાં કેળવાએલા નેપાળીઓની દેખરેખ નીચે દારૂગોળો તથા હથિયારો બને છે.

અદ્‌ભુત શૌર્ય અને ગેબી કુદરતલીલાની આ ભૂમિમાં સૌથી અટળ છાપ આંકનાર જો કોઇ વસ્તુ હોય તો તે નેપાલના અમાત્ય ચંદ્રશમશેરજંગની વ્યક્તિપ્રભા છે. જેની મુત્સદ્દીગીરી અને રાજનૈતિક કાબેલિયતની પ્રશસ્તિ સારા હિંદમાં સંભળાય છે તે ગિરિવરનિવાસી અતિશય અમાત્ય નિરાડંબરી, મધુરભાષી, સૌમ્ય અને લોકપ્રિય છે. એનામાં પ્રજાપાલકની કોમળતા સાથે ન્યાયતખ્તે વિરાજનાર ઇશ્વરના પયગામધારીની ભવ્ય સખ્તાઇ છે. કુબેરના સમૃદ્ધિભંડારોની સાથોસાથ દિન રાત કામ કરવાની શ્રમજીવીઓ જેટલી જ તાકાત છે. અને તેથી જ તેનો રાજ્યવહીવટ કોઇ નિર્મળ સરિતાપ્રવાહ જેવો સ્વચ્છ અને સ્વાભાવિક વહ્યો જાય છે. બહારની દુનિયા તેને ગુલામોના ઉદ્ધારક તરીકે કે માત્ર કાબેલ સત્તાધારી કરીકે જાણે છે. પણ એની માનવતાનો સાચો પરિચય તો એને આંગણે મુલાકાત લેનારને જ થાય છે. એની રૈયતનો અદના ખેડુત પણ એને દ્વારે ક્ષોભ પામ્યા વિના વેદનાની વાતો બોલી શકે છે. એણે પોતાના અંગારઝરતા શૌર્યને ચારિત્ર્યની પવિત્રતા વડે ઉજાળ્યું છે, પોતાની પ્રખર ન્યાયવૃત્તિને દયાના માર્દવથી દેદિપ્યમાન કરી છે. એના રાજછત્ર નીચે પ્રજા પોતાની જાતને સ્વાધીન માની સુખમય જીવન ભોગવે છે. રાજ્યસંસ્થાઅને અખિલ હિંદુવટના શણગાર રૂપ નેપાલના આ રાજકર્તાને સૌ અમી નજરે નિહાળે છે. આખા બ્રિટિશ સામ્રાજ્યમાં સ્વાધીન હિંદુ રાજ્યસંસ્થા તરીકે નેપાળની કીર્તિ દિગંતમાં મઘમઘે છે. રૂદ્ર સૌંદર્ય ધારતા પહાડોની ટોચે હિંદુવટની સ્વાધીનતાની દેહધારી મૂર્તિ સમાં એનાં દેવમંદિરો આભ સામે શૃંગ ઉછાળી અશોક અને હર્ષવર્ધનની સ્મૃતિને સજીવ બનાવે છે. એ દૃશ્ય નિરખનાર હિંદુ પ્રવાસીનું મસ્તક પણ એટલા જ ગૌરવમાં સહજ ડોલવા લાગે છે. [સંપાદિત]



કલકલિયો

તથા નાનો નીલકંઠ

તળાવ અથવા નદીને કિનારે કોઈ ઉડતા પક્ષીની પાંખોથી જ્યારે તમને આકાશ ચકચકતા વાદળી રંગથી રંગાઇ ગયું લાગે ત્યારે સમજવું કે તે પક્ષી બીજું કોઈ નહિ પણ કલકલિયો. તેના આવા આકર્ષક રંગથી અને ઉડતી વખતે ચિત્કાર કરવાની તેની ટેવથી આ પક્ષી આપણામાંના ઘણાને પરિચિત છે. મેં નાનપણમાં ઘણીવાર આ પક્ષીને બોલતું સાંભળેલું, (અને મારાં વૃદ્ધ માજી એમ કહેતાં કે તે જેના ઘર ઉપરથી બોલતું બોલતું ઉડે તેના ઘરમાં અવશ્ય કંકાસ થાય) પણ તેને જોયું તો બહુ જ મોડું. બે વર્ષ ઉપર મારા પાણીના નળ પાસે આવેલા લીમડાની ડાળે તેને જોયું અને તેના રંગ અને આકારથી તરત ઓળખ્યું. ઘેરી રાતી ચાંચ, ચકચકતા લાલ પગ, સફેદ છાતી અને ગળું, પડખે તથા માથે ભુરો રાતો રંગ; અને તે બધાની ઉપર ઉઠાવદાર પાંખો અને પુંછડી ચકચકિત વાદળી રંગનાં. આટલા બધા રંગનું એકીસાથે મિશ્રણ અવશ્ય દિલ આકર્ષે તેવું છે. અને તેમાંયે જ્યારે તે ચિત્કાર કરી ઉડે છે ત્યારે તેની પાંખોના વાદળી રંગથી જાણે આખું આકાશ બે ઘડી છવાઇ રહ્યું હોય તેમ આપણને લાગે છે. તેની વાદળી પાંખોમાં કાબરની માફક સફેદ પટ્ટા હોય છે. તેનું કદ જોકે કાબર જેટલું જ હોય છે, પણ તેની સીધી લાંબી ચાંચ અને ટુંકી પુંછડી જોતાં આપણને તે જુદી જ જાતનું પક્ષી લાગ્યા વગર ન રહે. આ પક્ષીનો મુખ્ય ખોરાક નાનાં માછલાં છે. તળાવ અથવા નદીને કિનારે, પાણી ઉપર આવેલા કોઇ ઝાડની ડાળ, પત્થરના ખુણા કે તારના થાંભલા ઉપર તે બહુ જ શાંતિથી બેસે છે. પાણીમાં એકાદ માછલું ઉપર આવેલું જુએ કે એકદમ પડતું મુકે છે અને એક ક્ષણમાં તો માછલું પકડી બહાર આવી પોતાને સ્થળે બેસી જાય છે. પણ ઘણી વાર તે આવા પ્રયત્નમાં નિષ્ફળ જાય છે અને તેથી તેને પોતાના પોષણ માટે બહુ જ મહેનત કરવી પડે છે. માછલાં પકડવામાં ફાવે તેવી લાંબી સીધી ચીપિયા જેવી ચાંચ અને પાણીમાં ડુબકી મારતાં નડે નહિ એવી ટુંકી પુંછડી તે એના ખોરાક મેળવવાના કામમાં બહુ જ ઉપયોગી છે. માછલાં ઉપરાંત



કલકલિયો



કલકલિયાનાં ઇંડાં

તે ટીડ વગેરે નાનાં જીવડાં પણ ખાય છે.

કલકલિયો એકલસુરૂં પક્ષી છે. ફક્ત એક જ વખત સિવાય કલકલિયાને મેં એક કરતાં વધુ સંખ્યામાં જોયા નથી. માત્ર ઈંડાં મુકવાની ઋતુમાં જ તેનો જોટો નજરે પડે છે. કુદરતે તેને જેવો સુંદર બનાવ્યો છે તેવી જ સુંદર તેની સ્થળ પસંદ કરવાની રીત છે. ગામથી થોડે દૂર સુંદર તળાવ, વૃક્ષોની લીલીછમ ઘટા, કિનારા પર આવેલી પત્થરની ધાર,—આવા જ કોઇ સુંદર સ્થળમાં મોટે ભાગે કલકલિયાનો વાસ માલુમ પડે છે. અને આ બધી ખુબસુરતી એકબીજા સાથે એવી તો મળી જાય છે કે કોઇ સારા ચિત્રકારને પણ બે ઘડી ત્યાંથી ખસવું ન ગમે. પોતાનો માળો પણ તે આવે સ્થળે જ બનાવે છે. તેમના માળા નદી, તળાવ કે કુવાની દીવાલોમાં હોય છે. મોટે ભાગે ઉંદરે બનાવેલાં દરનો તેઓ માળા તરીકે ઉપયોગ કરે છે; કોઇ વાર પોતે પણ ચાંચથી ખોદીને ઉંડું દર બનાવે છે.

એક વખત, ગયા જુન માસમાં અમારે કલકલિયાનાં ઇંડાંના આકાર સંબંધે ચર્ચા થઇ. કોઇક કહે કે તે તદ્દન ગોળ હોય છે, જ્યારે બીજા કહે કે તે લંબગોળ હોય છે. આ વાતનો નિર્ણય કરવા અમારા મિત્ર ભાઇ પદ્મકાન્તે કલકલિયાનો એક માળો વિક્ટોરિયા પાર્કમાંના એક ભાડીઆ કુવામાં શોધી કાઢ્યો. અમે બંને એક સાંજે તે જોવા ઉપડ્યા. કુવામાં સહેલાઈથી ઉતરાય એવું હતું તેથી અમે અંદર ઉતર્યા. કલકલિયો તો અમને જોઇને ક્યારનો ઉડી ગયો હતો. કુવાની દીવાલમાં એક ગોળ દર હતું. તેનું મોં એટલું સાંકડું હતું કે અમારો હાથ અંદર જઈ શકે તેમ ન હતું, તેથી અમે તેને છોલીને સહેજ મોટું કર્યું. તે લગભગ બે ફીટ જેટલું ઉંડું હતું અને તેને છેડે એક ઓરડા જેવું વધુ મોટું ગોળ કાણું હતું. એમાં ચાર-પાંચ ઇંડાં હોય તેમ લાગ્યું. તેમાંથી અમે બે બહાર કાઢ્યાં. ઇંડાં તદ્દન સફેદ અને આકાર એટલો બધો સરખો કે પ્રથમ દૃષ્ટિએ તો તે ગોળ જ લાગે; પણ બહુ જ બારીક તપાસથી જણાય કે તે સહેજ લંબગોળ છે. બીજાઓની ખાતરી કરવા માટે અમે ઇંડાં સાથે ઉપાડ્યાં. પક્ષીના મારા અભ્યાસ દરમિયાન ઈંડાં ઉપાડવાનો આ પહેલો જ પ્રસંગ હતો. ઇંડું ઘેર લાવી એક ડબ્બીમાં તો મુક્યું, પણ પછી કૈંક ગુનોહ કર્યો હોય તેમ દિલ બળવા લાગ્યું. હવે પાછું મુકવા જવું તો નિરર્થક; કેમકે માબાપની હૂંફમાંથી બેત્રણ કલાક દૂર કરેલું ઇંડું નકામું થઇ જાય છે અને તેમાંથી બચ્ચું નીકળતું નથી. બે દિવસ પછી તે ઇંડું ગંધાઈ ગયું છે કે સુકાઇ ગયું છે તે જોવા મેં ડબ્બી ઉઘાડી. (ઇંડાં સાચવવાના બે રસ્તા છે. એક તો તેને સુકાઇ જવા દેવું; અથવા તેમાં ઝીણું કાણું પાડી બધો રસ બહાર નીકળી જવા દેવો ને પછી તે કાણામાંથી એમાં ઉનું મીણ રેડવું.) ત્યાં તો મેં તેમાં કલકલિયાનું બચ્ચું ખોરાક માટે મોઢું ફાડી બેઠેલું જોયું! મને તો આ ચમત્કાર લાગ્યો. બે કલાકે માબાપની હૂંફ સિવાય ઇંડું નકામું થઈ જાય તેવી માન્યતા અને બીજી બાજુ બે દિવસે જીવતું બચ્ચું કોઇના સેવ્યા સિવાય નીકળે તે વાત અમારા મંડળમાં ચમત્કાર રૂપ ગણાવા લાગી.

હવે પેલું બીજું ઇંડું અમારા મિત્રને ત્યાં હતું તેનું શું થયું તે અમારે જોવાનું રહ્યું. તેમાં પણ બચ્ચું તૈયાર થઈ ગયું હોય તેમ લાગ્યું. તે અંદરથી ચાંચ મારી ઇંડું ફોડવા યત્ન કરતું હતું અને તે પ્રયત્નને લીધે ઇંડું પોતાની મેળે ટેબલ ઉપર ધીમેધીમે ફરતું હતું. અમે તે ઇંડું ફોડ્યું અને તેમાંથી પણ તંદુરસ્ત બચ્ચું નીકળ્યું. બંને બચ્ચાંને અમે તેમનાં માબાપને સોંપી આવ્યા અને ઇંડાંની ચોરી કરી હતી તેનું પ્રાયશ્ચિત્ત બચ્ચાં પાછાં સોંપીને કર્યું.

કલકલિયાનું બચ્ચું જોઇએ ત્યારે આપણુને એમ જ થાય કે આટલા નાના ઈંડામાં આવડું મોટું બચ્ચું સમાયું હશે કેવી રીતે! લાંબી ચાંચ, મોટામોટા ડોળા, ટૂંકી પુંછડી અને રૂંવાટી વગરનો આપણી હથેળી જેવો રંગ. તેમાં યે પાછે પગે ચાલવાની તેની રીત ખાસ ધ્યાન ખેંચે છે. દરની અંદર મોટાં થતાં બચ્ચાં લગભગ પાછે પગે ચાલતાં માલુમ પડે છે. માળામાં કોઇ જાતની પથારી હોતી નથી; પણ ખાધેલાં માછલાંનાં ઓકી કાઢેલાં હાડકાં બધે પથરાએલાં હોય છે, (ન પચે તેવો ખોરાક પાછળથી ઓકી કાઢવાની આ પક્ષીમાં ખાસ ખાસિયત છે.) અને તેને લીધે પક્ષી પોતે તેમ જ તેનો માળો બહુ જ દુર્ગંધ મારતો હોય છે. આવું સુંદર પક્ષી, આજુબાજુ આવી સુંદર કુદરતની રચના અને તેમાં આટલું દુર્ગંધ મારતુ રહેઠાણ; એ યોગ બહુ જ વિચિત્ર લાગે છે.

ભાવનગરથી સાતઆઠ માઇલ દૂર બીકડાનો બંધ આવેલો છે. ત્યાં માલણુ નદીનાં પાણી અટકાવી ભાવનગરના બોર તળાવમાં વાળવામાં આવે છે. ત્યાં હું એક વખત ગયો હતો. સાંજનો સમય હતો. બંધનું પાણી દીવાલ ટપીને ધોધ માફક નદીમાં પડતું હતું. એક બાજુ આંબાનું વન આવી રહ્યું હતું અને બીજી બાજુ બંધની દીવાલ ઉપર સફેદ છાતી અને વાદળી પીઠ વાળા છ સાત કલકલિયા બેઠા હતા. તેઓ વારંવાર પાણીમાં ડુબકી મારી શિકાર મેળવતા હતા. આટલા બધા કલકલિયા એકાસાથે મેં અહીં જ પ્રથમ જોયા. એ પક્ષીનો એકલવાયો સ્વભાવ જોતાં આ બહુ જ વિચિત્ર ગણાય. સાથે બીજી જાતના પણ ત્રણચાર કલકલિયા હતા. આ કલકલિયાને અંગ્રેજીમાં પાઇડ કિંગ ફિશર (Pied king-fisher) કહે છે. એ કાબર જેટલો મોટો હોય છે અને તેને આખે શરીરે કાળા અને સફેદ પટ્ટા હોય છે. માત્ર પગ તદ્દન કાળા અને ચાંચ લાંબી હોય છે. આ કલકલિયા પેલા સફેદ છાતી અને વાદળી પીઠ વાળા કલકલિયાની માફક ટીડ કે બીજી જીવાત ખાતા નથી, પણ કેવળ માછલાં ઉપર નિર્વાહ ચલાવે છે. તે ડાળ કે પથ્થર ઉપર શિકારની શોધમાં બેસતા નથી, પણ પાણી ઉપર સતત ઉડયા જ કરે છે અને માછલું ઉપર આવેલું જુએ કે અદ્ધર થંભી જાય છે. પછી પાંખો બીડી માથું નીચે રાખી પત્થરની માફક પડતું મુકે છે અને શિકાર પકડી બહાર નીકળે છે. આની પણ માળા બાંધવાની, ઇંડાં મુકવાની તથા સેવવાની રીત વાદળી કલકલિયા જેવી જ છે.

આ સિવાય ચકલી જેવડા બીજા નાના વાદળી કલકલિયા પણ થાય છે, જેમની છાતી સફેદ હોતી નથી પણ ભુરી રાતી હોય છે. માત્ર ડોકે અને આંખ પાસે સફેદ ડાઘ હોય છે. એ સિવાય કાગડા જેવડા મોટા પણ સહેજ આછા વાદળી રંગના કલકલિયાની એક ચોથી જાત થાય છે. આ બધી જાતના કલકલિયામાં શિકારની રીત, ન પચે તેવો ખોરાક ઓકી કાઢતી રીત, ઇંડાં મુકવાની પ્રથા તથા ઋતુ (એપ્રિલ–મે–જુન), દરમાં માળા બનાવવાનો સ્વભાવ તથા પગનાં આગલાં આંગળાં ચામડીથી ચોંટેલાં;—આ બધું એકસરખું હોય છે.

પક્ષી–વિશારદો બીજા એક નાના સુંદર પક્ષીને આ કલકલિયાના વર્ગમાં મુકે છે. તેનું કારણ શું છે તે બરાબર સમજાતું નથી, કેમકે તેની અને કલકલિયાની વચ્ચે સમાનતાનાં ચિહ્નો કરતાં અસમાનતાનાં ચિહ્નો વધારે છે. છતાં આપણે તો એ સુંદર પક્ષીનો અભ્યાસ અહીં જ કરીએ. આ પક્ષી આપણે ત્યાં બહુ જ સામાન્ય છે. કોઇ વાર નાનું ચકલી જેવડું લીલું પક્ષી તમે તારની વાડ કે રેલવે લાઈનના તાર ઉપર બેઠેલું જુઓ ત્યારે સમજવું કે એ પક્ષી તે નાનો નીલકંઠ; અથવા અંગ્રેજીમાં બી–ઇટર (Bee-eater.) લીલું પક્ષી, રાતી આંખ, આંખ આગળ કાળી લીટી, ગરદન સહેજ વાદળી, માથું તથા પીઠ તપાવેલા સુવર્ણ જેવાં રાતાં અને કદિ ન ભુલાય તેવાં, પુંછડીમાંથી બહાર નીકળતાં બે લાંબાં કાળાં પીછાં;—



નાનો નીલકંઠ

આવું, સૌંદર્યના નમુના સમું ચકલાં જેવડું પંખી તે નીલકંઠ. તેના પગની રચના, દરમાં ઇંડાં મુકવાની રીત અને પાંચ છ સફેદ ઇંડાં એ બધું કલકલિયાને મળતું આવે છે; પણ સહેજ વાંક વળેલી પાતળી ચાંચ, લાંબી પુંછડી, એકલવાયા નહિ પણ ટોળાંમાં ફરવાનો સ્વભાવ, ઝીણો પણ મીઠો અવાજ તેને કલકલિયાથી બીલકુલ જુદું પાડે છે. સામાન્યરીતે રેલવેના તાર ઉપર આ પક્ષી ઘણું નજરે પડે છે. ગયા નવેમ્બરમાં હું મદ્રાસ તરફ ગયો ત્યારે તો મદ્રાસની નજદીકમાં તારને થાંભલે થાંભલે તેનો એક-એક જોટો મેં જોયો. હવામાં ઉડતાં જીવડાં પકડવા તે વારંવાર ઉડે છે અને પાછું પોતાને સ્થળે બેસી જાય છે. આ ક્રિયા તે સવારથી સાંજ સુધી કરે છે. સૂર્યના પ્રકાશમાં તે ઉડે છે ત્યારે તેની લીલી પાંખો નીચે છુપાઇ રહેલો તપાવેલા સુવર્ણ જેવો લાલ રંગ એવો તો આકાશ ભરી દે છે કે આપણું ધ્યાન ખેંચાયા સિવાય ન જ રહે. આ પક્ષી બહુ સંપ ને આનંદથી રહે છે. તમે નાના નીલકંઠનાં ટોળાં જોશો, પણ તેને કદિ લડતાં નહિ જુઓ. સવારમાં તે પાણીથી સ્નાન કરે છે, અને સાંજે ધુળમાં પાંખો ફફડાવીને નહાય છે. બીજાં પણ ઘણાં પક્ષીઓ આમ ધુળથી નહાય છે. તેમનાં પીછાંમાં ઝીણી જીવાત થઇ તેમને ચટકા ભરે છે, તેથી તેઓ પીછાંમાં ધુળ ભરી ખંખેરે છે; આથી જીવાતને લઇને ધુળ નીકળી જાય છે.

નીલકંઠના પગની રચના કલકલિયા જેવી હોઈ તે ચાલી શકતાં નથી, તેમ કુદી પણ શકતાં નથી. માત્ર ડાળી કે તાર પકડીને તે બેસે છે ને ઉડીને ઉડતાં જીવડાંનો શિકાર કરે છે. નદીની ભેખડમાં કે ખેતરના પાળામાં નાનું દર બનાવી તેઓ માર્ચ અથવા એપ્રિલ માસમાં પાંચ છ સફેદ ઇંડાં મુકે છે. બચ્ચાં મોટાં થાય છે ત્યારે પ્રથમ તેને નીલકંઠની માફક પુંછડીમાં પેલાં બે તાર જેવાં લાંબાં પીછાં હોતાં નથી. તે પાછળથી ઉગે છે.

ગજાનન ભટ્ટ

ગરમ પાણીના બંબા — (અનુસંધાન પૃષ્ઠ ૪૮૦ થી)


આ ફેરફાર કરતાં એક સાવચેતી લેવાની જરૂર છે. પાણી નીકળવાના માર્ગ કરતાં પાણી નાખવાની ગળણીની નળી પહોળી ન હોવી જોઇએ; નહિ તો પાણી નીકળી શકે તેના કરતાં વધુ અંદર જવાથી ઉભરાઇ જાય.

આટલો ચાલુ બંબામાં જ ઓછામાં ઓછો સુધારો થયો. પણ ઉપર કહ્યા મુજબ આ બંબામાં બીજી પણ ખામીઓ છે. (૧) ધુમાડાનું ભુંગળું સીધું હોવાથી અને દેવતા પાણીના તળિયા નીચે નહિ પણ કેવળ વચ્ચેના પોલા ભાગમાં જ રહેતો હોવાથી, દેવતામાંથી જેટલી ગરમી નીકળી શકે તેનો ઘણો થોડો ભાગ પાણી ગરમ કરવાના ઉપયોગમાં આવે છે અને મોટો ભાગ સીધો બહાર નીકળી જાય છે; કેમકે અગ્નિની અસર પડખાં કરતાં મથાળાના ભાગમાં હમેશાં વધારે હોય છે. ભુંગળામાંથી કેટલી બધી ગરમી નકામી જાય છે એ જોવું હોય તો ભુંગળાના મોં ઉપર, ધુમાડાનો માર્ગ બંધ ન થઇ જાય તેવી રીતે, દેગડો તપાવવા મુકો અને તેમાં પાણી કેટલું જલદી ગરમ બને છે તે જુઓ.

ઉપર કહ્યું તેમ જો બંબામાં લાકડાં બાળવામાં ન આવતાં હોય તો ભુંગળું તદ્દન કાઢી નાખી શકાય, અને તેને બદલે સગડી ઉપર પીપ જડયું હોય તેવી જાતનો બંબો કરી શકાય. (જુઓ આકૃતિ). બૉઇલરમાં જેમ બારણું ખોલી કોલસા ઉમેરી શકાય છે તેમ આ સગડી પણ એવી રીતની કરવી મુશ્કેલ નથી. વચ્ચે ભુંગળું હોય તો યે લગભગ બંબાના વર્તુલના જેટલી જ, પણ બહુ ઉંડી નહિ એવી સગડી વધુ કરકસરવાળી થાય ને બરાબર પેટાવવાની મહેનત લેવામાં આવે તો તેમાં ખાણના કોલસા પણ બાળી શકાય. આટલા ફેરફારથી આપણે બળતણમાં ઠીક કરકસર કરી શકીએ.

કિ. ધ. મ.

ગરમ પાણીના બંબા



આ પણા લોકોમાં ઘણાને ત્યાં, સાથેના ચિત્રમાં બતાવ્યા મુજબનો નહાવા માટે ગરમ પાણી કરવાનો બંબો વપરાતો હશે. કંસારાની દુકાને હજુ સુધી આવા બંબા જોવામાં આવે છે, એટલે એ જાતના બંબા હજુ વેચાતા યે હશે.

ગરમ પાણી કરવાની આ રીતમાં કેટલીક સગવડ રહેલી છે; પણ એમાં વૈજ્ઞાનિક તત્ત્વનો વ્યાવહારિક ઉપયોગ થયો હોય એવું બહુ થોડું છે; ઉલટું, ચુલા ઉપર દેગડામાં પાણી ગરમ કરવાની રીતમાં જે થોડુંક વૈજ્ઞાનિક અને કરકસરનું તત્ત્વ રહેલું છે તે આમાં નથી.

મને લાગે છે કે કોલસાનો ઉપયોગ થવા માંડયો તે પહેલાં મુંબાઇના લોકોમાં આ બંબાએ પહેલો પ્રવેશ કર્યો હશે. ધુમાડો કાઢવા માટે વચમાં જે ભુંગળું રાખવામાં આવે છે એથી, તેમજ જમીનથી ઉંચો રહેતો હોવાને લીધે પવન માટે જે ખુલ્લો માર્ગ રહે છે એથી, લાકડાં બાળવામાં આવે તો યે, ચુલામાં જેવો ફુંક મારીમારીને આંખને બગાડવાનો ત્રાસ હોય છે તે આમાં રહેતો નથી, અને સગડીમાં, વાસણ સગડી પરથી ઉતાર્યા વિના કોલસા પુરી શકાતા નથી તેને બદલે આમાં ઉપરથી જ નાખીને પુરી શકાય છે. આ સગવડો આ બંબામાં સાધવામાં આવી છે. નળ વડે પાણી કાઢી શકાય એ પણ એક દેખીતી સગવડ છે.


પણ હવે જ્યાંજ્યાં આવો બંબો વપરાય છે ત્યાં ઘણું કરીને કોલસાનો ઉપયોગ દાખલ થઈ ગયો છે, અને ગામઠી કોલસાનો ધુમાડો કાઢવા માટે આટલું મોટું ભુંગળું આવશ્યક નથી. એ દષ્ટિએ તથા બીજાં નીચે સમજાવવામાં આવેલાં કારણસર આ બંબામાં કેટલાક સુધારા કરવાની જરૂર છે.

પહેલાં આપણે આ બંબાની વૈજ્ઞાનિક ખામીઓ વિચારીએ. વિજ્ઞાનના નિયમ પ્રમાણે પાણીને નીચેથી તાપ લગાડવાથી નીચેથી ગરમ થનારૂં પાણી ફુલીને હલકું થઇ ઉપર ચઢી જાય અને ઠંડું પાણી નીચે આવતું જાય. આથી બંબો સળગાવ્યા બાદ થોડી વારે આપણે હાથ લગાડી તપાસીશું તો માલુમ પડશે કે નીચેના પાણી કરતાં ઉપરનું પાણી વધારે ગરમ હોય છે. આથી એમ બને છે કે નળ બંબાના નીચેના ભાગ તરફ હોવાથી વાપરવા માટે આપણને ઓછું ગરમ પાણી મળે છે અને વધારે ગરમ પાણી ઉપર રહી જાય છે; અને કાઢેલા પાણીને બદલે બીજું પાણી ઉમેરીએ છીએ તે ઉપરથી પડતું હોવાથી ઉપરના વધારે ગરમ પાણીને ઉલટું ઠંડું કરી નાખે છે. આમ બેવડું નુકસાન થાય છેઃ વધારે ગરમ પાણી કરી ઓછું ગરમ વાપરવા મળે છે, અને વધારે ગરમ પાછું ઠંડું થાય છે એટલે એટલી ગરમી નીકળી જાય છે.


ચાલુ બંબામાં જ થોડા ફેરફારથી આ બગાડ બચાવી શકાય.* એ ફેરફાર આ મુજબઃ આકૃતિમાં જણાવ્યા પ્રમાણે નળના અંદરના મોંમાંથી બંબાની ઉપલી ધાર કરતાં એકાદ ઇંચ નીચે રહે એવી રીતે એક નળી બેસાડવી, અને પાણી પરભાર્યું ઉપરથી ન ઉમેરતાં છેક તળિયા સુધી પહોંચે એટલી એક બીજી લાંબી નળીને ગળણી બેસાડી મુકી તે વાટે નાખવું. આથી ટાઢું પાણી તળિયે જશે અને ઉપરથી ઉનું પાણી નળ વાટે નીકળશે.

આ પદ્ધતિમાં ચાર ફાયદા છેઃ (૧) ખુબ જલદી ગરમ પાણી મળે. (૨) પાણી તપવામાં જેટલી ગરમી ગઇ હોય તે નકામી ન જાય. (૩) અંદર પાણી ઉમેર્યા વિના પાણી કાઢી જ ન શકાય,—એટલે પાણી ઉમેરવાનું આળસ કરી ન શકાય; અને (૪) નળ ઉઘાડો રહી જાય અથવા બગડી જાય તો યે પાણી વહી ન જાય. (ખરૂં જોતાં આ પદ્ધતિમાં ચકલીની જરૂર જ રહેતી નથી.) (અનુસંધાન પાન ૪૭૯મે)


* એવા ફેરફાર વાળો નવી પદ્ધતિનો બંબો પણ હવે મળી શકે છે, પણ તેને માટે હાલનો બંબો કાઢી નાખવો પડે. તેમ કરવાની બધાની તૈયારી ન હોય, તે માટે ચાલુ બંબામાં જ ફેરફાર સુચવ્યો છે. બાકી, ચાલુ કરકસરની દૃષ્ટિએ હાલનો બંબો કાઢી નાખી જુદી પદ્ધતિએ રચેલો બંબો વસાવવો વધારે લાભકારક થાય એમ સંભવિત છે.



નેપાળની જુની રાજધાની ભટગામના દરબારચોકમાં રાજા ભૂપેન્દ્રમલ્લનું પુતળું: એનું મુખ રાજમહેલના દરબાર હૉલના સુવર્ણદ્વાર તરફ રાખેલું છે.



ભટગામના દરબારચોકનું વિશાળ દશ્ય: વચ્ચે રાજા ભૂપેન્દ્રમલ્લનું પુતળું દેખાય છે.



નેપાળની જુની રાજધાની ભટગામનાં સુંદર મકાનો દાખવતું એક દૃશ્ય
મોટી મહેલાતો ને મંદિરો પર ચડવાનાં પગથિયાંની બંને બાજુ
આવી કોરેલી મૂર્તિઓની હારની હાર બેસાડેલી હોય છે.

જીવનશક્તિ મેળવવા દુધભર રહો

पयो बलम्—'દુધ એ જ બળ છે' એ વેદનાં જમાનાના સૂત્રને હજારો વર્ષ થયાં છે. ઘણા જુના કાળથી નાનાં બચ્ચાં અને આજારી માણસો માટે મુખ્ય ખોરાક દુધનો રાખવામાં આવ્યો છે. ખરેખર, સાજા થવાના બધા પ્રયોગોમાં દુધનો પ્રયોગ શ્રેષ્ઠ છે. દુધ એ આદર્શ અને સંપૂર્ણરીતે પોષક ખોરાક છે. શરીરને માટે જરૂરી બધા પદાર્થો તેમાં જોઇતા પ્રમાણમાં આવેલા છે. દુધનો ખોરાક લેનારની તંદુરસ્તી સહેજે જળવાઇ રહે છે; શરીરની વર્ધનશક્તિ આ ખોરાકથી સુંદર રીતે ખીલે છે; અને આખા શરીરનો બાંધો નવેસરથી બંધાય છે. પોતાની તંદુરસ્તી માટે વારંવાર દવા ખાનારા અને અંતે અનેક રોગથી પીડાનારાઓ આ દુધભર રહેવાના પ્રયોગથી જલદી સાજા બની ઉત્તમ જીવનશક્તિ પામ્યા છે.

દુધના પ્રયોગમાં દુધ સિવાય બીજું કંઇ જ હોવું જોઇએ નહિ. એકલું દુધ લેવાથી તે જલદી પાચન થઇ જાય છે અને શરીરના ઉપયોગમાં આવી જાય છે. દુધના આ બે ગુણો સાથે કોઇ પણ ખોરાકની સરખામણી થઈ શકે એમ નથી. જેલોમાં હઠે ભરાએલા કેદીઓ ખોરાક લેવા સામે હઠાગ્રહ કરે છે ત્યારે ઘણીવાર તેમને ગુદા દ્વારા દુધ આપવામાં આવે છે; અને નવાઇની વાત એ છે કે એવી રીતે આપેલું દુધ તેમનું શરીર પાચન કરી શકે છે, એટલું જ નહિ પણ તેમનું બળ સચવાઈ રહે છે. આ ઉપરથી માલુમ પડે છે કે દુધ આંતરડાંના નીચલા ભાગમાં પણ પાચન થઇ શકે છે. એકલા દુધ ઉપર રહેનારથી પ્રસંગવશાત્ વધારે દુધ લેવાઇ જાય તોપણ અજીર્ણ થઇ તે કોહવા માંડતું નથી, પણ વધારાનું દુધ થોડી શારીરિક શક્તિના ભોગે બહાર નીકળી જાય છે. કોઇ પણ બીજા ખોરાકમાં ભાગ્યે જ આ પ્રમાણે બની શકે. બીજા ઘણાખરા ખોરાકમાં તો વધારાનો ખોરાક કોહવા માંડી તેમાં જંતુઓ પડી તે આખા શરીરમાં ઝેર પ્રસરવાનું કારણ થઇ પડે છે.

સામાન્ય રીતે દુધમાં નીચે પ્રમાણે તત્ત્વો હોય છે:

(૧) નત્રિલ (પ્રોટીન)	૩.૩ ટકા
(૨) ચરબી	૪.૦ „
(૩) ખાંડ (મિલ્ક શુગર)	૪.૮ „
(૪) આમ્લરસવાળો (સાઇટ્રિક ઍસિડ)	૦.૧ „
(૫) ખનીજ તત્ત્વો (મિનરલ્સ)	૦.૭ „
(૬) પાણી	૮૭.૧ „
કુલ	૧૦૦.૦ „

હવે આપણે દરેક તત્ત્વની ઉપયોગિતા તપાસીએ. પહેલો વિભાગ નત્રિલ છે. આ નત્રિલમાં મુખ્યત્વે કરીને 'કેસીન' અને 'આલ્બ્યુમિન' આવે છે. 'આલ્બ્યુમિન' ખાસ કરીને શરીરમાં વીર્ય બનાવે છે. દુધની નત્રિલ જરૂરપુરતી ને બીજા ખોરાકની નત્રિલ કરતાં ઉંચા પ્રકારની હોઈ, શરીર તેનો સંપૂર્ણ ઉપયોગ કરી શકે છે. કઠોળ વગેરેની નત્રિલ હલકી જાતની હોવાથી તેને લીધે શરીરશક્તિનો ઘણો દુર્વ્યય થાય છે ને મુત્રપિંડ વાટે તેને બહાર કાઢી નાખવી પડે છે. પણ દુધની નત્રિલ તો શરીર બધી જ ગ્રહણ કરે છે.

બીજો વિભાગ ચરબીનો આવે છે. આ ચરબી ઘણા ઝીણા ઝીણા પરમાણુઓની બનેલી હોય છે. ટાંકણીની એક ટોચ જેટલી જગ્યામાં આ ચરબીના પંદર લાખ પરમાણુઓ સમાઇ શકે. તેના આ સૂક્ષ્મતાના ગુણને લઇને દુનિયાભરમાં મનુષ્યના ઉપયોગમાં આવતી કોઇ પણ જાતની ચરબી કરતાં દુધમાં રહેલી ચરબી શ્રેષ્ઠ પ્રકારની ગણાય છે.

ત્રીજો વિભાગ ખાંડનો છે. આપણા લોહીમાં રહેલી ખાંડ અને આ ખાંડ એક જ પ્રકારની હોવાથી કોઈ પણ જાતના ફેરફાર સિવાય તે લોહી ભેગી મળી જાય છે અને તેટલે દરજ્જે તે જલદી પાચન થાય છે. ચોથા વિભાગનો આમ્લરસવાળો ઍસિડ દુધના બીજા બધા વિભાગોમાં કીમતી ગણાય છે. તે વડે આંતરડાંમાં તંદુરસ્તી સાચવી રાખનારા લાખો જંતુ પેદા થાય છે. આ જંતુઓ નીચલા આંતરડાંમાં અજીર્ણથી પેદા થતા જીવલેણ જંતુઓનો નાશ કરે છે અને આવી રીતે એ આંતરડાંનો મળ ધોવાય છે ને

જીવનશક્તિ ટકી રહે છે.

પાંચમા વિભાગમાં જુદીજુદી જાતનાં ખનીજ તત્ત્વો અને ક્ષાર આવે છે. દુધમાં લગભગ ૨૦ જાતનાં રાસાયનિક તત્ત્વો અને ક્ષારો રહેલાં છે, અને તેને લઇને તે શરીરનો બાંધો સુદૃઢ કરવામાં ખાસ જરૂરનું થઇ પડે છે. આ તત્ત્વોમાં મુખ્યત્વે ગંધક, ફૉસ્ફરસ, ક્લોરિન, સોડિયમ, પોટૅશિયમ કૅલ્શિયમ, મૅગ્નેશિયમ, લોહ અને આયોડિન છે. મગજ, જ્ઞાનતંતુ, મજબુત હાડકાં અને સુંદર દાંતના પોષણ અર્થે આ બધાં તત્ત્વો ઘણાં જ ઉપયોગી છે. દુધમાં લોહનું પ્રમાણ ઘણું ઓછું છે—સેંકડે ·૦૦૦૨૪ ટકા જેટલું; તોપણ તે બધું જ ઉપયોગમાં આવતું હોઇ, શરીરના દરરોજના ઘસારામાં જોઇતું લોહ તેમાંથી મળી રહે છે. સામાન્ય રીતે શરીરમાં દરરોજનો લોહનો ઘસારો ૧૦૪૪૬ તોલા જેટલો ગણાય છે. માણસ જો દરરોજ ૧૦ શેર દુધ લેતો હોય તો તેમાંથી ઉપલો લોહનો ઘસારો તેને મળી રહે. અને ૧૦ શેર દુધ તો દુધભર રહેવાના પ્રયોગોમાં સામાન્ય રીતે રોજ લેવાય છે. આથી લોહ પુરૂં પાડતા બીજા કોઇ પણ ખોરાક કરતાં દુધથી લોહીની સ્થિતિ સારી રહેવા ખાસ સંભવ છે.

છેલ્લો અને છઠ્ઠો વિભાગ પાણીનો છે. દુધનો ઘણો મોટો ભાગ (સેંકડે ૮૭·૧ ટકા) પાણી છે, તોપણ તે ઘણું જ ઉપયોગી છે. શારીરિક પરિશ્રમ ઘટવાને લઇને, હાલમાં ઘણા લોકો–ખાસ કરીને ઑફિસ, નિશાળ અને એવી બીજી જગ્યાએ બેઠાડુ કામ કરતો વર્ગ—જોઇએ તે કરતાં ઘણું ઓછું પાણી પીએ છે. તેથી આવા વખતે દુધમાં રહેલું પાણી ખાસ જરૂરી થઈ પડે છે. તેનાથી શરીરનાં મળ ને ઝેર ધોવાઇ જઇ બહાર નીકળે છે. વળી આખું શરીર પાણીથી તરબોળ થાય છે ને મળની ગાંઠો ભીંજાઇને ઝાડો સાફ આવે છે. આ બધું પાણી મુત્રપિંડ, આંતરડાં અને ચામડી દ્વારા જુદાંજુદાં ઝેરો સાથે બહાર નીકળી જાય છે.

હમણાં હમણાં નવા શોધાએલા વિટામિનના વિજ્ઞાન મુજબ પણ દુધ પુરતી રીતે સંતોષકારક છે. તેમાં વિટામિન એ, બી, સી અને ડી એ બધાં વિટામિનો છે. આ વિટામિનો શું છે તે વિજ્ઞાનશાસ્ત્રીઓ જોઇ કે પકડી શકતા નથી, પણ એમના સિવાય શરીરના મહત્ત્વના આંતરિક અવયવો પોતાનો વહેવાર ચલાવી શકે નહિ એ સાબિત થઇ ચુક્યું છે. શરીરની વર્ધનશક્તિનો મોટો આધાર ' એ ' નામના પહેલા વિટામિન ઉપર છે. આથી જેમનું શરીર ઠીંગણું રહેવા પામ્યું હોય તેઓ દુધ ઉપર રહી વધી શકે. 'બી' વિટામિન જ્ઞાનતંતુઓનું પોષક હોઇ દુધમાં ઘણા પ્રમાણમાં હોય છે. લોહીવિકારના રોગો 'સી' વિટામિનના અભાવે પેદા થાય છે; અને દુધમાં તે પુરતા પ્રમાણમાં રહેલું છે. 'ડી' વિટામિન સૂર્યના તડકામાંથી મેળવાય છે. સૂર્યના તડકામાં ચારો ચરતી ગાયોના શરીર ઉપર તે કિરણની અસર થાય છે; અને તેની રાસાયનિક ક્રિયા થઇ દુધમાં 'ડી' વિટામિન બંધાય છે. આ વિટામિન શરીરની વર્ધનશક્તિમાં અને ખાસ કરીને હાડકાં વાંકાં ન વળી જવામાં ઉપયોગી થાય છે. આથી મોટાં શહેરોમાં વધારે દુધ લેવાની ઇચ્છાથી તડકે ન કાઢવામાં આવતી ગાયોના દુધ કરતાં ખુલ્લાં બીડમાં ચરતી ગાયોનું દુધ વધારે પસંદ કરવા લાયક ગણાય છે. વળી ભેંશના દુધ કરતાં ગાયના દુધમાં ચરબીનું પ્રમાણ ઓછું હોઇ તેમાં આ વિટામિન અને બીજાં ખનીજ તત્ત્વો વધારે પ્રમાણમાં હોય છે. આથી દુધના પ્રયોગમાં ગાયનું જ દુધ પસંદ કરવું.

આ ઉપરથી સમજાયું હશે કે દુધભર રહેવાથી વર્ધનશક્તિ તેમજ બીજાં ઉપયોગી તત્ત્વોની શરીરમાં જમાવટ થાય છે. દુધથી ઘણા રોગો નાશ પામે છે. દુનિયામાં રોગો ઘણા છે, પણ ખરી રીતે જોતાં તેમનું મુળ કારણ એક જ હોય છે અને તે લોહીવિકાર. જેમજેમ લોહી બગડતું જાય, તેમતેમ જુદાજુદા રોગો જુદી જુદી વાટે બહાર નીકળતા જાય. હવે આપણે આગળ જોઈ ગયા છીએ કે દુધથી લોહી ઉત્તમ જાતનું બને છે; એટલે રોગો પણ આપોઆપ નાશ પામે છે. શરીરને ક્ષય કરતા રોગો પણ પુરતા લાંબા વખત સુધી દુધ લેવામાં આવે તો આપોઆપ નાશ પામે. વળી અયોગ્ય ખોરાકને લઇને ઉદ્ભવેલા સામાન્ય રોગો તો દુધથી ઘણા ટુંકા સમયમાં મટી જવા પામે છે.

શરીરમાં તાવ વખતે દુધનો પ્રયોગ હિતાવહ નથી. તે સમયમાં ફક્ત પાણી જ લેવું ફાયદાકારક છે. આવે વખતે શરીરને પૂર્ણ આરામ જોઇએ છે, અને તે ફક્ત ઉપવાસ દ્વારા જ મળી શકે છે.

દુધનો પ્રયોગ કરવાના પણ નિયમો હોય છે.

ગમે તેમ દુધ લેવું એ ફાયદાકારક નથી. દુધ ઉપર રહેતાં પહેલાં જઠર, આંતરડાં અને બીજા અવયવોને તે માટે તૈયાર કરવા જોઇએ. આ તૈયારી એકાદ બે દિવસના ઉપવાસ અગર ફળાહાર કરીને મેળવી શકાય. ફળાહારમાં ખાસ કરીને આમ્લરસવાળાં ફળો—નારંગી, દ્રાક્ષ, મીઠાં લીંબુ વગેરે હોય તો સારો ફાયદો આપે છે. આ તૈયારીના ઉપવાસ અગર તો ફળાહાર પછી દુધ શરૂ કરવામાં ઝાઝી હરકત પડતી નથી. હમેશાં દુધ ફક્ત બાર કલાક જ લેવું અને બાકીના બાર કલાક જઠરને આરામ આપવો. પહેલા દિવસે દર બે અથવા દોઢ કલાકે નિયમિત રીતે આશરે અરધો શેર લેવું. પછીના બેત્રણ દિવસ સુધી દર એક કલાકે ને તે પછી દર ૦ાા કલાકે દુધ લેવાની ટેવ પાડવી. દિવસમાં પોતાને દુધ કેટલું જોઇશે એ નક્કી કર્યા પછી દુધ લેવાના સમયોથી તેની વહેંચણી કરી, બીજી બાબતોનો બહુ વિચાર કર્યા સિવાય નિયમિત વખતે તેટલું દુધ લીધા જ કરવું. શરૂઆતમાં પચે તેટલું દુધ લેવું. ક્રમેક્રમે તેમાં પાંચપાંચ તોલાનો રોજ વધારો કરતા જઇ સામાન્ય માણસ દરરોજના ૧૦ શેર દુધ સુધી ચઢી શકશે. જેમનાં શરીર કદાવર હોઇ સારી પાચનશક્તિ વાળાં હોય તેઓ ૧૨ શેર કે ૧૩ શેર સુધી લઇ શકે. સ્ત્રીઓએ થોડુંક ઓછું દુધ લેવું જોઇએ. તેમને ૮ શેરથી ૧૦ શેર સુધી બસ થઇ પડે.

તૈયારીના આ ઉપવાસમાં દરદીએ આમ્લરસવાળાં ફળો લીધાં હોય તો શરીરમાં 'અલકાઇન' ક્ષાર પુરતા પ્રમાણમાં બંધાઈ દુધ ઉપર તેની સારી અસર થવા પામે છે. પણ જો દરદીએ ફક્ત ઉપવાસ જ કર્યો હોય, તો પહેલાં પાણીમાં થોડો લીંબુનો રસ નાખી ઉપવાસ તોડવો જોઇએ. આથી જોઇતી સ્થિતિ આવી જાય છે. પછી જેવું તમે દુધ પીઓ કે તરત જ તેનું જઠરમાં દહીં બની જાય છે. જો તમે પાણીની માફક મોટે ઘુંટડે દુધ પીઓ તો જઠરમાં દહીંના મોટામોટા લોચા બનવા પામે અને તેમને નાના કરી પાચન કરવામાં શરીરની શક્તિનો ઘણો દુવ્યર્ય થાય. આથી બહુ જ ધીમેથી ચુસીને દુધ પીવું જોઇએ. દુધના પ્રયોગમાં આ રીત ખાસ મહત્ત્વની અને ધ્યાન રાખવા જેવી છે. આ ખાસ મહત્ત્વનું છે, કારણકે જેમ તમે ધીમેથી દુધ પીઓ તેમ લોચા નાના થવા પામે અને તેટલે દરજ્જે તે સારૂં પાચન થાય. પ્યાલાની થોડી કિનારી બને હોઠ વચ્ચે દબાવી જોરથી દુધને ધીમેધીમે નાનાં બચ્ચાંની માફક ચુસવું. આ પ્રમાણે દુધ લેવાથી સ્વાદ સારો બને છે, તે થુક સાથે મળી જાય છે અને સહેલાઇથી પાચન થાય છે.

દુધને કોઈ દિવસ ઉકાળવું જોઇએ નહિ, કેમકે તેમ કરવાથી તેમાંનાં કેટલાંક વિટામિન નાશ પામે છે. દુધ ગરમ કરવાની એક સરસ રીત છે. શગડી ઉપર ગરમ પાણી તૈયાર રાખવું. જ્યારે દુધ લેવાનો વખત થાય ત્યારે દુધનું વાસણ આ ગરમ પાણીમાં મુકી દઈ જોઇતું ગરમ કરી લેવું.

દુધ એ કુદરતી ખોરાક હોઇ તેને વિષે દરદીને બીક રાખવાનાં ઘણાં ઓછાં કારણો છે. તોપણ આપણો હમેશનો ખોરાક જુદા પ્રકારનો હોઇ પહેલા બેત્રણ દિવસ માટે જઠર દુધ સામે 'બળવો' કરે છે અને પોતાનો ચાલુ ખોરાક માગે છે. આથી એટલા વખત માટે દરદીને દુધ ઉપર અભાવ–અરૂચી થાય છે. આ અરૂચી લીંબુના રસથી મટી જાય છે. એક લીંબુની આઠ ચીરો કરી દુધ પીધા પછી તરત જ દર વખતે એકેક ચીર ચુસી જવી. આથી પાચનશક્તિમાં કંઇક મદદ થાય છે. પણ લીંબુ જેમ બને તેમ ઓછાં લેવાવાં જોઇએ. દુધના પ્રયોગ કરનારને શરૂઆતમાં સામાન્ય રીતે કબજિયાત રહે છે, પણ એકાદ બે દિવસમાં પુરતું દુધ લીધા પછી તે આપોઆપ ઘટી જાય છે. જો દરદીને 'એનીમા' લેવાની ટેવ હોય તો જરૂર પ્રસંગે તે લેવામાં વાંધો નથી. કેટલીક વખત દરદીને દુધથી ઝાડા થઈ જાય છે. જો પ્રથમના એકાદ બે દિવસ આવા ઝાડા થાય તો શરીરનો કચરો સાફ થાય છે એમ સમજવું; પણ જો તે સમય પછી પણ તે ચાલુ જ રહે તો કંઇક ઉપાયો લેવાવા જોઇએ. દુધ ઓછું કરી દેવું તેમજ તેની મલાઇ કાઢીને ઉપયોગમાં લેવું. જેમની પાચનશક્તિ ઘણી જ બગડી ગઈ હોય તેમના માટે દુધને બદલે તાજા દહીંની છાશનો પ્રયોગ વધારે ઉપયોગી થઈ પડે છે. આપણા દેશી વૈદો ઘણાખરા રોગોમાં આ ઉપચાર આપે છે.

ચારથી છ અઠવાડિયાં સુધી દુધ લીધા પછી ફરીથી દરદીને દુધ ઉપર અભાવ થાય છે. શરીરમાં કંઈક સુધારો થયો છે એની આ નિશાની છે. એટલે

આ અભાવ થયા પછી ઇચ્છા હોય તો દરદી તેનો હમેશનો ખોરાક લઇ શકે. જેઓને ઉત્તમ જાતની જીવનશક્તિ અને તંદુરસ્તી મેળવવી છે તેમણે ઘણા લાંબા વખત સુધી દુધભર રહેવનો પ્રયોગ કરવો જરૂરી છે. એવા પ્રયોગોમાં વચ્ચે જ્યારેજ્યારે દુધ ઉપર અભાવ થાય ત્યારેત્યારે પહેલાંની માફક એકાદ બે દિવસના ઉપવાસ કરી ફરીથી દુધ ચાલુ કરવું.

દુધ ઉપરથી સાદા ખોરાક ઉપર આવવામાં પણ ઘણી સાવચેતી રાખવી જોઇએ, નહિતો દુધની સારી અસર કાયમ રહેતી નથી. એકાદ અઠવાડિયા માટે અરધું દુધ અને એકાદ વખત ખાવાની ટેવ પાડવી. સવારથી બપોર સુધી હમેશની માફક દુધ લીધા કરવું. બપોર પછી ઠીકઠીક પાણી પીવું અને સાંજે થોડું વાળુ કરવું. ખોરાકમાં ઘઉં, બાજરી, જાર અથવા ચોખાનું પ્રવાહી ભડકું લેવું. આ સિવાય તંદુરસ્તીને વાંધો ન આવે એવો સાદી રીતે તૈયાર થએલો ગમે તે ખોરાક લેવામાં વાંધો નથી. લીલાં શાક અને ખાસ કરીને લીલી ભાજીનો ઠીકઠીક ઉપયોગ કરવો. જો બને તો ફળનો પણ ઉપયોગ કરવો. આટલા વખત પછી દરદીને ખોરાક ઉપર આવવામાં વાંધો રહેશે નહિ.

દુધ લેવાનાં દરમ્યાન ભારે મહેનતની કસરત કરવી જરૂરી નથી. ચાલવાની કસરતથી ફાયદો થાય છે. મહત્ત્વના અને મગજને કંટાળો આવે એવા પ્રશ્નોનો વિચાર કરવો નહિ. બ્રહ્મચર્યનું પાલન કરવું; કારણકે આવા વખતે દુધના 'આલ્બ્યુમિન'માંથી વીર્યનું બંધારણ થતું હોય છે. આમ દુધભર રહેવાના પ્રયોગ પછી શરીર તદ્દન નવું બને છે. પછી એ નવા બનેલા શરીરની તંદુરસ્તી કેમ જળવાઇ રહે તેનો અભ્યાસ કરી દરેકે તેને ટકાવી રાખવા પ્રયત્ન કરવો જોઇએ.

દુધથી ઘણી ઉંચી જાતની તંદુરસ્તી અને જીવનશક્તિ મળે છે અને તે વળી તમારી ઓરડીમાં પડ્યા-પડ્યા પણ તમે મેળવી શકો છો. પોતાની જાત પર અખતરો કરી આ ઉપયોગી અને મહત્ત્વની બાબત જાણી લેવી જોઇએ. દર વર્ષે ખાસ કરીને ચોમાસાના પાછલા ભાગમાં દુધભર રહેવાની ટેવ પાડો અને દવાઓનો ઉપયોગ કરવાનું છોડી દો. આથી શરીરની બધી અપૂર્ણતાઓ મટી જાય છે અને આખું વર્ષ સતત રીતે કામ કરવાને માટે જોઇતી જીવનશક્તિ મળી રહે છે.



ચુનીભાઇ ધ. પટેલ

તમારો ગ્રાહકનંબર આમાં છે?

જેમનાં આવતા વર્ષનાં થોડાં લવાજમ અમારે ત્યાં પડેલાં છે

તેમના ગ્રાહકનંબર આ નીચે આપ્યા છે. ગ્રાહકનંબરની પડખે કૌંસમાં તેમની પાસે બાકી રહેલી લેણી રકમ જણાવી છે. તમારો નંબર એમાં હોય તો જુઓ, અને એ નાણાં હજી ન મોકલ્યાં હોય તો એટલી રકમ મની ઑર્ડરથી મોકલીને આવતા આખા વર્ષનું લવાજમ પુરૂં કરી આપો.

૧(૨-૮-૦)૪(૩-૦-૦)૭(૩-૦-૦)૮(૩-૮-૦)૩૫(૧-૭-૦)૧૪૭(૩-૦-૦)૧૦૬૦(૦-૬-૦)૧૦૬૩(૨-૦-૦)
૧૨૪૦(૬-૭-૦)૧૨૪૪(૩-૮-૦)૧૩૦૯(૬-૦-૦)૧૩૨૮(૬-૧૨-૦)૧૩૩૪(૪-૧૫-૦)૧૩૩૬(૪-૮-૦)
૧૩૩૮(૪-૮-૦)૧૩૪૦(૨-૦-૦)૧૩૪૧(૪-૧૫-૦)૧૩૪૩(૪-૮-૦)૧૩૪૫(૪-૮-૦)૧૩૬૨(૪-૫-૦)
૧૩૭૮(૪-૮-૦)૧૩૭૯(૪-૮-૦)૧૩૮૪(૪-૧૫-૦)૧૩૯૨(૫-૪-૦)૧૩૯૩(૫-૪-૦)૧૩૯૪(૫-૧૦-૦)
૧૩૯૫(૪-૧૫-૦)૧૩૯૬(૪-૮-૦)૧૪૦૪(૬-૯-૦)૧૪૦૯(૨-૪-૦)૧૪૧૨(૪-૮-૦)૧૪૧૩(૪-૮-૦)
૧૪૧૭(૪-૮-૦)૧૪૩૫(૪-૮-૦)૧૪૪૧(૪-૮-૦)૧૪૪૬(૩-૦-૦)૧૪૪૭(૫-૦-૦)૧૪૫૧(૫-૪-૦)
૧૪૫૪(૪-૮-૦)૧૪૫૬(૪-૮-૦)૧૪૭૬(૪-૧૫-૦)૧૪૮૨(૪-૮-૦)૧૪૮૬(૪-૮-૦)૧૪૯૧(૪-૧૫-૦)
૧૫૦૦(૪-૮-૦)૧૫૧૦(૫-૧૦-૦)૧૫૧૫(૪-૮-૦)૧૫૧૭(૪-૮-૦)૧૫૧૮(૩-૧૪-૦)૧૫૧૯(૪-૧૫-૦)
૧૫૩૨(૩-૦-૦)૧૫૩૩(૪-૮-૦)૧૫૪૭(૨-૦-૦)૧૫૫૨(૩-૦-૦)૧૫૫૫(૧-૮-૦)૧૫૬૨(૧-૮-૦)



ઉ ગ તી પ્ર જા

ઉગતી પ્રજાની નાટ્યપ્રવૃત્તિ

આજે પ્રજાઉદ્ધારની અનેક પ્રવૃત્તિઓમાં કલાપ્રગતિનું સ્થાન પણ આગળપડતું ગણી શકાય તેમ છે. ચિત્રકળા અને કવિતાના પ્રચાર જોડે હવે નાટ્ય અને નૃત્ય પણ ઠીક સહકાર સાધી રહ્યાં છે. અને આ સૌમાં ગુજરાતના કુમાર વર્ગે સારો ફાળો આપ્યો છે એ ખાસ નોંધવું જોઇએ.

છેલ્લાં એકાદ બે વર્ષથી આપણે ત્યાં આપણી નાટ્યકળાનો વિકાસ કરવા થએલા ઉગતી પ્રજાના પ્રયત્નો કોઇ જુએ તો રંગભૂમિના ઉજળા ભાવિની સ્થિતિ આશાજનક લાગ્યા વગર રહે નહિ. નાટ્યકળાના પ્રયોગો સાથે નૃત્ય, સંગીત અને કંઇક અંશે નાટિકાઓની પણ સંવૃદ્ધિ થઈ છે. જોકે નાટિકાઓનો સંતોષકારક પાક હજુ ઉતરતો નથી; તોપણ નૃત્ય અને અભિનયમાં અગાઉ કરતાં ગુજરાત કંઇક સુધર્યું ગણાય.

આ નાટ્યપ્રયોગોમાં એક શુભ ચિહ્ન એ છે કે શિક્ષિત યુવાનવર્ગ એનો સંચાલક થયો છે; અને તેમાં પણ કુમારીઓ સારી હીમત દાખવી ભાગ લઇ રહી છે. તે ઉપરાંત કળાકારો પણ રંગભૂમિની સુધારણાની નવી રચનાઓ કરી સહાય આપે છે. આને લીધે પહેલાં ન હતી તેવી પ્રતિષ્ઠા કેળવાએલા સમાજમાં નાટ્યપ્રવૃત્તિને મળી છે.

જોકે હજુ અભિનયની આવડત તાદૃશ કે કુદરતી નથી, હજુ પાઠ-વાદન પણ પોપટિયું લાગે છે અને પાત્રો પોતાના ભાવાવેશમાં તન્મય થઈ શકતાં નથી; તો યે રંગભૂમિની ગોઠવણીમાં અને નાટ્યપ્રયોગોની પસંદગીમાં સુધારો ચોખ્ખો દેખાય છે; અને એ પ્રયોગો માત્ર ખાનગી મંડળોમાં જ નહિ, પણ જાહેર પ્રજા સમક્ષ પણ ભજવાવા મંડાયા છે. વધુ આનંદની વાત તો એ છે કે અમદાવાદનાં, સર ચીનુભાઇ અને શેઠ અંબાલાલ સારાભાઇનાં જેવાં શ્રીમંત કુટુંબો આવા પ્રયોગોમાં સક્રિય ભાગ લે છે. પોતાનાં બાળકોમાં ઉચ્ચ કલા-સંસ્કાર પ્રગટાવવાનાં ઈચ્છુક એ કુટુંબોનાં બાળકોમાં કુ. બહેન શકુંતલા અને ભાઇ પિયુષ તથા કુ. બહેન લીના અને ભાઇ ગૌતમનાં ભાવભર્યાં અભિનય, સંસ્કારી સંગીત અને નૃત્યના પ્રયત્નો ઘણા પ્રશંસનીય છે.

આપણે ત્યાં નાટ્યપ્રયોગોમાં નૃત્ય દાખલ કરવાનું માન તો કદાચ આપણે શ્રી કનુ દેસાઇને જ આપી શકીશું. નૃત્ય આપણા બાળ અને કુમાર જીવનમાં કેટલું આવશ્યક તત્ત્વ છે તે આપણને ધીમેધીમે સમજાતું જાય છે ને ખાસ કરીને કન્યાઓની કસરતમાં નૃત્યનું સ્થાન ઘણું મોટું છે. શ્રી કનુ દેસાઇ બંગાળમાંથી નૃત્યને અહીં ઉતારી લાવ્યા છે અને તેનો બને તેટલો પ્રચાર કરી રહ્યા છે. એ સાથે બંગાળી સંગીત અને કલામય રંગભૂમિની રચના પણ એ શીખી લાવ્યા છે. પ્રથમ તો આપણી માન્યતા એવી હતી કે રંગભૂમિના શણગારમાં ભારેખમ ઠઠારો કરવો જ જોઇએ અને જે જે વિગત પ્રવેશ તથા પાત્રોમાં આવે તે બધી ભરચક ભરવી જોઇએ. તેને બદલે શણગાર ઘણે અંશે સૂચક, સાદો અને આછેરો રાખી બીજું બધું જોનાર વર્ગની કલ્પના પર છોડી દેવું, એ વધારે ઉચિત ને કલામય તત્ત્વનો સ્વીકાર આપણે ત્યાં થતો જાય છે. પાછળ ફુલ-પાનના સુશોભનથી મંડિત સાદો પડદો, માથે ચંદરવો અને બાકી વિજળીના પ્રકાશની સહાયથી રંગીન તેજછાયાની બળવાન અસર વડે રંગભૂમિ પર અવનવું વાતાવરણ સરજી શકાય છે.

કંઇ પણ સમજ વિના યૂનિયન જેક અને અમેરિકન રાષ્ટ્રધ્વજોના રંગબેરંગી વાવટા તથા ધજાપતાકાના ખીચડામાંથી મુક્ત થઇને રંગોળી, ફુલપાન અને આછેરા રંગના પડદાઓથી વિભૂષિત હિંદી સુશોભનો વાળી આ રંગભૂમિનું દૃશ્ય કલાભર અને મુગ્ધકર લાગે છે. એથી ઘણી નાહકની મહેનત બચીને નાટ્યપ્રયોગો વધુ ઉચ્ચ, વધુ મનોહારી અને હળવા થઈ જાય છે. ઉપરાંત, કેળવાએલા જોનાર વર્ગની કલ્પના કસાય છે ને વિશુદ્ધ બને છે.

આ નાટ્યપ્રયોગોની સફળતામાં ખાસ કરીને અમદાવાદ ગૂજરાત મહાવિદ્યાલય અને વિનયમંદિરનાં તથા સાબરમતી આશ્રમની શાળાનાં વિદ્યાર્થીઓ અને મહિલા પાઠશાળા, વનિતા વિશ્રામ, શારદામંદિર તથા ગર્લ્સ હાઇસ્કૂલની વિદ્યાર્થિનીઓએ સુંદર ભાગ ભજવ્યો છે.



શ્રી કનુ દેસાઈ : દીપનૃત્ય વખતે



કુ. બહેન વિનોદિની નીલકંઠ


નૃત્યની આપણે ત્યાં હજી શરૂઆત છે. ઉપર જણાવ્યા મુજબ તેનું અહીં પ્રથમ મંડાણ કરનાર શ્રી કનુ દેસાએ તેનો વિકાસ ને પ્રચાર આરંભી દીધો છે; જોકે હજી એમાં ઘણી પ્રગતિ બાકી છે. એમના પોતાના નૃત્યમાં સમતોલતા છે, પણ હજી સ્પષ્ટતા નથી જણાતી બાકી એમના અંગડોલનના લાલિત્યે અને ખાસ કરીને એમના દીપનૃત્યે અમદાવાદ તેમજ મુંબાઈ બંનેના સંસ્કારી પ્રેક્ષકવર્ગની પ્રશંસા મેળવી છે. રંગમંચ પર ઉતરીને અભિનયો તો સૌ કરતા, પણ નૃત્ય કરવા ઉતરવાની હીમત પ્રથમ દાખવીને એ કલામય પ્રવૃત્તિની શરૂઆત આપણી રંગભૂમિ પર કરવા માટે તો એમને ખાસ અભિનંદન ઘટે છે.

ગુજરાતના મોટી ઉમરના સંસ્કારી કુમારીવર્ગમાં પણ નાટ્યપ્રયોગોની નોંધવાયોગ્ય પ્રગતિ થતી આવે છે. હમણાં જ ગુજરાત સ્ત્રીકેળવણી મંડળ તરફથી ઉજવાએલા કેળવણી સપ્તાહમાં મોટી કુમારીઓએ નાટ્યપ્રયોગનો સારો કાર્યક્રમ ભજવ્યો હતો. તેમાં ખાસ કરીને કુ. બહેન વિનોદિની નીલકંઠનું કામ આકર્ષક હતું. એક સંસ્કારી દંપતીનાં સુપુત્રી તરીકે એ રસિકચતુર તો છે જ; પરંતુ સ્વતંત્ર વ્યક્તિ તરીકે એમનું ભાવપ્રાગટ્ય તો નાટ્યપ્રયોગોમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. એમનો અભિનય સ્વાભાવિક છે; એટલે કે અભિનયની કળા એમને સહજ વરી જણાય છે. ભાવદર્શન એ બહેન અનુકૂળ ચિત્તવૃત્તિ, મોકી બેઠક અને યુક્ત ઇંગિત વડે સાધે છે. એ સાથે એમનું વક્તૃત્વ પણ પ્રવાહિત, તાલબદ્ધ અને અ-પ્રયત્નશીલ એટલે નિર્વ્યાજ મનોહર છે. વળી કન્યા,—નવી કન્યા તરીકે પાઠ ભજવવામાં એમનું દૃઢ નીતિબળ પણ વીસરવા જેવું નથી. ઉપરાંત જ્યારે એ બહેન કુમાર કે ગૃહસ્થ તરીકેનો પાઠ લે છે ત્યારે પણ એમની સાહજ પ્રકૃતિ કુદરતી જ રહે છે; લેશમાત્ર ક્ષુબ્ધ થતી નથી. આ ભાવસ્થિરત્વ ઉચ્ચ અભિનયકળાનું લક્ષણ છે. આમ, નવા ગુજરાતના ઘડતરમાં જે કૌમારમંડળ તૈયાર થઇ રહ્યું છે તેના કુમારીવર્ગનાં અગ્રેસર તરીકે બહેન વિનોદિની આગળ આવે છે.

આ બધી, વિગતે અમદાવાદની વાત થઇ. સમસ્ત ગુજરાત પર પણ આ પ્રગતિની અસર થઈ છે એ સ્પષ્ટ પરિણામોથી જણાય છે. કાઠિયાવાડનાં દક્ષિણામૂર્તિ ભવન તથા બાળમંદિર અને બીજી હાઈસ્કુલોનો વિદ્યાર્થીગણ પણ આજે વ્યાયામની જેમ નાટ્યપ્રયોગોનો રસિયો થતો જાય છે એ ગુજરાતની સાર્વજનિક અને સર્વાંગી પ્રગતિ બતાવે છે. તે ઉપરાંત ઉમરેઠ અને સુરતનાં યુવકમંડળો પણ આ દિશામાં સારૂં કાર્ય કરી રહ્યાં છે. મુંબાઇમાં હજુ ટુંક મુદત પહેલાં જ સ્થપાએલી ફેલોશિપ સ્કુલે આ પ્રકારના સંસ્કારી નાટ્યપ્રયોગો અને સંગીત-નૃત્યથી ત્યાંની પ્રજાના જુના ચીલામાં નવા રંગની ઝલક બતાવી છે. સંસ્કાર અને સમૃદ્ધિની નગરી ગણાતા એ શહેરમાં આટઆટલી શિક્ષણસંસ્થાઓ અને સ્વેચ્છુ સંસ્કારી નાટ્યમંડળો હોવા છતાં આ નવી ભાત પાડનારી પ્રગતિ એક ગુજરાતી સંસ્થા કરે એ સગર્વ નોંધ લેવા જેવી બાબત છે, અને એ પ્રયત્નોનું માન એ સંસ્થાના ઉત્સાહી ઉત્પાદક અને સંચાલક શ્રી મગનલાલ વ્યાસને વરે છે.

આ નોંધમાં મુંબાઈના (ખરી રીતે સુરતના) જુવાન ગુજરાતી કવિ અને નાટિકા લખનાર ભાઇ ચંદ્રવદન મહેતાનો ઉલ્લેખ સ્થાન માગી લે છે. નાટ્યપ્રયોગોમાં એ ભાઇની અભિનયશક્તિએ મુંબાઇ અને સુરતના સંસ્કારી સમાજની ઘણી પ્રશંસા જીતી છે; અને એની જ સાથે એવી જ શક્તિઓ દાખવનાર કુ. બહેન શાંતિલા દેસાઇને પણ ન ભુલવા જોઇએ.

આમ, નાટ્યકળાના વિકાસમાં આપણે નવી દિશાએ સ્પષ્ટ પ્રગતિ કરતા જઇએ છીએ અને રંગભૂમિનું ઉજળું ભાવિ ક્ષિતિજ પર કિરણો માંડતું જણાય છે. એમાં ગુજરાતના કૌમારનો જે મુખ્ય હિસ્સો છે એ ગર્વ અને સંતોષની વાત છે; અને આ પ્રકારની પ્રવૃત્તિમાં કૌમારજીવનનો જીવંત વિકાસ રહેલો છે એ વસ્તુસ્થિતિ શિક્ષણસંસ્થાઓ પણ સમજતી થઇ છે એ પ્રગતિમાન વર્તમાનનું સુંદર લક્ષણ છે. દે. પ.



મુંબાઇની ફેલોશિપ સ્કૂલના નાટ્યપ્રયોગો વખતનો રંગમંડપ



પરદેશના પત્રો

જાપાનથી અને જર્મનીથી
અરબસ્તાનથી અને અમેરિકાથી

કોબે (જાપાન)

અહીંની પ્રગતિ—પશ્ચિમના ધોરણ ઉપરથી માપતાં—અજબ છે. લગભગ ૯૭ ટકા વસ્તી ભણેલી. કેળવણી ફરજિયાત છે. અને દરેકે સિપાઈગીરી પણ કરેલી, કેમકે લશ્કરી કેળવણી પણ ફરજિયાત છે. દરેક શાળા અને યૂનિવર્સિટીમાં મહીનાના અમુક કલાક લશ્કરી તાલીમને આપેલા છે; એટલે એકેએક માણસનું શરીર કસાએલું હોય છે અને પહેલાં જે સામાન્યરીતે વામનજી મનાતા તે જાપાનીઝ આજે શરીરે ઉંચા અને પહોળા થવા માંડયા છે. એક વખત જાપાનીઝની સરેરાશ ઉંચાઈ ૪॥ ફુટ ગણાતી તે આજે પાંચ ફુટ ઉપર ગણાય છે. એ જ પ્રમાણે રમતગમતનું. દરેક માણસ કાંઈ ને કાંઇ મયદાની રમત રમતો જ હોય,—સમજતો તો જરૂર હોય; અને દરેક નાના મોટા મૅચમાં હજારોનાં ટોળાંમાં પ્રેક્ષકો હાજર હોવાનાં. જેમ અમેરિકામાં મયદાની રમતોમાં પાવરધો માણસ દેશનો માનીતો હોય છે એવું અહીં પણ છે. અહીં દરેક માબાપ પોતાના બાળકને, દરેક વેપારી પેઢી કે કારખાનું પોતાનાં માણસોને રમતગમતમાં ભાગ લેવા ઉત્તેજિત કરે છે. અમારી કંપનીના એજન્ટે ગયા અઠવાડીએ જ પોતાનાં માણસો માટે ત્રીસ પાંત્રીસ હજાર રૂપિયા ખર્ચીને કલબ કરી. એમાં ટેનિસ, બેઈઝ બૉલ, બિલિયર્ડ, શેતરંજ વગેરે રમતો માટે અચ્છી સગવડ કરી છે. બેઈઝ બૉલ અને ટેનિસ અહીં રાષ્ટ્રીય રમતો થઈ પડી છે. મુંબાઇમાં જેમ ક્રિકેટ છે, કલકત્તામાં જેમ ફુટબૉલ છે એમ—એથી યે વધારે સ્થાન અહીં બેઇઝ બૉલનું છે. સ્ત્રી પુરુષ દરેક એમાં રસ લે છે.

કેળવણી બાબત હજી સુધી મને બહુ જ ઓછી માહીતી મળી છે. અહીં દરેક બાળકને આઠ વર્ષ પુરાં કર્યા પછી જ નિશાળમાં દાખલ કરવામાં આવે છે અને યૂનિવર્સિટીમાંથી ગ્રૅજ્યુએટ થતાં ૧૭ વર્ષ લાગે છે. જોકે મિડલ સ્કુલ પુરી કરે એ મિડલ સ્કુલ ગ્રૅજ્યુએટ કહેવાય! અને એવી જ રીતે સેકંડરી સ્કુલ ગ્રૅજ્યુએટ અને યૂનિવર્સિટી ગ્રૅજ્યુએટ;—બધા જ ગ્રૅજ્યુએટ! વાતવાતમાં એક વાત કહી દઉં: અહીં ખોટી નામનાનો ખુબ શૉખ છે. અમારે ત્યાં આટલા ગ્રૅજ્યુએટ છે એમ-લોકો અતિ માનપૂર્વક કહે; એમાં ઉપલા ત્રણ કલાસમાંના કેટલા કેટલા ગ્રૅજ્યુએટ એનું નામ નહિ!

એ ઉપરાંત અહીં ધાર્મિક યૂનિવર્સિટીઓ છે એ આ દેશની વિશેષતા છે. એવી એક 'ઓહતારી' યૂનિવર્સિટીમાં એક દિવસ હું ગયો હતો. એ બુદ્ધિસ્ટ યૂનિવર્સિટી છે. ત્યાં ધર્મની શોધખોળ વગેરે થાય છે તે ઉપરાંત બાકીનો ક્રમ બીજા ભણતર જેવો જ હોય છે.

કળાના વિષય ઉપર તો શું લખું ને શું ન લખું? કળા અહીંના લોકોના જીવનમાં ઓતપ્રોત-અણુપરમાણુમાં એકરસ થઈ ગએલી છે. કળા ને કળાકારને આ દેશમાં જુદાં પાડવાં મુશ્કેલ છે, કારણકે દેશની એકેએક વ્યક્તિમાં કળા છે. એમાં યે સ્ત્રીઓ. એમની સુઘડતા અને કલારસિકતા જોઇ તમે આશ્ચર્યચકિત થઇ જાઓ. અહીં પુરુષ અને સ્ત્રીના પહેરવેશમાં ઝાઝો ફરક નથી. એક લાંબો ઝબ્બો (જેને કીમાનો કહે છે તે) સાધારણ પહેરવેશ છે. કમર ઉપર ઓબી કરીને પહોળા પટા જેવું (પિછોડી કે ખેસને લગતું) કપડું બાંધે છે. કીમાનોની બાંહ્યો લાંબી ઢીંચણ સુધીની અથવા તેથી પણ જરાક નીચી અને પહોળી હોય છે; પણ હાથનું કાંડું પહોંચે એ જગ્યાએથી બાકીના ભાગ સુધી ચીરો હોય છે, તેમાંથી હાથ બહાર નીકળે અને નીચલો ભાગ લટકતો રહે. હવે તો શિયાળો આવ્યો એટલે કીમાનો ઉપર હાઉરી નામનો પોણો ઝબ્બો લોકોએ પહેરવા માંડયો છે.

અહીંના આ કીમાનો, ઓબી અને હાકરીના રંગો, તેમની પરસ્પર રંગમિલાવટ, દરેકની અજબ કારીગરી અને ભાતની છપાઈ,–એ બધાંની પસંદગી કોઇ પણ કળારસિકને મુગ્ધ બનાવી દે. અરે, અમારી ચાકરડી પણ એવા રંગો પસંદ કરે કે જેની પાસે આપણે લજવાઇએ. રંગ, રંગની મેળવણી અને પુરવણી માટે કોઈ વખત આપણે સુરત અથવા દક્ષિણની સ્ત્રીઓને વખાણીએ છીએ. પણ આ સ્ત્રીઓ સાથે સરખાવતાં આપણે બહુ જ અણઘડ ગણાઇએ. એ રંગમિલાવટોની અને અજબ છાપેલી તરાહોની સમજ આપણે ત્યાંના કળાકારોમાં પણ બધાને નહિ હોય. અને આ તો અહીંની સ્ત્રીઓને સ્વાભાવિક છે—સામાન્ય છે. દરેક કલાઉપાસકે જાપાન ઑકટોબરમાં અને એપ્રિલમાં જવું જ જોઇએ. એ દિવસોમાં જેણે જાપાન નથી જોયું એણે કળા બહુ અધુરી જોઇ છે. લેખક આના ઉપર પુસ્તકો લખી શકે. હું તો એ ભાષામાં ઉતારવાને અશક્ત છું. પણ એ કળાનો રસ પીઉં છું અને પીતાંપીતાં મુગ્ધ બનું છું.

હવે થોડું અહીંના નોકરો વિષે. અહીં લોકો બને ત્યાં સુધી કોઇનો ઉપકાર પોતાને માથે ચડવા દેતા નથી;—નોકર પણ નહિ. દરેક માણસ—સ્ત્રી કે પુરુષ—ને પોતાની રોજી મળી રહે છે એટલી અહીં કામગીરી બહોળી છે. આ દેશમાં કોઇ કોઇનું ઓશિયાળું નથી; દરેક માણસ સ્વતંત્ર છે. તમારી નોકરડીને તમે જે ઘડીએ નોકર માનો એ જ ઘડીએ એ તમારી રજા લઇ લે. એને પણ ઘરની સ્ત્રી જેટલું માન આપવું જોઇએ; અને ઘરની ધણીઆણી એમ કામના ભાગલા ન પાડી શકે કે આ કામ તો નોકરનું જ; મારું નહિ. નોકર તમારા કામમાં મદદ કરવા આવે છે, અને એ મહેનત બદલ

એને પૈસાનું મહેનતાણું મળે છે. ટાંકટાંક જરા યે ન સાંખે. તમારૂં વધેલું એને ખાવા આપો તો એ અપમાન સમજે. જાપાનીઝ ઘરમાં તો (અમીર કુટુંબ સિવાય) ઘણુંખરૂં નોકર પણ ટેબલ ઉપર સાથે જ જમવા બેસે. આપણે ત્યાં નોકરો પોતાની જુદી રસોઈ કરે છે. આપણા દેશના નોકર ને અહીંની વચ્ચે શી સરખામણી કરૂં? આપણા દેશનો નોકર એટલે અહીંની સરખામણીમાં ગુલામ. ક્યાં એની અધીનતા! આપણા દેશમાં નોકર પુરુષ હોય તો એની સ્ત્રી તમારી નોકર, એનું બાળક તમારૂં નોકર! એવી તો અહીં કોઇ કલ્પના પણ ન કરી શકે. અહીંનો નોકર એટલે કેવળ મદદનીશ, તમારા વધારાના કામમાં મદદ દેનારો, અને એથી વિશેષ કાંઈ નહિ. આ બધો પ્રભાવ સ્વતંત્રતાનો છે. આપણા દેશમાં એવી સ્વતંત્રતા ક્યારે પ્રગટશે! —**ગિરધરલાલ કોટક**

હાંબુર્ગ (જર્મની) તા. ૨-૧૦-૨૮

પર્યુષણના બેસતા દિવસે મિત્રો સાથે અહીંનું પ્રસિદ્ધ કબ્રસ્તાન જોવા જવાનું થયું. તમે સાંભળીને ચમકશો કે કબ્રસ્તાનમાં વળી શું જોવાનું હશે! મને પણ એ જોતાં પહેલાં એવો જ કાંઈક ખ્યાલ આવેલો. પરંતુ જ્યારે મેં એ સ્થાન જોયું ત્યારે મને ક્ષણભર તો એમ જ થઈ ગયું કે આપણા સાહિત્યમાં નંદનવન વગેરે દૈવી વનોનાં વર્ણન કરનારાઓની કલ્પનામાં પણ આવું વન કદાચિત નહિ આવ્યું હોય. મારા મનને તો એમ જ થઈ ગયું કે આવા દિવ્ય કબ્રસ્તાનમાં જો મૃત્યુ નજરે જણાય તો તેને હસતો હસતો વધાવી લઉં અને સ્નેહીજનની માફક તેના ગળે વળગી પડું. ૩-૪ કલાક એ સ્થાનમાં બેસી રહ્યો, પણ ઉઠવાનું મન ન થયું, અને કદાચિત જીવનમાં પહેલી વાર મૃત્યુ એ શબ્દ મહાન શાંતિ અને ઉપાધિમુક્ત દશાનો મધુર સૂચક લાગ્યો. એ કબ્રસ્તાન કોઇ ૫-૬ માઇલના ઘેરાવામાં ફેલાએલું છે. વિવિધ જાતનાં વૃક્ષો ને લતાઓથી એ ઢંકાએલું છે. જાતજાતનાં ફુલોથી આખું વન ચિત્રવિચિત્ર દેખાય છે. આખા બગીચામાં નાનામોટા સેંકડો રસ્તાઓ કાઢેલા છે. આપણને તો આપણા સ્મશાનનું નામ સાંભળતાં પણ કંપારી છુટે છે અને મનમાં કોઇ મહાન ભયંકર સ્થાનનું ભીતિ-ઉત્પાદક દર્શન થાય છે. મૃત જનના શબને ભસ્મસાત્ કરવા માટે ઘણા ખેદ સાથે આપણે સ્મશાનભૂમિમાં પગ મુકીએ છીએ અને કાર્ય પુરૂં થઈ રહેતાંની સાથે જાણે મોતના મોંમાંથી છટકીને આવતા હોઇએ તેમ પાછા ઘેર આવીએ છીએ. સ્મશાન એ આપણા મને મૃત્યુનું જાણે સાક્ષાત નિવાસસ્થાન લાગે છે. વેળાકવેળા તો એ તરફના રસ્તે ય જવું પણ આપણને અશક્ય થઇ પડે છે. ત્યારે અહીં એથી તદ્દન ઉલટું દેખાય છે. અહીંનું સ્મશાન એ એક રીતે દિવ્ય અને ભવ્ય સ્થાન જેવું લાગે છે. હજારો સ્ત્રીપુરુષો અને બાળકો એ સ્થાનમાં બબ્બે ચચ્ચાર કલાકો ગાળી કોઇ અલૌકિક આનંદ મેળવે છે. ઓછામાં ઓછું મહીનામાં એક વાર તો દરેક કુટુંબીજન એ સ્થાનમાં જાય છે અને પોતાનાં સ્વજનોની કબ્ર આગળ બેસી મનમાંનાં કાંઈકાંઇ સુખદુઃખ હર્ષશોક, આશાનિરાશાના ઉચ્છ્વાસ નિઃશ્વાસ કાઢી દિલનાં આશ્વાસન મેળવે છે. . . . .

આપણી પ્રજાની અજ્ઞાનતા ક્યારે દૂર થશે તેની કશી જ સમજણ નથી પડતી. અહીં આવીને મને તો આપણા ભવિષ્ય માટે વધારે ને વધારે દુઃખ જ થતું જાય છે. જ્યાં સુધી અહીંની પરિસ્થિતિનું પ્રત્યક્ષ જ્ઞાન ન હતું ત્યાં સુધી આપણી હીન દશા એટલી બધી ખેદકારક નહોતી લાગતી. પરંતુ અહીંનું જ્ઞાન થયા પછી આપણી અજ્ઞાનતા ઘણી ક્લેશકર જણાઇ રહી છે. કુદરતે અને ધર્મે આપણને અહીંના કરતાં અનેક રીતે ઘણી સુંદર વસ્તુઓ આપી છે, પરંતુ આપણી જડતા એ સુંદર વસ્તુઓનો કશો ય સુંદર લાભ આપણને નથી લેવા દેતી. આપણી ભૂમિ સુંદર જળ-વાયુથી પૂર્ણ છે, પણ આપણી પ્રજાનું આરોગ્ય તદ્દન કંગાલ છે; આપણે ત્યાં ફળદ્રુપ જમીન વણખેડી પડી છે, છતાં આપણાં કરોડો માણસો ભુખે મરે છે; આપણે ત્યાં સંતોષપૂર્વક જીવન ગાળવાની ઘણી સુલભ સામગ્રી છે, છતાં આપણી પ્રજા રીબાઇરીબાઇને મરી રહી છે; આપણો ધર્મ આપણને મહાન શાંતિ આપવાનું સામર્થ્ય ધરાવે છે, છતાં આપણું આખું પ્રજાજીવન અસંતોષ અને અશાંતિથી પરિપૂર્ણ છે. અહીં એથી બધું ઉલટું છે. પ્રાકૃતિક વાતાવરણ પૂર્ણ અનુકુળ ન હોવા છતાં પણ આ પ્રજાનું આરોગ્ય ઉત્કૃષ્ટતમ છે; બહુ થોડી જમીન અને તે પણ બહુ થોડી ખાદ્ય સામગ્રી આપી શકે છે, છતાં એક પણ મનુષ્ય ભુખે મરતું નથી; જીવન જીવવાની વસ્તુઓ ઘણી મોંઘી હોવા છતાં આખી પ્રજા એક સરખી રીતે આનંદ ને ઉલ્લાસથી જીવી રહી છે; અહીંનો ધર્મ પ્રજાના જીવનમાં આજે કશો વધુ ભાગ લેતો નથી કે કોઇ ખાસ પ્રેરણા આપતો નથી, છતાં પ્રજા સુખ અને શાંતિને યથેષ્ટ સેવી રહી છે. આપણે સ્વકર્મ અને આત્મબળનું સતત રટણ કરીએ છીએ, છતાં આપણો આખો કુટુંબ-પરિવાર ઉદ્યોગહીન હોઇ માત્ર કુટુંબના એક જ કર્તાહર્તાના પુરુષાર્થ ઉપર જીવતો હોય છે; ત્યારે અહીં કર્મ કે આત્મબળની કશી કલ્પના વગરનો સમજશક્તિ ધરાવનાર એકેએક સ્ત્રી-પુરુષ ને છોકરો-છોકરી પોતાના જ પુરુષાર્થ ઉપર જીવે છે અને પ્રગતિ કરે છે. આમ, આ પ્રજાના જીવન સાથે આપણા જીવનની સરખામણી કરતાં બહુ બહુ વિચારો અને તરંગો આવે છે. પણ આ બધા લખાણનો અર્થ એમ નહિ સમજતા કે અહીં હવે બધી જ પૂર્ણતા આવી ગઈ છે. અહીં જે અપૂર્ણતા અને અશાંતિ છે તે આપણા કરતાં યે કદાચ વધુ ભયંકર હશે. પણ તે બીજી જાતની છે આપણે તેની સામે જોઇ આપણી જડતાને પોષવી એ આત્મઘાત છે. એથી આપણો નાશ વધુ જલદી થશે. તેથી હું તો એ જ દૃષ્ટિએ વિચાર કરૂં છું. બાકી અહીંના વિચારકો

હવે લોકો પણ કહેવા લાગ્યા છે કે યૂરોપના ઉત્કર્ષનો હવે લગભગ અંત આવતો જાય છે અને એશિયા, જેમાં આપણો દેશ ગુરુપદે છે, તેનો ઉષઃકાળ સમીપ આવતો જાય છે.

(પ્રસ્થાન)

—મુનિ જિનવિજયજી

ચરણરતાન જતાં તા. ૧૩-૯-૨૮

મારી સ્ટીમરમાં એક ૯૭ વર્ષનો આરબ છે. ગજ્જા જાય છે. કહેતુ પણ તે શરીરે નીરોગી હોઇ પોતાનું બધું કામકાજ જાતે કરે છે. એ કામ કરે છે એટલું કામ તો હું પણ ન કરી શકું. તે બીચારો ત્રીજા વર્ગમાં છે. સાથે તેનો એક જુવાન દોસ્ત છે, પણ તે કામ કરતો નથી; જ્યારે આ બુઢ્ઢો બધી મહેનત ઉઠાવે છે. તેના દાંત અત્યારે પણ મજબુત છે. તેના કહેવા પ્રમાણે તેનાં છોકરાંને ઘેર છોકરાં અને તેમનાં પણ છોકરાં છે. મેં તેના ખોરાકનું થોડું દિગ્દર્શન કર્યું તો માલુમ પડ્યું કે તેઓ ઘણું ગરમ ખાતા નથી. ચા પણ ઠંડી થયા પછી જ પીએ છે. દાંત સાચવવાનો આ ખરો માર્ગ હશે. તેમનો ખોરાક પણ સાદો અને વધારે વાનીઓ વાળો નહિ. દાંતને કસરત મળે—એટલે બરાબર ચાવવો પડે એવું કંઇક ખોરાકમાં પાડું જ. આપણા ગુજરાતીઓમાં ખુબ ગરમ ખાવાની તથા એકીસાથે ઘણી જ વાનીઓ ખાવાની ટેવ શરીરને અવશ્ય નુકસાનકર્તા છે. પણ ઘણું મોટું નુકસાન તો ખાસ કરીને ઓસાવેલા ભાતથી થાય છે. કઠોળ પણ વધારાપડતું ખાવાની ટેવ જોઇ શકાય છે. ઠીક પ્રમાણમાં કેળવણી લીધા છતાં, આ ઉપર આપણે ત્યાં ભાગ્યેજ લક્ષ અપાય છે.

મસુઆ (લાલ સમુદ્ર)

હજુ હું અહીં બંદર ઉપર જ છું. ધીમેધીમે હવે અંદર જવા વિચાર કરૂં છું. અહીંની વસ્તીમાં મુખ્યત્વે આરબ, હબસી અને સોમાલી તથા બહારની વસ્તીમાં ઇટાલિયનો અને આપણા ગુજરાતીઓ, કચ્છીઓ ને કાઠિયાવાડીઓ છે. ઇટાલિયનો આગળ હિંદી વેપારીનું માન નથી. તેઓ ધારે તો ગમે તે વખતે આપણા વેપારીને દેશપાર કરી શકે. આવું બન્યું છે ને બન્યે જાય છે. તેમાં વાંક આપણો છે જ. રહેવાની રીત એટલી વહેમ ભરેલી ને ગંદી હોય છે કે ચીતરી ચડે. અહીં બ્રિટિશ કૉન્સલની ખાસ જરૂર છે, પણ તેને માટે એકત્રિત થઇને માગણી કરવાની ધગશ આપણા વેપારીઓમાં નથી.

અહીંની વસ્તીમાં મુખ્યત્વે ખોરાક મકાઇ, જુવાર અને માંસાહાર હોય છે. ગમે તેવો શ્રીમંત માણસ હોય તોપણ જુવાર તો ખાય જ. જુવારને રાત્રે પલાળી મુકે છે ને સવારમાં તેને પત્થર ઉપર પીસી નાખી રોટલા બનાવે છે. જો પલાળેલું પાણી ફેંકી દેવામાં આવતું ન હોય અને પીસવાનો પત્થર સારો હોય તો ખોરાકનાં બધાં તત્ત્વો તેમાં રહેવા પામે. પણ બીજી બાજુએ શોકખાઇનો ઘણો ઓછો ખ્યાલ છે.

સામાન્ય લોકોનો શરીરે રંગ કાળો, પણ આરબનો ઘઉંવર્ણો અને ગોરાપણા ઉપર હોય છે. હજું હું અંદરના ભાગમાં ગયો નથી.

ચુનીભાઈ ધ. પટેલ

ગ્લુસ્ટર (માસાચુસેટ્સઃ અમેરિકા)

સાધારણ રીતે રાતના અમે બધા મોડા સુઇએ છીએ, એટલે સવારમાં સૂર્યનાં કિરણો અમને ઉઠાડે નહિ ત્યાં સુધી કોઇને પથારીમાંથી ઉઠવાની ઈચ્છા થતી નથી. માત્ર બાળકો જેઓ આઠ વાગ્યા પહેલાં પથારી ભેગાં થાય છે તેઓ જાગી ગયાં હોય છે અને ગરબડ કરવાની મના હોવાથી ધીરે સાદે અંદરઅંદર ઘુસપુસ કરતાં સંભળાય છે. સવારમાં ૮-૮॥ વાગ્યે ફડી દાતણપાણી કરી સૌ નાસ્તો લે છે. નાસ્તામાં મગરા કે ઘઉંની ધાણી કે કૉર્નફ્લેક-જેને અહીં 'સીરીઅલ' (Cerial) કહે છે—દુધની સાથે નાનામોટા સૌકોઇ લે છે, અને તે ઉપરાંત નારંગી, પીચ કે કેળાં જેવું એકાદ ફ્રુટ અને ટોસ્ટ લે છે. બાળકો પણ પથારીમાંથી ઉઠીને આ દુધ પૌંઆ ખાઇ રમવા લાગી જાય છે અને કાં તો દરિયાકાંઠે નહાવા નીકળી પડે છે અથવા તો બીજી રમતે ચડે છે.

બાળકો માટે જમવાનો સમય એક કલાક આગળ હોય છે. સાંજના તેઓ સાત વાગ્યે જમી નિયમિત આઠ વાગ્યે પથારી ભેગાં થઇ જાય છે. આ સમય પહેલાં તેમના પર કોઇ જાતનો દાબ અહીં નથી. તેઓ મરજીમાં આવે તેમ લાકડાના ઘોડા કુદાવે છે, બંદુકોના બાહાર કરે છે, ઘર માંડે અને ભાંગે છે, સંતકુકડી ખેલે છે અને દરિયાકાંઠે નાહાવા જાય છે. વચમા વચમાં ભુખ લાગે ત્યારે સફરજન કે બિસ્કિટ ખાતાં જાય છે; પણ રમતમાં ભંગ પડવા દેતાં નથી. આપણાં બાળકોની માફક અહીંનાં બાળકોને પણ રાજપાઠ બહુ જ પસંદ છે અને તેઓ મુછો રંગે છે, ફેંટા બાંધે છે અને હાથમાં બંદુક લઇ કેટલા યે અદૃશ્ય સિપાઇઓનો સંહાર કરે છે. તેમનાં રમકડાંઓમાં જાતજાતનાં જનાવર—જેવાં કે ઉંટ, ઘોડા, ડુક્કર, હાથી, મગર વગેરે છે અને વહાણો તો તેઓ જાતે જ બનાવે છે તથા તેને સઢ પણ ચડાવે છે. પરંતુ એકલાં વહાણોથી તેમને હવે સંતોષ નથી. તેમણે વિમાનો બાંધવાં શરૂ કર્યાં છે અને દરેક બાળકની પાસે પોતાનું બાંધેલું એકેક વિમાન છે. આ વિમાનો ઘણાં નાનાં હોવાથી તેઓ તેમાં બેસી શકતાં નથી, આથી તેઓ એ વિમાનને લઈ મોટરમાં બેસે છે, ને વિમાનનો પંખો પવનથી ચક્કર ચક્કર ફરે છે ત્યારે મોટરની ગતિ સાથે વિમાનને વાંક આપી, પોતે જાણે કેમ વિમાનમાં જ ન બેઠાં હોય એવો દેખાવ કરે છે.

આ બધી બાળચેષ્ટાઓ છે, પણ એમાંથી જ ભવિષ્યના લિન્ડબર્ગ અને ટની પાકે છે. માબાપો આ બાળરમતોને પોષે છે અને પોતે હાથમા કરવત લઈ વિમાન બાંધવા લાગી જાય છે. કુહાડી, પાવડી, કરવત, હથોડી, પીછી વગેરેનો ઉપયોગ આ બાળકો નાનપણથી જ શીખે છે અને મૂળાક્ષર આવડે તો પહેલાં યે ચિત્રોથી જ વહાણો બાંધતાં અને

[અનુસંધાન ગાધુકરીને છેડે]



બા ળ વિ ભા ગ

મોરલો

બધા ચુપ થઈ જાઓ, એઇ !

જુઓ પેલો વંડી પર બેઠેલો મોર ચોકમાં આવવાની તૈયારી કરે છે.

જરાક અવાજ સાંભળશે તો પછી એ નહિ આવે. એ ભારે બીકણુ છે, હો !

ફડફડ પાંખો ફફડાવતો ને 'મે આવ, મે આવ' કરતો હમણાં એ આપણા ચોકમાં આવીને બેસશે. પછી બા પાસેથી હું થોડી ચણ લઈ આવીને એને નાખીશ.

એ ચણે છે કેવી રીતે, તમે કોઇએ જોયું છે? ચપ ચાંચ મારે ને એક દાણો મોંમાં મુકે. વળી ચપ ફરી ચાંચ મારે ને બીજો દાણો મોંમાં મુકે. ને એના માથા ઉપરની કલગી તો એવી નાચતી જાય ! એમ એકએક દાણે એ બધી ચણ ચણી જાય.

પછી પેલા કુંડામાં હું એને પાણી પાઇશ.

ખાઇપીને ભાઇસાહેબ લહેરમાં આવશે એટલે પછી આ . . . ને મજાની કળા માંડશે ! એની પીછીઓનું તો જાણે મોટું આકાશ થશે તે એમાં પાર વગરનાં ચાંદરણાં ઉગશે. જાણે એક રૂપાળું મોં ને એમાં એટલી બધી આંખો ! આપણે તો બે જ આંખ હોય ને એની આંખો તો ગણાય પણ નહિ એટલી !

અલ્યા મનુ, ઘડીક વાત કર્યા વિના નથી રહી શકતો ? જો, મોર સાંભળી ગયો. કેવો ચમકી ગયો ! આમતેમ ચારેકોર એની ચમકતી આંખ ફેરવવા મંડ્યો ! જો એને ખબર પડી જશે કે અહીં તો આટલાં બધાં છોકરાં છે તો પછી એ આવશે જ નહિ ને !

લે વળી, અત્યારે આ કવિતા ગાવાનો કોને શોખ થઈ ગયો ? ચંપા બહેનને ? ચંપાબહેન, તમે ઘડીક વાર ન ગાઓ તો ? પછી આખો દિવસ ગાજોને તમે તમારે. અમસ્થાં તો કોઇ ગાવા માટે પચાસ વાર કહે તો યે બહેન ન ગાય; ને અત્યારે આ મોર ઉડી જશે એટલી યે ખબર નથી પડતી ! એ કેટલો ચપળ છે એ તમે જાણો છો ? તમે સાવ મનમાં ગાતા હો તો યે એ સાંભળી જાય ને ઉડી જાય એવો છે !

અરર ! આ કોણ છે ? એ . . . મારો મોરલો ઉડી ગયો, લ્યો ! આ કોણે કર્યું ? ચંપકભાઇએ ને ? ચંપકભાઇ ! તમે ઘડીક છીંક ખાધા વગર ન રહી શક્યા ? હવે એ કોઈ દિ' નહિ આવે તો ?

તમે બધાં બહુ તોફાની છો ! **વ્રજલાલ શાહ**



નમું ગણેશ ને નમું હનુમંતા
બે રે જોદ્ધામાં કોણ બળવંતા?

ગણપતિજી કહે છે મેં તો સુરજ રથ બાંધ્યા
હનુમાનજી કહે છે મેં તો લંકા ગઢ બાળ્યા.—નમું૦

ગણપતિજી કહે છે મને વરસે સીંદુર ચઢે
હનુમાનજી કહે છે મને નિતનિત તેલ ચઢે.—નમું૦

ગણપતિજી કહે છે મારે જમવા જોઇએ લાડુ
હનુમાનજી કહે છે મને તેલ ચઢે ગાડું.—નમું૦

ગણપતિજી કહે છે મારે રિદ્ધિસિદ્ધિ નારી
હનુમાનજી કહે છે હું તો બાળબ્રહ્મચારી.—નમું૦

ગણપતિજી કહે છે મારે જનોઇના જોટા
હનુમાનજી કહે છે મારે વજ્રકછોટા.—નમું૦

મુક્તાનંદ કહે હું કાંઈ નવ જાણું
બે રે જોદ્ધામાં હું કોને વખાણું ?







માધુકરી

પિતા! પેલો આઘે જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકલ નદનાં તે ગમ વહે:
વહો એવી નિત્યે અમ જીવનની સર્વ ઝરણી,
દયાના, પુણ્યોના તુજ પ્રભુ! મહાસાગર ભણી.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઉચરૂં,
કૃતિ ઇન્દ્રિયોની, મુજ મન વિષે ભાવ જ સ્મરૂં,
સ્વભાવે, બુદ્ધિથી, શુભ અશુભ જે કાંઈક કરૂં:
ક્ષમા દૃષ્ટે જોજો, તુજ ચરણમાં નાથજી! ધરૂં.

—કવિ નાનાલાલ

પ્રેસિડેન્ટ હૂવર

નવ વર્ષની ઉમરે પોતાનાં માબાપ ગુમાવી બેસી નિરાધાર થઇ પડેલો અમેરિકાના એક લુહારનો છોકરો હમણાં બે માસ પર ત્યાંના પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખપદે પહોંચ્યો છે, અને આપબળ ખંત તથા અડગ આત્મશ્રદ્ધાના સંદેશવાહક સમા એ દેશનાં એવાં અનેક જ્વલંત દષ્ટાંતોમાં એકનો ઉમેરો કર્યો છે. ૧૮૭૪ના ઑગસ્ટની ૧૯મી તારીખે એ જન્મ્યો ત્યારે એના બાપે પોતાની બહેનને જઇને વધામણી આપેલી કે અમારે ઘેર ભવિષ્યનો પ્રમુખ જન્મ્યો છે. બાપ તો એને નવ વરસનો મુકીને મરી ગયો, પણ દીકરે પોતાના આપબળે બાપની એ ભવિષ્યવાણી ખરી પાડી.

નમાયો ને નબાપો હર્બર્ટ જુદાંજુદાં સગાંઓને ઘેર ઉછરી મોટો થયો. સગાંવહાલાં સારી સ્થિતિનાં ને માયાળુ હોવા છતાં જાતખરચ તો એ અંગમહેનત કરીને જ કાઢતો, અને તેમાંથી બચત પણ કરતો. અભ્યાસ દરમ્યાન એને ખીણ અને ખનીજશાસ્ત્રના કામનો રસ લાગ્યો, અને કોઇપણ ભોગે એમાં પાર પડી મોખરે આવવાનો એણે મનોરથ ઘડ્યો.

સ્ટૅનફર્ડ યૂનિવર્સિટી છોડી એ એક ખાણમાં કામે રહ્યો અને ખંત તથા કુનેહથી ફોરમૅનની જગ્યાએ પહોંચ્યો. એ જ્ઞાન મેળવી લીધા પછી ધંધાદારી સમજ મેળવવા તે લૂઇ જેનિન નામના એક ઇજનેરની ઑફિસમાં નોકરીએ રહેવા ગયો. ઇજનેરે સાફ સંભળાવી દીધું કે મારે ત્યાં જગ્યા નથી: ઉલટું ઉમેદવારોની લાંબી યાદી પડેલી છે; ને પછી મજાકમાં કહ્યું, 'પણ રહો, એક ટાઇપિસ્ટની જગ્યા ખાલી છે!' અમેરિકામાં એ કામ ઘણે ભાગે છોકરીઓ જ કરે છે.

હર્બર્ટ પોકારી ઉઠ્યો: 'હું તે સ્વીકારૂં છું; પણ આઠ દિવસ પછી નોકરીએ ચડીશ: આવતે મંગળવારે.' અને તે સલામ કરી જવાબની રાહ જોયા વિના જ ચાલતો થયો. ભાઇસાહેબને ટાઇપરાઇટર પર ટકોરો મારતાં યે નહોતો આવડતો. પણ આઠ દિવસમાં તો તે એ કામમાં પાવરધો થઇ બીજે મંગળવારે નોકરી પર ચડી ગયો!

આમ અનેક પગથિયાં વટાવતો, આફતોનાં જાળાં કાપતો ને મુસીબતોની ગુંચો ઉકેલતો તે ઉપલા પદ પર પહોંચ્યો ને લંડનમાં મોરેન્ગ ખીણની ભાગીદારીમાં જોડાયો.

હવે લક્ષ્મીદેવીની કૃપાનાં સ્મિત તેના પર વરસ્યાં અને થોડા વખતમાં સારાં નાણાં કમાઈ પોતાને વતન અમેરિકા જઇ સુખચેનમાં વસવાનાં તે સ્વપ્નાં સેવવા લાગ્યો. પણ



નસીબનું ચક્કર ફર્યું. પેઢીનો કૅશિયર મોટી રકમ ઉચાપત કરી નાસી ગયો. પેઢી નાણાંભીડમાં આવી પડી. બીજા ભાગીદારો બહારગામ હતા. હૂવરે પોતાની અંગત પાઇએ પાઈ આપીને દેવું ચુકાવી દીધું અને વતનમાં વસવાનાં સોનેરી સ્વપ્નાં છોડી દઇ પોતાની પેઢીને પગભર કરવા જીવતોડ પ્રયત્નો કરવા માંડયા.

અને સ્વાશ્રયી તથા આત્મશ્રદ્ધાળુ કદિ પરાજિત થતો જ નથી. ઉતરેલી સીડીનાં પગથિયાં હૂવરે ફરીથી કડકડાટ ચડવા માંડયાં. વેપારરોજગારમાં, ધનસંપત્તિમાં, રાજકાજમાં એ મોખરે આવવા લાગ્યો. અને આજે, કેવળ આપબળ અને બુદ્ધિપ્રતિભાથી માણસ શું કરી શકે છે તેના તેજસ્વી દૃષ્ટાંત સમો તે અમેરિકન રાષ્ટ્રના પ્રમુખપદે જઇ બેઠો છે.

સિંપ્લન

ઘણાખરા જાણે છે કે મુંબાઇથી પુના જતાં રસ્તામાં પચીસ બોગદા (ટનલ) આવે છે. એમાં લાંબામાં લાંબો બહુ તો બે માઇલ લાંબો હશે. પણ અહીં જે બોગદા વિષે લખીએ છીએ તે જગતમાં લાંબામાં લાંબો છે. તેનું નામ સિંપ્લન.

જગતનાં એન્જિનિયરિંગનાં આશ્ચર્યોમાં આ બોગદો ગણાય છે. સ્વીટ્ઝર્લૅંડ ને ઇટાલી એ બંને દેશને જોડવા માટે તે આલ્પ્સ પર્વત નીચેથી ખોદવામાં આવ્યો છે.

જગતભરમાં ઉંચાઇમાં બીજે નંબરે ગણાતો આલ્પ્સ ઓળંગવા હાનીબાલને પંદર દિવસ અને નેપોલિયનને પાંચ દિવસ લાગેલા. તે જ કામ આ બોગદો ૧૫ મિનિટમાં કરી આપે છે. એ બોગદાને એક છેડે ઈટાલીમાં આવેલું ઇસેલ ગામ છે અને બીજે છેડે સ્વિટ્ઝર્લૅંડમાં આવેલું બ્રિગ ગામ છે. તે સાડા બાર માઈલ લાંબો છે અને એટલી લંબાઇનો બોગદો જગતમાં બીજે કયાં યે નથી. એ ખોદાયો ત્યારની હકીકત બહુ જ રસપૂર્ણ છે.

આ બોગદો ખોદવાનું નક્કી થયા પછી એન્જિનિયરોએ ઉત્સાહપૂર્વક એ કામ ઉઠાવ્યું. ઇટાલી અને સ્વિટ્ઝર્લૅંડ એ બંને દેશોમાંના બંને છેડેથી એની શરૂઆત કરવામાં આવી હતી, અને બંને સ્થળોના મજુરોએ વચ્ચે સામસામા મળવું એમ નક્કી થયું હતું! આ કામ કેટલું મુશ્કેલ છે તેનો આપણને ખ્યાલ ન આવે. જો જરાક પણ વાંકુંચુંકું ખોદાય તો એ સાડાબાર માઇલના ગાળામાં એકાદ ફર્લાંગનું અંતર તો સહેજે પડી જાય. અને પછી એકને બદલે બે બોગદા બમણે ખરચે થઈ પડે!

પણ એન્જિનિયરોએ એ કામ બહુ જ ગણત્રીપૂર્વક ને એક યંત્રની મદદથી બરાબર મુકરર કરેલા નકશા પ્રમાણે કરી સંપૂર્ણ કર્યું. અને અંતે જ્યારે બંને દેશના મજુરો સામસામા મળ્યા ત્યારે હર્ષના ઉભરાથી એમણે કરેલી આનંદની ચીચિયારીઓ અપૂર્વ હતી.

આ બોગદો એક માઈલ ઉંડાઇએ ખોદાયો છે;--એટલે કે તેની ઉપર એક માઈલ ઉંચો ડુંગર છે અને એ એક માઇલ ઉંચા ડુંગરનો ભાર એ ઝીલી રહ્યો છે. આટલી ઉંડાઇએ પૃથ્વીના ગર્ભમાંની ઉષ્ણતા, પાણીના પ્રવાહો વગેરેનો અનુભવ અને એને લીધે થતી અડચણો આવે એ તદ્દન સ્વાવિક હતું. વચ્ચે કેટલેક ઠેકાણે ગરમી એટલી બધી હતી કે થર્મામિટરનો પારો ૧૩૨° સુધી ચડયો હતો અને કેટલેક ઠેકાણે એટલી ઠંડી આવી કે પારો એકદમ ૫૫° સુધી ઉતર્યો. ઘણે ઠેકાણે પાણીનો પ્રવાહ બહુ જ જોરવાળો હતો. એક ઠેકાણે તો તે ભયંકર થઇ પડયો. દર મિનિટે સાડા દસ હજાર ગૅલન પાણી ધસારાબંધ વહેવા લાગ્યું અને એક દિવસમાં એક લાખ ટન પાણી ભરાવા લાગ્યું. જાણે મોટી ધુઘવતી નદી જ વહેવા લાગી! એન્જિનિયરો ગભરાયા; પણ હીમત ન હાર્યા. તેમણે આ આફતનો ઉપયોગ કરવાની યુક્તિ કાઢી. બોગદો ખોદવા માટે વપરાતાં એન્જિનો, યંત્રો વગેરે આ પ્રવાહના જોર વડે ચલાવવાનું શરૂ કર્યું અને એ રીતે તેલ, કોલસા વગેરેનો લાખો રૂપિયાનો ખર્ચ ઓછો કર્યો. યંત્રો ચલાવવામાં વપરાઇ રહ્યા પછી એ પાણીને બહાર જવા માટે મોટા પંપ લગાડી સરસ રસ્તો કરી આપ્યો અને એ પંપ પણ એ જ પાણીના જોર ઉપર ચલાવ્યા! વળી એ પ્રવાહનો તેમણે ફોડેલા પત્થર ઘસડી જવા માટે પણ ઉપયોગ કર્યો અને આ રીતે પોતાનું કામ પોતાના સંકટ દ્વારા જ કરાવ્યું.

યૂરોપિયન લોકોની ધીરજ, કામ કરવાનો તેમનો ઉત્સાહ અને સંકટોનો અથવા ગમે તેવી પરિસ્થિતિનો અનુકુળ ઉપયોગ કરી લેવાનું તેમનું બુદ્ધિચાતુર્ય એ ગુણ ખરેખર વખાણવા જેવા છે.

બોગદો ખોદતાં કેટલેક ઠેકાણે ખડક એટલા ગરમ આવેલા કે તેમની નજીક જવું પણ અશકય હતું. પણ વળી એન્જિનિયરોએ ભેજું ચલાવ્યું અને બરફ જેવા શીત ઝરણાનો તે ખડક ઉપર મારો ચલાવ્યો. એને લીધે ખડક એકદમ પોતાની મેળે ટુકડેટુકડા થઈ પડયા અને એ રીતે સુરંગની મહેનત તથા દારૂનો ખરચ બંને બચી ગયાં.

એક જગ્યાએ તદ્દન કોરી અને રેતી જેવી માટી આવેલી. તે વારંવાર ધસી પડતી અને આગળ કામ કરવું મુશ્કેલ થઇ પડતું. એ જગ્યાએ નદીનો પ્રવાહ છોડી તે માટી ધોઇ નાખવામાં આવી, અને બીજી માટી ન પડે તે માટે ઉપર લાકડાનાં પાટિયાં અને લોઢાની કેંચી લગાડવામાં આવ્યાં. એ પ્રચંડ કેંચીઓ પણ ભારથી નમી જવા લાગી, એટલે એની નીચે ચુનાનું પાકું ચણતરકામ કરવામાં આવ્યું અને ત્યારે જ કામ આગળ ચાલ્યું.

આ કામ કરવા માટે દસ હજાર માણસો લગાડવામાં આવ્યાં હતાં અને એકંદરે ખરચ એન્જિનિયરોની ચતુરાઇથી



બાલિનું એક દશ્ય

તદ્દન ઓછું—એટલે ફક્ત સાડાચાર કરોડ રૂપિયા જ આવ્યું. બોગદાની અંદર વિજળીના દીવા ચોવીસે કલાક બાળવા પડતા અને હવા માટે અનેક પંખા લગાડવા પડતા; જે હજી પણ કાયમ છે. મજુરોને તો ઢીંચણભર પાણીમાં જ કામ કરવું પડતું. તે માટે ખાસ જાંઘ સુધીનાં રબરનાં બુટ અને ઓવર-કોટ આપવામાં આવેલાં. બધું કામ યંત્રો દ્વારા જ કરવામાં આવતું. રોજ લગભગ ૧૫થી ૨૦ ફુટ કામ થતું. બે ફુટ ઉંડાં વેહ પાડી તેમાં દારૂ ભરી સુરંગો ઉડાડવામાં આવતી. એકંદરે ૩,૭૪,૦૦૦ સુરંગો ફોડવામાં આ-વેલી અને તેમાં ૧૫૦૦ ટન દારૂ વપરાએલો. એકંદરે ૧૨,૨૯,૫૦૦ ઘન ફુટ ખડક આ રીતે ખોદવામાં આવ્યો ત્યારે આ બોગદો પુરો થયો.

એક માઇલ ઉંચા પ્રચંડ પર્વતના ભાર ઝીલનારા આ બોગદામાંથી ૧૫ મિનિટમાં પસાર થનાર આ-જના પ્રવાસીને તે બાંધવામાં આ-વેલી આ બધી મુશ્કેલીઓનો ખ્યાલ આવતો હશે ખરો?

[સંગ્રહિત] શંકર દત્તાત્રેય કાલેલકર

બાલિ

બાલિ દ્વિપ નાનકડો છતાં સંપૂર્ણરીતે વ્યવસ્થિત છે. એનાં જંગલો ટેકરીઓ ને ધોધ, એનાં મંદિરો ને શિલ્પકામ એનાં ઝુંપડાં ખેતરો ને બજારો બધું એકરંગી લાગે છે. આંખને કાંઇ જ અવ્યવસ્થિત દેખાતું નથી. ડચ સરકાર બહારનાં કારખાનાં બાંધનારને અહીં દાખલ થવા દેતી નથી, તેમજ આ કાંઈ ધર્મના પ્રચારકોનું આશ્રયસ્થાન પણ થઈ પડતો નથી. પરદેશીઓને ખેતી કરવા માટે પણ જગ્યા મેળવતાં અહીં ઘણી મુશ્કેલી પડે છે. વેપાર મુખ્યત્વે આરબ, ગુજ-રાતી મુસલમાનો ને ચીનાઓના હાથમાં છે. પવિત્ર ગંગાને કિનારેથી શરમભરેલી રીતે મંદિરોને ખસેડી અને ઠેકાણે બંધાતાં શણનાં કારખાનાંની જેમ અહીંનાં કારખાનાં આજુ-બાજુના વાતાવરણમાં ખલેલ પહોંચે એવે સ્થળે બંધાતાં નથી. ગામડાંનો વહીવટ ગામડિયા પોતે જ ચલાવે છે. ખેતી અને નહેરની રીત શ્રેષ્ઠ માલુમ પડે છે. બીજાં સ્થળોના પાક સાથે સરખાવતાં અહીંનો પાક પણ પ્રમાણમાં ઘણો વધારે ઉતરે છે એમ કહેવાય છે.

આ લોકોનાં કપડાં સુંદર રંગેલાં ને શ્રમપૂર્વક ભાતીગળ કરેલાં હોય છે. આ ઉપરથી એમ લાગે છે કે રંગ વગરનું ગમે તેવું ચીંથરૂં પોતાના શરીર પર લાદીને એનું અપમાન કરવા તેઓ ઈચ્છતા નથી. એટલે જ્યાંજ્યાં માણસોનું ટોળું એકઠું થાય ત્યાં એક મનોહર દશ્ય ખડું થઈ જાય છે. સ્ત્રીઓ શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો રાખે છે ને જો કોઈ એ વિષે તેમને પ્રશ્ન કરે તો તેઓ કહેશે કે શું કાંઈ અમે પતિત સ્ત્રીઓ છીએ કે અમારી છાતી ઢાંકી દઇએ? એકંદરે સ્ત્રી-પુરુષના ચહેરા તેમજ શરીર સારાં છે. મેં એવી એક પણ

વ્યક્તિ જોઇ નથી જે અપ્રમાણ રીતે જાડી કે પાતળી હોય. એમનાં મજબુત ને તંદુરસ્ત શરીર તથા સંતોષી ને આનંદી ચહેરાનાં કારણ રૂપ સારી રીતે ખોરાક પામતાં ઢોરઢાંખર ને તાજી વનસ્પતિ પણ છે. રળિયામણાં દૃશ્યની નજરે જોઇએ તો બાલિથી ચડિયાતાં સ્થળો દુનિયામાં બહુ જ થોડાં છે. આ વખતે નંદલાલ અમારી સાથે ન આવી શકયા એ માટે મને ઘણી જ દિલગીરી થાય છે. આવી તક બીજી વાર એને ભાગ્યે જ મળશે. દરેક બાજુએ કળાકારની દૃષ્ટિને પુરેપુરા લાયક દેખાવો પડયા છે. એનું કારણ પુષ્કળ વનસ્પતિ છે. લોકો એમનાં ઝુંપડાં, રાચરચીલું, ધર્મક્રિયાઓ ને રીતરિવાજો મરજી મુજબ કલાત્મક કરી શકયા છે. હજી સુધી એક પણ ભિખારી અમારી નજરે ચડયો નથી; ગંદકીનું ચિહ્ન સરખું અમે ક્યાંયે જોયું નથી. જ્યાં જુઓ ત્યાં સંગીત ને નાચ ને નાટયપ્રયોગો ચાલતાં જ હોય. એમના ઉત્સવોમાં મુખ્ય બાબત નાચ હોય છે. સમુદ્રની પવનલહરીઓમાં જેમ અહીંની નાળિયેરીનાં પાન ડોલે છે તેમ સંગીતના તાલ ઉપર આ સ્ત્રીપુરુષોનાં અંગ ડોલે છે. રસ્તાઓ પર દરેક જાતનાં મંદિરો ને મૂર્તિઓ જોવામાં આવે છે. શરીર કે આત્માને માટે ખરેખર, એમને ખોરાકનો તોટો નથી. શ્રી નીકેતન—સંપૂર્ણ કલ્યાણનું એ સાચું ચિત્ર છે.

(વિશ્વભારતી) —રવિન્દ્રનાથ ઠાકુર

ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિ

આપણામાં આપણી સંસ્કૃતિની પ્રગતિ માટે ઉત્સાહ નથી, તેમ તેના રક્ષણ માટે કાળજી પણ નથી. દક્ષિણની કૉલેજમાં ભણતો દરેક વિદ્યાર્થી પોતાના દેશનો ઇતિહાસ સારી રીતે જાણે છે અને બધાં જુનાં સ્થાનો જોવા જાય છે, તેમજ તેનો પુનરુદ્ધાર કરવાના પ્રયત્ન કરે છે. ઇતિહાસ પ્રજામાં તાજો રહે એવી જે ભાવના લોકમાન્ય તિલકે તાજી કરી છે એ ત્યાં પ્રતિદિન વધતી જ જાય છે. હાલમાં ત્યાંના કવિઓ પવાડા પણ જુની પદ્ધતિ મુજબ એવા બનાવે છે કે તે સાંભળી એક વાર તો આપણામાં જરૂર શૌર્ય છુટે. ગણેશ મેળાની તથા એવી બીજી પ્રવૃત્તિઓ દ્વારા પણ ત્યાં પ્રજાનું ધ્યાન પ્રાચીન ઇતિહાસ તરફ વધારે ખેંચાય છે. આ દિશામાં ત્યાં બધા પક્ષો એકત્ર મળીને કાર્ય કરે છે.

દક્ષિણીઓમાં જેવી રાષ્ટ્રભાવના અત્યારે પણ છે તેવી આપણા ગુજરાતીઓમાં નથી તેનું કારણ ઇતિહાસની ઘટના છે. ત્યાંની નિકટની ઐતિહાસિક ઘટના શિવાજીના રાજ્યથી માંડીને તે પેશ્વાઇના અંતની છે, જ્યારે આપણે ત્યાં ગુજરાતમાં એવી કોઇ ઐતિહાસિક ઘટના નથી. ગુજરાતનો પુરાણ કાળનો ઇતિહાસ તો છેક અંધારામાં છે. માત્ર પાટણના સમયથી કાંઇક વિગતો મળે છે.

પાટણ પહેલાં ગુજરાતની સંસ્કૃતિનું મુળ સ્થાન આબુ અને તેની આસપાસ પચાસ પચાસ માઇલ ફરતો પ્રદેશ છે. આપણી હાલની સંસ્કૃતિનાં મુળ આપણે આબુ આગળથી ખોળી શકીએ. આબુ ઉપર અચળેશ્વર મહાદેવનું મોટું ધામ છે. છતાં તેની અત્યારે કેવી દશા છે? ત્યાં લોકો જાજરૂ જાય છે અને તે તદ્દન બિસ્માર હાલતમાં માલુમ પડે છે. મંદાગ્નિ કુંડની દશા પણ એવી છે. આ કુંડનું માહાત્મ્ય એવું હતું કે ક્ષત્રિય રાજાઓ તેની આસપાસ મરણ ઈચ્છતા. હજુ પણ ઘણા પ્રાચીન રાજાઓના ત્યાં પાળિયા છે. જૈનોની ભાવના પહેલાં વિશાળ હતી પણ તે હવે તેવી રહી નથી. અચળેશ્વરના તેમના દહેરામાં કેવો ચકચકાટ છે! છતાં પાસેના મહાદેવમાં તો માખીઓ બણબણે છે! આપણ ગુજરાતીઓ હજારો અને લાખો રૂપિયા ખર્ચે છે, પણ આ દિશામાં કાર્ય કરવાનું કોઇને સુઝતું નથી.

ગુજરાતના રાજા ભોળા ભીમદેવના સમયમાં આબુથી ત્રણેક માઈલ દૂરની ચંદ્રાવતી નગરીમાં ધારાવર્ષ કરીને રાજા હતો. એ મહા પરાક્રમી હતો. તેની મૂર્તિના બે કકડા હાલ અચળેશ્વરના કુંડ પાસે પડેલા છે. એ રાજા એવો જબ્બર બાણાવળી હતો કે તેણે એક જ બાણથી ત્રણ પાડાઓને આરપાર વીંધી નાખ્યા હતા. તેની એ મૂર્તિ પાસે પથ્થરના ત્રણ પાડાઓ કરીને મુકયા છે. આબુ પર્વત શિરોહીના રાજાના તાબામાં છે. એ રાજાએ ટેલર નામના એક સાહેબની યાદમાં લાખેક રૂપિયા ખર્ચીને તળાવ બંધાવ્યું છે, પણ અચળેશ્વર મહાદેવની બાબત તેમને સુઝતી નથી. પ્રજાને પણ સંસ્કૃતિનું ભાન નથી. ગુજરાતમાં ધનિકો તો ઘણા છે, પણ તેઓને ગુજરાતની પ્રાચીન અસ્મિતા માટે અભિમાન નથી. વડોદરાના સયાજીરાવ મહારાજા કહેવાય છે, છતાં સિદ્ધપુરમાં રૂદ્રમાળના અવશેષને તેમણે સુરક્ષિત કર્યાં નથી. ચંદ્રાવતી મોટું શહેર હતું અને તેનો કિલ્લો આબાદ હતો ત્યાં સુધી વિદેશીઓના હુમલા ગુજરાતમાં થઇ શકતા નહિ; કેમકે એ ગુજરાતમાં પેસવાના દરવાજા રૂપ હતું. એ જ્યારે પડયું ત્યારે ગુજરાતના દરવાજા ખુલ્લા થયા. પુસ્તકો પરથી જણાય છે કે ચંદ્રાવતીમાં સેંકડો જૈન તથા શૈવ મંદિરો હતાં. કર્નલ ટૉડે જ્યારે એ નગરીની મુલાકાત લીધી ત્યારે પણ ત્યાં ૨૦ મંદિરો તો સારી સ્થિતિમાં જોવામાં આવ્યાં હતાં અને તેનાં થોડાંક ચિત્રો પણ પુસ્તકમાં તેણે આપેલા છે. ગયે વર્ષે હું તથા પ્રોફેસર મલકાની ચંદ્રાવતીનું ખંડેર જોવા ગયા હતા. હાલ ત્યાં એકકે ય મંદિર નથી. કેવળ એક પથ્થરનો થાંભલો ઉભો છે તે જ માત્ર ચંદ્રાવતીનો અવશેષ છે. એ જાય એટલે ચંદ્રાવતીનો પત્તો નહિ મળે!

યૂરોપમાં આ પ્રમાણે નથી. જો ત્યાંના લોક જાણે કે અમુક પથરાનો અમુક મહાન રાજાએ સ્પર્શ કર્યો હતો તો તેઓ તેના સંરક્ષણ માટે ગમે તેવા ભોગ આપવા તૈયાર થાય છે. હાલમાં તો રૂદ્રમહાલયનો એક પથરો પણ આપણને પ્રાણ કરતાં વધારે હોવો જોઇએ. —મુનિ જિનવિજયજી

પોલો

પોલો મુળ હિંદુસ્તાનની રમત છે. તિબેટી ભાષામાં 'પુલુ' શબ્દનો અર્થ દડો થાય છે; તે પરથી 'પોલો' નામ આવ્યું છે.

અત્યારે તો જગત આખામાં પોલો પ્રસિદ્ધ રમત છે; પણ યૂરોપમાં તે હમણાં ગઇ. પહેલાં તે મુખ્યત્વે એશિયામાં રમાતી. ઇરાનમાં, અફઘાનિસ્તાનમાં, તાતારમાં અને હિંદુસ્તાનમાં સેંકડો વર્ષો પહેલાંથી તે જાણીતી છે. અત્યારે હિંદુસ્તાનના બધા રાજા-રાણાઓની તે માનીતી રમત છે. તેમાં યે જોધપુર મહારાજાની ટીમે તો જગતમાં નામ કાઢ્યું છે. દુનિયાના દરેક દેશમાં એ જઇ મેદાન સર કરી આવે છે.

પોલો એટલે ઘોડાપર બેસીને ગેડીદડે રમવું તે. એને માટે ઘોડેસવારી પાકી આવડવી જોઇએ. પોલોના શોખીન નાનપણથી જ ઘોડેસવારી ખીલવે છે. અને એ બહાદુર સવારો કોઇ અજબ જોશ અને ઝડપથી જ્યારે મેદાન ખેલે છે ત્યારે રૂંવાં ઉભાં થઇ જાય છે. કટોકટની એ રમતમાં ઘણીવાર જીવનાં જોખમ પણ થાય છે.

ઇંગ્લંડમાં આ રમત ઇ.સ. ૧૮૭૧માં અંગ્રેજની ૧૦મી હુસર્સ પલટને પહેલવહેલી હિંદુસ્તાનમાંથી શીખી દાખલ કરી, અને હવે તો બ્રિટિશ ઘોડેસવાર અમલદારો તેમાં બહુ રસ છે તથા વારંવાર મયદાન ખુંદે છે. ઘણીવાર પલટન પલટન વચ્ચે પોલોના મૅચો રમાય છે.

આ રમતનું મેદાન હિંદુસ્તાનમાં ૧૨૦ વાર લાંબું અને પચાસ વાર પહોળું રાખવામાં આવે છે. એટલા ઘેરાવામાં ઘોડેસવારો વચ્ચે રમતની ત્રમઝટ જામે છે. બીજા દેશોમાં મેદાન એથી નાનાં મોટાં પણ હોય છે. ગોલના ગાળા ત્રીસ ફીટ પહોળા રખાય છે.

જુદીજુદી ભાષાનાં નૂતનવર્ષાભિનંદન

નવું વર્ષ સફળ નીવડો	(ગુજરાતી)
મંગલદાયી નવસંવત્સરમ્	(સંસ્કૃત)
ગ્લુકલીચ ન્યુ જાહર	(જર્મન)
સુખદાયક નવેં વર્ષ	(મરાઠી)
ફેલીસ નુવ્હા લાઆનો	(ઈટાલિયન)
ન્યુ સાલ જી મુબારક	(સિંધી)
બીઆટુસ આનુસ નોવુસ	(લૅટિન)
સાલ મુબારક	(ફારસી)
શુભ હોસા વરૂષવાગલી	(કાનડી)
સુખી નૂતન બત્શર	(બંગાળી)
ઓ ફેલીઝ નોવો આનો	(પોર્તુગીઝ)
ખાસ્સો ડી	(કચ્છી)
યુ હેરો બોં આં	(ફ્રેંચ)
બાગા ચાડાદા દિનમુ	(તેલુગુ)
નલ્લા હેડાત્ત દિનમ	(તામીલ)
એ હૅપી ન્યૂ ઇઅર	(અંગ્રેજી)

પરદેશના પત્રો — (અનુસંધાન પાછળ પાન ૪૮૯ થી)

વિમાનો બનાવતાં તેઓ શીખી ગયાં હોય છે. મોટર હાંકતાં શીખવું એ તો તેમને માટે રમત છે. આપણે ત્યાં ખેડુતનો દીકરો જેટલી સહેલાઇથી બળદને હાંકે તેટલી સહેલાઇથી તેઓ મોટર હાંકે છે. ચૌદપંદર વરસના કેટલા યે છોકરા ભર રસ્તે મોટર હાંકે છે, અને લાયસેન્સ ન હોવા છતાં ઑફિસથી મોટરને ઘેર પાછી લઈ જતાં તેઓ અચકાતા નથી . . . .

. . . અમારા મિત્ર ભાઇ મજુમદાર અને મિસિસ વિલ્સનને મેં કુટુંબનાં માણસોમાં ગણાવ્યાં છે; જોકે ખરી રીતે જોતાં તેઓ બંને કામ કરનાર નોકરો છે. છતાં નોકર તરીકે રહેવાથી તેઓ કુટુંબનાં માણસ મટી જતાં નથી. દરેક નવા આવનાર સાથે બીજાઓની જેમ તેમની પણ ઓળખાણ કરાવવામાં આવે છે અને બીજાઓની જેમ તેઓ પણ એક જ ટેબલ પર સૌની સાથે બેસીને જમે છે. આ અહીંની સભ્યતા છે. ઇંગ્લંડમાં એ શકય નથી; આપણા દેશમાં તો અશકય જ છે; પણ અહીં તે સામાન્ય છે. હું આને આ દેશની સૌથી મોટી સંપત્તિ સમજું છું. માનવનું ગૌરવ આ દેશમાં જેવું સચવાય છે તેવું, મને લાગે છે, પૃથ્વીના પડ પર બીજા કોઇ દેશમાં નહિ સચવાતું હોય. સૌ મનુષ્ય સમાન છે તે જીવનમાં અહીં જોવા મળે છે. 'મિ. મજુમદાર, ચામાં લીંબુ જોઇશે કે દુધ?' 'મિસિસ વિલ્સન, તમે ચા લેશો કે કૉફી?' એ વિનય જોઇ ઉચ્ચનીચ અને મોટા નાનાના ભેદમાં ઉછરેલા માણસનું હૈયું હાથમાં રહેતું નથી.

. . . ગઇ કાલે સાંજે આકાશમાં અમે ઉત્તરધ્રુવ પ્રકાશ (The Northern Light) જોયો. આ પ્રકાશ પૃથ્વીના ઉત્તરાર્ધમાં વસતા લોકોને જ દેખાય છે. તે આકાશગંગા જેવો ઝાંખો હોય છે, પણ સર્ચલાઈટની માફક તેના કિરણસમૂહો આકાશમાંથી ફુટી નીકળે છે અને ઝળહળતા અનેક તારાઓની માફક પૃથ્વીને પ્રકાશથી રેલે છે. જાણે કોઇ સ્વર્ગીય નાટકની તૈયારી થતી ન હોય એવું દૃશ્ય લાગે છે. શહેરમાં વસનારાઓ એમના વિજળિક દીવાઓની ભભકને લીધે આ ઝાંખા પ્રકાશને બરાબર નિહાળી શકતા નથી. ચંદ્રની જ્યોત્સના પણ તેમની અંજાએલી આંખોએ ફિક્કી લાગે છે. પણ ગામડાંઓમાં કે દરિયાકિનારે રહેનાર માનવો કુદરતની આ લીલા જોઈ એની સાથે એકતાર બને છે અને સરજનહારની અનંત શક્તિનું ભાન કરે છે. —**નંદલાલ શાહ** (પ્રસ્થાન)

મૅજીસ્ટ્રેટ—ગુનેહગારે તમને પહેલો ઠોંસો માર્યો; પછી?

ફરિયાદી—પછી તેણે ત્રીજો ઠોંસો માર્યો.

મૅજીસ્ટ્રેટ—ત્રીજો ઠોંસો? તમે એમ કહેવા માગો છો ને કે એણે બીજો ઠોંસો માર્યો?

ફરિયાદી—ના સાહેબ, ત્રીજો ઠોંસો. કેમકે બીજો ઠોંસો એને મારેલો.

નાની સરખી પોટલી લઇ ટ્રેનમાંથી ઉતરેલા એક ગૃહસ્થ મજુરને બુમો પાડતા હતા, એવામાં એક પુરુષે આવી તેમની પોટલી ઉપાડી લીધી ને સાથે ચાલ્યા. ધારેલે સ્થળે પહોંચ્યા પછી પેલા ગૃહસ્થે મજુરીના પૈસા પુછતાં પેલા પુરુષે કહ્યું, 'હું મજુર નથી. મારૂં નામ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર છે. આપની પોટલીમાં કંઈ ભાર ન હતો.' બંગાળના પ્રસિદ્ધ વિદ્વાને આપેલા આ પાઠથી પેલા મિથ્યાભિમાની ગૃહસ્થની સાન ઠેકાણે આવી ગઇ.

સરખા શબ્દો: પાસ=(૧) પાસે, નજીક; (૨)ની માલિકીમાં. પાશ=(૧) રંગની અસર; (૨) ફંદો, ફાંસો.

'આ મનુ શાહી પી ગયો; હવે હું શું કરૂં?' પત્નીએ ગભરાટમાં પુછ્યું.

'પેન્સિલથી લખ; એમાં પુછે છે શું?' છાપામાંથી ઉંચું જોયા વિના જ પતિએ જવાબ આપ્યો.

દાંતે લુણ જે વાપરે, કવળે હણું ખાય;
ડાબું પડખું દાબી સુએ, તે ઘર વૈદ ન જાય.

૨૫મી ડિસેમ્બર: મહમ્મદ અલી ઝીન્હાની જન્મતિથિ.

કપુર વાટીને ઘી સાથે ઘામાં ભરી દેવાથી પીડા થશે નહિ ને પાકશે પણ નહિ. કપુર બારીક વાટીને વડના દુધ સાથે કાલવીને આંજવાથી ઘણા વખતનું ફુલું મટે છે એમ કહેવાય છે.

ડુંગળીના રસ વડે લખેલો કાગળ કોરો જ જણાશે; પછી કાગળને સહેજ ગરમ કરશો એટલે અક્ષરો પ્રગટ થશે.



દોરી ટુંકી હોય ને મોટું બંડલ સહેલાઇથી ઉપાડી જવું હોય તો આ રસ્તો લેજો.



કાગળ કાપીને કરેલી એક આકૃતિ.

પટોળાં પાટણથી મંગાવવાં; ભરતકામ સુરતથી વસાવવું; ખડબુચાં અમદાવાદથી આવે છે; સુતરફેણી ખંભાતની સારી; મગફળીનો પાક દાહોદમાં ઘણો; થાપડા ભાવનગરના વખણાય છે; સોપારી માંગરોળનાં મજાનાં; હળદર વીસનગરની.

છરી-ચપ્પુના ઢીલા પડી ગએલા હાથા બહાર કાઢી, સાફ કરી, લાલ તપાવીને ફટકડી કે બેરજાના ભુકામાં બોળી ફરી બેસાડી દો; સજ્જડ ચોંટી જશે.

સરસવ ને સીંધાલુણ ઘસવાથી દાંતના રોગ મટે છે.

એક કરોળિયો સવા બે માઇલ લાંબો જાળનો તાંતણો કાઢી શકે છે.

હિંદમાં બધાં મળીને ૪૬૦૦ છાપખાનાં છે. તેમાંનાં ૬૬૭ બંગાળમાં, ૧૨૧૩ મદ્રાસમાં, ૭૭૫ મુંબાઈ ઇલાકામાં, ૭૦૩ સંયુક્ત પ્રાંતમાં, ૪૩૩ પંજાબમાં, ૩૦૦ બર્મામાં, ૧૦૬ બિહાર-ઓરિસામાં, ૪૬ આસામમાં, ૨૨ અજમેર-મેવાડમાં, ૧૬ પશ્ચિમોત્તર-સીમાપ્રાંતમાં ને ૨ કુર્ગમાં છે. બાકીનાં થોડાંક છુટાંછવાયાં છે.

ઈશ્વરે આપણને કાન બે આપ્યા ને જીભ એક જ આપી તેનું રહસ્ય એ છે કે સાંભળો ઝાઝું, પણ બોલો થોડું ને વિચારપૂર્વક. સાંભળ્યું તેટલું બધું બોલી નાખવું એ જોખમભરેલું છે.

સૂર્યનાં કિરણો પાણીમાં માત્ર ૩૦૦૦ ફુટ ઉંડે જઈ શકે છે. એથી વધારે ઉંડે તદ્દન અંધકાર હોય છે; પણ ત્યાં વસતાં પ્રાણીઓ દેખી શકે એ માટે પ્રભુએ તેમનાં શરીર ચળકતાં બનાવ્યાં છે.

કેટલાંક પક્ષીઓની દૃષ્ટિ એટલી તીક્ષ્ણ હોય છે કે ૩૦૦–૪૦૦ ફુટ દૂર લીલા પાંદડા પર બેઠેલા લીલા કીડાને પણ જોઇ શકે છે.

ફીજી ટાપુઓ દર વર્ષે પાંચ લાખ કરતાં વધુ કેળાંની લુમો નિકાસ કરે છે.



પૃથ્વી પરથી ચંદ્ર આવો દેખાય છે: ચંદ્ર પરથી પૃથ્વી જોઇએ તો આવી દેખાય.